Website : www.rakhewaldaily.com
Email : rakhewal@gmail.com

# રખેવાળ

ઉત્તર ગુજરાતનું પ્રથમ દૈનિક

વર્ષ : ૩૪ ● અંક : ૧૨૯
તા.૧૪-૦૬-૨૦૧૮, ગુરૂવાર
સંવત ૨૦૭૪ જેઠ સુદ - ૦૧
પાના : ૮ ● કિંમત રૂા.૨-૦૦

સૂર્યોદય : ૦૫:૫૪ સૂર્યાસ્ત : ૦૭:૨૫

| તાપમાન | | | |
|---|---|---|---|
| ડીસા | ૪૦.૪ | વડોદરા | ૩૯.૪ |
| અમદાવાદ | ૪૦.૬ | સુરત | ૩૫.૦ |
| ગાંધીનગર | ૪૦.૨ | નલિયા | ૩૫.૪ |

ચાંદી : ૪૦૫૦૦ સોનું : ૩૧૭૦૦

P.R.No. GBK/06/2018-20 RNI No 20508/71
Facebook.com/rakhewal

સંવર્ધક તંત્રી : અમૃતભાઈ શેઠ પો.બો. નં. ૧, માનવ મંદિર - ડીસા, ફોન : ૨૨૦૨૬૪, ૨૨૨૭૬૪ ફેકસ : (૦૨૭૪૪) ૨૨૦૬૮૪ પાલનપુર ફોન-૨૫૩૦૦૪, અમદાવાદ ફોન. ૨૬૪૦૭૧૪૭ જનસેવાની પરંપરાના ૩૩ વર્ષ...

# કૉંગ્રેસે અડવાણીને મોદી કરતાં વધુ સન્માન આપ્યું : રાહુલ

## વિચાર વૈભવ...

હેર- કટિંગ સલૂનમાં ૧૨ વરસનો છોકરો દાખલ થયો અને ખુરશી પર બેસી ગયો.

હજામે એની પાસે આવીને પૂછ્યું,

'વાળ કેવા કાપવાના છે?'

'વાળ નથી કાપવાના '

'તો?'

'દાઢી કરવાની છે'

છોકરાની વાત સાંભળતા જ હજામને ખ્યાલ આવી ગયો કે છોકરો મારી મજાક કરવા જ અહીં આવ્યો છે. હજામે મોઢુ બગાડ્યા વિના છોકરાના મોઢા પર સાબૂ લગાડવાનું શરૂ કર્યું. સાબૂ લગાડી દઈને એ બીજા ઘરાકોના વાળ કાપવાના કામમાં લાગી ગયો.

'મારી દાઢી ક્યારે? છોકરાએ પૂછ્યું.

'વાળ ઊગવાની રાહ જોઉં છું' હજામે જવાબ આપી દીધો.

*****

કૂતરાની સામે માણસ કૂતરા જેવો થતો નથી એ તો સમજાય છે, ગણેડાની સામે માણસ ગધેડા જેવો થતો નથી એ ય સમજાય છે પણ સજ્જન સામે સજ્જન જેવો ન બનતો માણસ દુર્જન સામે દુર્જન જેવો કેમ બની જાય છે એ સમજાતું નથી. શું પોતાની અંદર પડેલ દુર્જનતાને બહાર લાવવા એ કોક ને કોક નિમિત્તની રાહ જ જોતો હશે? યાદ રાખજો, 'થાય તેવા થઈએ તો ગામ વચ્ચે રહીએ' આ સૂત્ર સજ્જનતાના ક્ષેત્રે અમલી બનાવવા સર્જાયું છે. બદમાશી મનની જુઓ. દુર્જનતાના ક્ષેત્રે એણે એ સૂત્રને અમલી બનાવવાનું શરૂ કરી દીધું છે.

શ્રીમદ્ વિજય રત્નસુંદરસૂરીશ્વરજી મહારાજ

## સાર સમાચાર...

### રિલાયન્સ બિગ ટીવી પાંચ વર્ષ તમામ ચેનલો મફત આપશે

અમદાવાદ

ટેલિકોમ ક્ષેત્રમાં જીયોની સફળતા બાદ હવે ક્ષેત્રમાં જીયોનની સફળતા બાદ હવે રિલાયન્સે ડીટીએચના ક્ષેત્રમાં રિલાયન્સ બિગ ટીવી સાથે આગમનની તૈયારી કરી છે. રિલાયન્સ બિગ ટીવીનું ૨૦ મી જૂનના રોજ બુકિંગ શરૂ થવાનું છે. જેમાં ગ્રાહકોને આકર્ષવા માટે દમદાર ઓફરની પણ જાહેરાત કરવામાં આવી છે. ડિરેક્ટ ટુ હોમ સર્વિસમાં જબરદસ્ત પ્લાન રજૂ કરતા ગ્રાહકોને એક વર્ષ માટે તમામ ચેનલ તદ્દન મફત આપવાની જાહેરાત થઈ છે. આ માટે રિલાયન્સે દેશભરની ૫૦ હજાર પોસ્ટ ઓફિસ સાથે પણ ભાગીદારી કરી છે. જેમાં ગ્રાહકો રિલાયન્સ બિગ ટીવી માટે પોસ્ટ ઓફિસ મારફતે બુકિંગ કરાવી શકશે.

રિલાયન્સ બિગ ટીવીના પ્લાનમાં કંપની ૫૦૦ ફ્રી ટુ એર ચેનલોને ૫ વર્ષ માટે મફતમાં

અનુસંધાન પાના નં.૬

## ગતકડું....

- દેવન વ્યાસ



આપણને પુરતી માતૃભાષા પણ નથી આવડતી અને છોકરાઓને અંગ્રેજી શીખવવાના અભરખા...!!!

## મુંબઈમાં કૉંગ્રેસના કાર્યકર્તાઓને સંબોધતા રાહુલના ભાજપ અને વડાપ્રધાન મોદી પર જોરદાર પ્રહારો

મુંબઈ

કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધીએ મુંબઈમાં કોંગ્રેસના કાર્યકર્તાઓને સંબોધ્યા. સંબોધનમાં રાહુલે બીજેપી અને પીએમ મોદી પર જોરદાર નિશાન સાધ્યું. રાહુલે કહ્યું, "જેવી રીતે મુંબઈ તમામ ક્ષેત્રના લોકોનો ખ્યાલ રાખે છે અને તમામ લોકો એકસા મળીને કામ કરે છે, તેવી જ રીતે કોંગ્રેસ પાર્ટી સમાજના તમામ ક્ષેત્રોનો ખ્યાલ રાખે છે અને એક વિશાળ ભારતના નિર્માણ માટે કાર્ય કરે છે. રાહુલે કહ્યું કે, અડવાણીજી મોદીજીના ગુરૂ છે પરંતુ તેઓ તેમનું સન્માન કરતા નથી. રાહુલે એમપણ કહ્યું કે લોકસભા ચૂંટણી ૨૦૧૯માં તમામ વિરોધપક્ષો ભેગા મળીને બીજેપીને હરાવશે.

રાહુલે કહ્યું, "બીજેપી તાજેતરમાં કર્ણાટકમાં ચૂંટણી હાર્યું છે અને ગુજરાત ચૂંટણીમાં પણ પાર્ટી પોતાને માંડ બચાવી શકી હતી. રાજસ્થાન, મધ્યપ્રદેશ અને છત્તીસગઢમાં પણ પાર્ટીનો ખાત્મો થશે અને આગામી લોકસભા ચૂંટણી ૨૦૧૯માં પણ કોંગ્રેસ અને તમામ વિરોધી પાર્ટીઓ ભેગા થઈને બીજેપીને હરાવીશું. રાહુલે કહ્યું કે, એક વરિષ્ઠ અનુસંધાન પાના નં.૬

## વાજપેયીની તબિયતમાં સુધારો : રિકવરી નોંધાઈ

નવીદિલ્હી



ભૂતપૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપેયીની તબિયત માં સુધારો થયો છે. ઝડપી રિકવરી થઇ રહી છે. એમ્સના ડિરેક્ટરનું કહેવું છે કે, વાજપેયીને ટૂંક સમયમાં જ હોસ્પિટલમાંથી રજા આપવામાં આવશે. છેલ્લા ૪૮ કલાકમાં નોંધપાત્ર સુધારો થયો છે. એમ્સના ડિરેક્ટર રણદીપ ગુલેરિયાએ કહ્યું છે કે, ૯૩ વર્ષીય વાજપેયીની તબિયત સુધારા ઉપર છે. યુરિન આઉટપુટ લો હોવાના કારણે તેમના ઉપર નજર રાખવામાં આવી રહી છે. ૧૧મીએ વાજપેયીને દિલ્હી સ્થિત ઓલ ઈન્ડિયા ઈન્સ્ટીટ્યુટ ઓફ મેડિકલ સાયન્સમાં દાખલ કરવામાં આવ્યા હતા. વાજપેયીને રૂટિન ચેકઅપ માટે એમ્સમાં લઈ જવામાં આવ્યા હતા. તેમની સ્થિતિ સામાન્ય છે અને ટૂંકમાં જ રજા આપી દેવામાં આવશે.

### જમીન દફતર કચેરીએ માર્કિંગમાં છબરડા માર્યા

## લડબી નદીના વહેણને અવરોધરૂપ મેડી પોલીસ પર પણ તંત્રનું માર્કિંગ



સંજય જોશી

### ભૂગર્ભ ગટર યોજનાના બહાને લડબીનું વહેણ જ પાલિકા એ બદલી નાખ્યું હતું

પાલનપુર

પાલનપુર શહેરના મધ્ય ભાગમાં થી પસાર થતી અને નવાબી કાળની લડબી નદીને લુપ્ત કરવામાં વહીવટી તંત્રથી માંડી અને બિલ્ડરો અને ભૂમાફિયાઓને સૌથી મોટો હાથ હતો. પરંતુ પાલનપુરની જનતા જાગી અને જન અભિયાન આદર્યું ત્યારે હવે સરકાર અને તંત્ર જાગ્યું છે. અને તંત્રને લડબી નદીના રીસર્વે કરવા મજબૂર કર્યું હતું. સચ્ચાઈ હતી લડબી નદી હતી અને બિલ્ડરો અને ભૂમાફિયાઓને આ લડબી નો પટ્ટ વેંચી દેવામાં આવ્યો હતો બિલ્ડરો દ્વારા લડબી નદીના પટમાં દબાણો કરી અને લડબી નદીનું સમગ્ર વહેણ અટકાવી દીધું હતું ત્યારે તંત્રએ હવે સર્વે કરી માપણી સીટ બનાવી અને દબાણો ઉપર માર્કિંગ કર્યા છે.

ગત વર્ષે જે પૂર આવ્યું તેમાં પાલનપુર બેટમાં ફેરવાઈ ગયું હતું પાલનપુરના સીમાડે જે મેડી પોલીસ સ્કીમ બની રહી છે તે આખી દિવાલ જે પ્રકારની ઉભી કરાઈ છે તે લડબી નદીના વહેણમાં છે અગાઉ તંત્રએ આ વહેણને બતાવ્યું નહોતું અને નગરપાલિકાએ મૂળ વહેણને ફેરવી નાખ્યું હતું.

અનુસંધાન પાના નં.૬

## ગઢ ફાયરીંગ કેસમાં પાટીદારોના આમરણાંત ઉપવાસ આંદોલનનો અંત

### તંત્રની ખાત્રી બાદ ધરણાં સમેટાયા

પાલનપુર



સંજય જોશી

પાટીદાર આંદોલન ટાણે પાલનપુર તાલુકાના ગઢ ગામના ૨ પાટીદાર યુવકો ફાયરીંગમાં માર્યા ગયા હતા. જે યુવકના પરિવારજનોએ ન્યાયિક લડત માટે આમરણાંત ઉપવાસ આંદોલન આદર્યું હતું. જે તંત્રની ખાત્રી બાદ આજે સમેટી લેવાયું હતું.

પાટીદાર સમાજના લોકોના ધરણાં મુદ્દે તંત્રએ ઘટતી કાર્યવાહી કરવાની ખાત્રી આપતા અંતે બુધવારે સાંજે ઉપવાસીઓને પારણા કરાવવામાં આવ્યા હતા. આ અંગે સૂત્રોએ જણાવ્યું હતું કે, યુવકો ઉપર ફાયરિંગ કરનારા ગઢ પોલીસ મથકના અધિકારી કર્મચારી સામે એફઆઈઆર નોંધાયેલી છે અને સમગ્ર મામલો કોર્ટમાં છે. ત્યારે ચુકાદો આવ્યા બાદ કાર્યવાહીની ખાત્રી આપવામાં આવી હતી. આ ઉપરાંત પાટીદારો સામેના કેસ અંગે

અનુસંધાન પાના નં.૬

### ન્યાય નહીં મળે તો ઉગ્ર આંદોલન છેડાશે : હાર્દિક પટેલ



પાટીદાર આંદોલન સમયે પાલનપુર તાલુકાના ગઢ ગામમાં પોલીસ ફાયરિંગમાં બે પાટીદાર યુવકોના મોત થયા હતા. જે મામલે ન્યાય ન મળતા મૃતકના પરિવારજનો આમરણાંત ઉપવાસ પર ઉતર્યા હતા. ત્યારે આજે હાર્દિક પટેલે પાલનપુર આવી પાલનપુરના ધારાસભ્ય મહેશ પટેલ સાથે ઉપવાસી છાવણીની મુલાકાત લઈ પરિવારજનોને આશ્વાસન આપ્યું હતું. હાર્દિક પટેલે સરકાર પર ચાબખા માર્યા હતા. પોલીસ દમન અને સરકારની પાટીદાર વિરોધી નીતિને કારણે પાટીદારોને અન્યાય થઈ રહ્યો હોવાનું જણાવ્યું હતું. જો આગામી સમયમાં પાટીદારો પર થયેલા પોલીસ કેસ પાછા નહી ખેંચાય અને મૃતક પાટીદાર યુવાનોને ન્યાય નહી મળે તો આવનારી લોકસભાની ચૂંટણી માટે સરકારને કપરા ચઢાણ ચઢવા પડશે તેવી ચીમકી હાર્દિક પટેલે ઉચ્ચારી હતી.

## પાલનપુર નગરપાલિકામાં ભાજપનું રાજ યથાવત : નવા પ્રમુખ - ઉપપ્રમુખ ચૂંટાયા

### પ્રમુખ-ઉપપ્રમુખના ભાજપના ઉમેદવારો ૨૩ વિરૂધ્ધ ૧૯ મતથી ચૂંટાયા : કૉંગ્રેસના ૨ નગરસેવકો ગેરહાજરીથી તર્કવિતર્ક





સંજય જોશી

પાલનપુર

ભાજપ શાસિત પાલનપુર નગરપાલિકાના પ્રમુખ-ઉપપ્રમુખની આજરોજ ચૂંટણી યોજાઈ હતી. જેમાં પ્રમુખપદે અશોક ઠાકોર અને ઉપપ્રમુખપદે હેતલબેન રાવલ ૨૩ વિરુદ્ધ ૧૯ મતથી ચૂંટાઈ આવ્યા હતા. જોકે, દાગી અને દંબગ નેતાને પ્રમુખ બનાવીને ભાજપે પોતાની ક્રિમિનલ માનસિકતા છતી કરી હોવાના પ્રહારો વિપક્ષ કૉંગ્રેસે કર્યા હતા.

પાલનપુર નગરપાલિકા પ્રમુખ-ઉપપ્રમુખની ચૂંટણી નાયબ કલેક્ટર એ.ડી.જોશીના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી. જેમાં ભાજપના પ્રમુખપદના ઉમેદવાર અશોક ઠાકોર અને ઉપ પ્રમુખપદના ઉમેદવાર હેતલબેન રાવલ પોતાના પ્રતિસ્પર્ધીઓ (કૉંગ્રેસના પ્રમુખપદના ઉમેદવાર ચંપક પરમાર અને ઉપપ્રમુખપદના ઉમેદવાર ઈબ્રાહિમ એ.સિંધી) સામે ૨૩ વિરુદ્ધ ૧૯ મતથી ચૂંટાઈ આવ્યા હતા. ભાજપના ઉમેદવારો ચૂંટાઈ આવતા ભાજપ સમર્થકો ગેલમાં આવી ગયા હતા. ચૂંટાયેલા પ્રમુખે ભાજપ મોવડી મંડળ અને સભ્યોનો આભાર માન્યો હતો.

નવનિયુક્ત પ્રમુખ-ઉપ પ્રમુખે ભાજપ મોવડી મંડળનો આભાર વ્યક્ત કરતા પોતાની પસંદગીને સાર્થક કરી બતાવવાની ખાત્રી આપી હતી. અને પાલનપુરમાં વિકાસના કાર્યો કરવાની ખાત્રી આપી હતી.

આમ, પાલિકા પ્રમુખની સામાન્ય સીટ પર ભાજપે ઓ.બી.સી. ઉમેદવારની પસંદગી કરી છે. ત્યારે લોકસભાની ચૂંટણી પર તેની અસર પડે તેવા અણસાર વર્તાઈ રહ્યા છે.

### ભાજપની ક્રિમિનલ માનસિકતા

આજની સભામાં કૉંગ્રેસના બે નગરસેવકો ગુલશનબેન ચુનારા અને મંજુબેન પટણી ગેરહાજર રહ્યા હતા. જે મામલે વિપક્ષ કૉંગ્રેસના નગરસેવિકા ગુલશનબેન વખારીયાએ ભાજપ હમેશા ખરીદ ફરોખ્તની નીતિ અપનાવતી હોવાનો આક્ષેપ કર્યો હતો. વળી, ભાજપે પ્રમુખપદે કૌભાંડોમાં સંડોવાયેલા દાગી નેતાની કરેલી પસંદગી પરત્વે પ્રતિક્રિયા આપતા વિપક્ષી નગરસેવિકા ગુલશનબેન વખારીયાએ મંત્રી મંડળ સહિત ઉચ્ચ સ્થાનોએ પણ ક્રિમિનલ લોકોને સત્તાસ્થાને બેસાડ્યા છે. ત્યારે પાલનપુરમાં દાગી નેતાની પસંદગી કઈ અચરજ પમાડતી ન હોવાની માર્મિક ટકોર સાથે આ માટે ભાજપની ક્રિમિનલ માનસિકતાને જવાબદાર ગણાવી હતી.

## થરાદના આસોદરમાં સાસરિયાંના કથિત ત્રાસથી પરિણીતાએ આત્મહત્યા કરતાં અરેરાટી

થરાદ



(વિષ્ણુ દવે)

પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું કે કચ્છ જીલ્લાના લખપત તાલુકાના કપુરાશી ગામની પરણિતા ક્રિષ્નાબેન ગઢવીના લગ્ન ૯ વર્ષ પહેલા સમાજના રીત-રિવાજ મુજબ થરાદ તાલુકાના આસોદર ગામના ગોપાલદાન નારણદાન ગઢવી સાથે થયાં હતા.તેમના લગ્નજીવનમાં એક ૭ વર્ષનો પુત્ર મનીષનો પણ જન્મ થયો હતો.ક્રિષ્નાબેન અને તેનો પતિ છેલ્લા બે વર્ષથી જુદાં રહેતા હતા.તેમ છતાં પણ તેણીને શારિરીક માનસિક ત્રાસ આપવામાં આવતો હતો.

છેલ્લા એક વર્ષથી તેના સસરા નારણદાન સોનાજી, પતિ ગોપાલદાન તથા જેઠ શ્રેણીદાન અને દિયર શિવદાન વધારે ત્રાસ આપી પંદરેક દિવસ પહેલાં દિયર તથા જેઠે માર મારી તેડવા આવવા છતાં નહી પતિની દુકાન મોરીલા ગામે હોઈ ત્યાં જવાનું કહેતાં જવા નહી દઈ મારકુટ કરતા હતા.આથી તેમના ત્રાસથી કંટાળીને ક્રિશ્નાબેને ગત ૧૧ જુનની રાત્રીના સુમારે ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી.આ બનાવના જાણ થતાં તેનો પિયરપક્ષ આસોદર આવી થરાદ પોલીસને જાણ કરતાં પીએસઆઈ ડીએન શર્મા દોડ્યા હતા. ક્રિષ્નાબેનને રેફરલ હોસ્પિટલમાં લવાઈ હતી.

જ્યાં તબીબોની પેનલ દ્વારા પીએમ કરવામાં આવ્યું હતું. આ બનાવની પરિણિતાના ભાઈ અમૃતદાન નાગરદાન ગઢવીએ થરાદ પોલીસ મથકમાં ફરીયાદ નોંધાવતાં પોલીસે તેના સસરા,પતિ અને દિયરતથા જેઠ સામે મહિલા અત્યાચાર અને દુષ્પ્રેરણનો ગુનો દાખલ કરી વધુ કાર્યવાહી હાથ ધરી હતી. આ બનાવથી થરાદ પંથકમાં અરેરાટી સાથે ચકચાર મચવા પામી હતી.

અનુસંધાન પાના નં.૬



**સૂર્યોદય - ૫.૫૪ સૂર્યાસ્ત - ૭.૨૫**

## તિથિદર્શન
જેઠ સુદ-૧ ગુરૂવાર ૨૦૭૪




વિક્રમ સંવત : ૨૦૭૪, શા.શકે-૧૯૩૯, નામ સંવત્સર :હેમલંબી નામ વીર જૈન સંવત ૨૫૪૪ જેઠ સુદ : એકમ ગુરૂવાર નક્ષત્ર:મૃગશીર્ષ યોગ :ધૃતી કરણ:ચતુષ્પાદ આજે જન્મેલા બાળકની રાશી મિથુન (ક.છ.ઘ.)અક્ષરો ઉપર પાડવું શાસ્ત્રોકત છે.

- જયોતીષી બંસીલાલ એચ.લોધા

## આપની આજ
- કનકચંદ્ર છગનલાલ વ્યાસ

**મેષ : (અ.લ.ઈ.)કાર્યક્ષેત્રમાં સાવધાની જરૂરી બને. ભાઇબહેનથી મતભેદ સર્જાય.**
**વૃષભ : (બ.વ.ઉ.)ઉતાવળીયો નિર્ણય ન કરવો હિતાવહ. મનમાં બેચેની અનુભવાય.**
**મિથુન : (ક.છ.ઘ.)જામીન કે સાક્ષી જેવા કાર્યોથી દૂર રહેવું. પડોશીવર્ગ સાથે સંઘર્ષ થાય.**
**કર્ક : (ડ.હ.) નવિન તકોનું સર્જન થાય. ભૌતિક કાર્યોમાં સફળતા મળે.**
**સિંહ : (મ.ટ.) માનસિક ઉશ્કેરાટ અનુભવાય. આરોગ્ય બાબતે સાવધાની હિતાવહ.**
**કન્યા : (પ.ઠ.ણ.)આવક કરતા જાવકનું પ્રમાણ વિશેષ રહે. મહત્વના કાર્યોમાં રૂકાવટ આવે.**
**તુલા : (ર.ત.)નાણાંભીડ ઓછી થાય. દિવસ આનંદમય પસાર થાય.**
**વૃશ્ચિક : (ન.ય.)પ્રવાસ-મુસાફરીના યોગ છે. નવિન ઓળખાણ લાભદાયી નીવડે.**
**ધન : (ભ.ફ.ધ.) જૂના મિત્રોથી લાભ મળે. રચનાત્મક કાર્યોમાં સફળતા મળે.**
**મકર : (ખ.જ.)મોજ-શોખમાં ધન વપરાય. આવકમાં વૃધ્ધિ થાય.**
**કુંભ : (ગ.શ.સ.) સંપત્તિને લગતા કાર્યોમાં સફળતા મળે. મનની મૂંઝવણ દૂર થાય.**
**મીન : (દ.ચ.જ.થ.)શત્રુઓ શરણે આવે. સમાધાનકારી વલણ અપનાવું હિતાવહ. પ્રવાસમાં લાભ.**

## ચિંતન
- સુરેશ પ્રા.ભટ્ટ

દાનોપભોગ વંધ્યા યા સુહદભ્રિ યા ન ભૂજ્યતે
પુંસા યદિ હિયા લક્ષ્મી- અલક્ષ્મી કતમા ભવેત

ભાવાર્થ: 'જે લક્ષ્મી દાનમાં પણ ઉપયોગમાં આવતી નથી કે જેનો મોજશોખમાં પણ ઉપભોગ થતો નથી, વળી તેનો મિત્રો કે સ્વજનો માટે પણ ઉપયોગ નથી આવી પટારામાં જ સચવાયેલી 'લક્ષ્મી' ને કોઈ 'સુલક્ષ્મી' કહેતું હોય તો પછી 'અલક્ષ્મી' - દુર્લક્ષ્મી કોને કહેવી? અર્થાત્ કંજૂસનું ધન કાંકરા સમાન જ હોય છે.

જે ધનપતિ છે- સમૃદ્ધ છે તેણે ધનનો સદ્‌ઉપયોગ દાન- પુણ્ય અને ધર્મકાર્યમાં કરવો જોઈએ. વળી આ ધન ઘર- પરિવાર - કુટુંબીજનો- સ્નેહીજનોને પણ આનંદ- ઉપભોગ- સહાયભૂત થવામાં વપરાતું હોય તો પણ વાજબી જ છે. માણસે પરસેવાની કમાણી એકત્ર કરી હોય તેને 'સુલક્ષ્મી' કહેવાય. આવી લક્ષ્મી દ્વારા જ સત્કાર્યો થઈ શકે છે.

બે નંબરી- કાળા કામ- ભ્રષ્ટાચારથી આવેલી લક્ષ્મી લૂંટારા- ઠગ કે ડૉક્ટરોને જ કામ આવે છે, દવા- રોગ- વ્યસનમાં જ વપરાય છે. આવી લક્ષ્મી કંજૂસના પટારામાં જ પડી રહે છે. આવી લક્ષ્મીને 'અલક્ષ્મી' કહેવાય.

## આજનો દિન મહાન
- યશવંત કડીકર

વિશાળ વ્યોમની નીચે એક પરિવારની ભાવના સેવનાર સિલોનના વતની છતાં ભારતને જ પોતાની કર્મભૂમિ બનાવનાર. બિનભારતીય મિશનરી શ્રી એડવર્ડ વિલિયમ આર્યનાયકમની પુણ્યતિથિ છે. ગાંધીવાદી વિચારસરણીમાં ઓતપ્રોત આ સેવકે આખું જીવન માનવસેવામાં જ વ્યતીત કર્યું હતું. જન્મ ઈ.સ. ૧૮૯૭.

તા. ૧૪/૬/૧૯૬૭ના રોજ એમનું અવસાન થયું.

**તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક - તરૂણ એ. શેઠ**
**માનવમંદિર, ડીસા.** ફોન : ૨૨૦૨૬૪/ ૨૨૨૭૬૪
મુદ્રક : રખેવાળ પ્રિન્ટીંગ પ્રેસ, માનવ મંદિર, ડીસા
**અમદાવાદ ઓફીસ :-** ૧૦૩, અશ્વમેઘ એવન્યુ, મીઠાખળી ફોન ૨૬૪૦૭૧૪૭,મો.૯૪૨૯૧ ૨૨૧૦૫,
**પાલનપુર ઓફીસઃ-** ૧૧૭, એરોમા આર્કેડ, જીલ્લા પંચાયત સામે, ફોન- ૨૫૩૦૦૪ મો.૯૪૨૬૯૪૮૫૪૬

**'રખેવાળ' દૈનિકમાં પ્રસિદ્ધ થતા તમામ સમાચાર, લેખો અથવા પ્રસિદ્ધ થતી કોઈપણ માહિતી કોઈપણ જાતના પૂર્વગ્રહ અથવા દ્વેષભાવ વગર માત્ર જનજાગૃતિના ઉદ્દેશ્યથી પ્રસિદ્ધ કરવામાં આવે છે. તેમ છતાં પ્રસિદ્ધ થયેલ માહિતી કે સમાચાર માટે કોઈને પણ ફરીયાદ હોય તો તે બાબતે આધાર-પુરાવા સાથે ડીસા કાર્યાલયનો સંપર્ક કરવો વાદવિવાદ, કે કાનુની પ્રક્રિયા માટેનું ન્યાયક્ષેત્ર ડીસા રહેશે.**




## તા. ૧૪.૦૬.૨૦૧૮ ના રોજ સ્ટોક માર્કેટ ટ્રેડીંગ સંદર્ભે...

**નિફ્ટી ફ્યુચર ૧૦૯૦૯ પોઈન્ટ મહત્વની સપાટી ....!!!**

**તા. ૧૩.૦૬.૨૦૧૮ ના રોજ નિફ્ટી ફ્યુચર બંધ ભાવ જ ૧૦૮૪૯ પોઈન્ટ :- આગામી સંભવિત નિફ્ટી ફ્યુચર ૧૦૯૦૯ પોઈન્ટના પ્રથમ અને ૧૦૯૧૯ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડીંગ સંદર્ભે ૧૦૮૧૮ પોઈન્ટ થી ૧૦૮૦૮ પોઈન્ટ, ૧૦૭૮૮ પોઈન્ટની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. નિફ્ટી ફ્યુચરમાં ૧૦૯૦૯ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી....!!!**

**તા. ૧૩.૦૬.૨૦૧૮ ના રોજ બેન્ક નિફ્ટી ફ્યુચર બંધ ભાવ જ ૨૬૬૫૧ પોઈન્ટ :- આગામી સંભવિત બેન્ક નિફ્ટી ફ્યુચર ૨૬૭૩૭ પોઈન્ટના પ્રથમ અને ૨૬૮૦૮ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડીંગ સંદર્ભે ૨૬૬૦૬ પોઈન્ટ થી ૨૬૫૭૭ પોઈન્ટ, ૨૬૫૪૭ પોઈન્ટ ની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. ૨૬૮૦૮ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી....!!!**

## હવે જોઈએ અંગત અભિપ્રાયરૂપી ફ્યુચર સ્ટોક...

**HDFC બેન્ક (૨૦૩૧) :- HDFC ગ્રુપ ની અગ્રણી આ કંપનીના શેરનો ભાવ હાલમાં રૂ.૨૦૦૯ આસપાસ પ્રવર્તી રહ્યો છે. રૂ.૧૯૯૬ ના સ્ટોપલોસથી ખરીદવાલાયક આ સ્ટોક ટૂંકા સમયગાળે રૂ.૨૦૪૪ થી રૂ.૨૦૫૩ નો ભાવ નોંધાવે તેવી શક્યતા છે....!! રૂ.૨૦૬૦ ઉપર તેજી તરફી ધ્યાન...!!!**

**HDFC લિમિટેડ (૧૮૩૬) :- ટેકનીકલ ચાર્ટ મુજબ રૂ.૧૮૧૮ આસપાસ પોઝીટીવ બ્રેકઆઉટ..!!! રૂ.૧૮૦૮ ના સપોર્ટથી ખરીદવાલાયક આ સ્ટોક રૂ.૧૮૪૪ થી રૂ.૧૮૫૩ નો ભાવ નોંધાવે તેવી સંભાવના છે...!!!**

**સેન્ચુરી ટેક્ષટાઇલ (૯૩૨) :- રૂ.૯૧૯ નો પ્રથમ તેમજ રૂ.૯૦૯ ના બીજા સપોર્ટથી ટેક્ષટાઇલ સેક્ટરનો રોકાણલક્ષી આ સ્ટોક રૂ.૯૪૪ થી રૂ.૯૫૦ સુધીની તેજી તરફી રુખ નોધાવશે....!!!**

**HCL ટેકનોલોજી (૯૨૬) :- ટેકનોલોજી સેક્ટર નો આ સ્ટોક ટૂંકા ગાળે ટ્રેડીંગલક્ષી રૂ.૯૩૭ થી રૂ.૯૪૫ ના ભાવની સંભાવના ધરાવે છે.!! અંદાજીત રૂ.૯૦૯ નો સ્ટોપલોસ ધ્યાને લેવો....!!!**

**બાટા ઇન્ડિયા (૭૮૦) :- રૂ.૦૫ ની ફેસવેલ્યુ ધરાવતા ફન્ડામેન્ટલ સ્ટ્રોંગ આ સ્ટોક રૂ.૭૬૩ ના સ્ટોપલોસ આસપાસ ખરીદવાલાયક ફૂટવેર સેક્ટર ના આ સ્ટોકમાં તેજી તરફી રૂ.૭૯૩ થી રૂ.૭૯૭ આસપાસ નફાલક્ષી ધ્યાન ઉત્તમ....!!!**

**કોટક બેન્ક (૧૩૨૩) :- ટેકનીકલ ચાર્ટ મુજબ બેન્ક સેક્ટર નો આ સ્ટોક રૂ.૧૩૩૭ આસપાસ નફારૂપી વેચવાલી થકી રૂ.૧૩૧૩ થી રૂ.૧૩૦૯ ના ટાર્ગેટ ભાવની શક્યતા ધરાવે છે. ટ્રેડીંગલક્ષી રૂ.૧૩૪૪ નો સ્ટોપલોસ ધ્યાને લેવો....!!!**

**ઈન્ડીગો (૧૨૧૫) :- રૂ.૧૨૩૭ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૧૨૪૭ ના સ્ટોપલોસે વેચવાલાયક....!! તબક્કાવાર રૂ.૧૨૦૩ થી રૂ.૧૧૯૬ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે....!! રૂ.૧૨૫૦ ઉપર તેજી તરફી ધ્યાને લેશો....!!!**

**સિપ્લા લિમીટેડ (૫૮૧) :- ફાર્મા સેકટરનો આ સ્ટોક છેતરામણા ઉછાળે રૂ.૫૯૭ ના સ્ટોપલોસથી વેચાણલાયક...!! પ્રત્યાઘાતી ઘટાડે રૂ.૫૭૩ થી રૂ.૫૬૭ ના ભાવની સપાટી આસપાસ નફો બુક કરવો....!!!**

**એકસિસ બેન્ક (૫૪૨) :- ટેકનીકલ ચાર્ટ મુજબ બેન્ક સેકટરનો આ સ્ટોક રૂ.૫૬૦ આસપાસ નફારૂપી વેચવાલી થકી રૂ.૫૩૩ થી રૂ.૫૨૭ ના ટાર્ગેટ ભાવની શક્યતા ધરાવે છે. ટ્રેડીંગલક્ષી રૂ.૫૭૩ નો સ્ટોપલોસ ધ્યાને લેવો....!!!**

**રિલાયન્સ ઈન્ફ્રા (૪૪૦) :- રૂ.૪૫૭ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૪૬૦ ના સ્ટોપલોસે વેચવાલાયક આ સ્ટોક તબક્કાવાર રૂ.૪૨૭ થી રૂ.૪૧૪ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે....!!! રૂ.૪૭૩ ઉપર તેજી તરફી ધ્યાને લેશો...!!!**

ખાસ નોંધ : - ડિસ્કલેમર / પોલીસી / શરતો www.nikhilbhatt.in ને આધીન...!!!

# આંજણા યુવક મંડળે એક મહિનામાં ૧૪૦ રાવણાં વ્યસનમુક્ત કર્યા

**સમાજના યુવકોએ મુખ્યમંત્રીની શુભેચ્છા મુલાકાત લઇને પણ ચર્ચા કરી**




પ્રતિનિધિ થરાદ

અન્ય સમાજોને પણ પ્રેરણા આપતી મારવાડી આંજણા યુવક મંડળની મહેનત અને ધગશ રંગ લાવતાં બે મહિના પહેલાં જ નશામુક્ત સમાજ સુખી સમાજ તથા વ્યસનમુક્ત સમાજનું નિર્માણ કરવાના પૂજ્ય બ્રહ્મલીન મહંત શ્રી ૧૦૦૮ દયારામજી મહારાજના મંત્રને સાર્થક કરવા બનાસકાંઠાના પાંચ તાલુકાઓમાં વસતા સમાજને વ્યસન તથા મૃત્યુભોજથી મુક્ત કરાવવાનું અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું.જેમાંમંડળે ૧૪૦ પ્રસંગ વ્યસન મુકત કરવામાં અણધારી સફળતા મેળવી હતી.તેમાંય થરાદ તાલુકાના પેપર.લુવાણા, જાડરા ,દિપડા જેવા ગામોના પ્રસંગ તો ૧૦૦% વયસનમુકત કરાવ્યા હતા.

અને જે પ્રસંગ વ્યસન મુકત થાય છે તે વ્યકિત કે પરિવારનો ખોટો ખર્ચ બચાવીને સમાજમાં ચાલતી શૈક્ષણિક સંસ્થાઓમાં યથાશક્તિ પ્રમાણે દાન અપાવવામાં સફળતા મેળવી હતી.થરાદના યુવા અગ્રણી થાંનાભાઇ પટેલે જણાવ્યું હતું કે દાતાઓ આગામી સત્રમાં મોટામેસરા ગામે કન્યા સ્કૂલ અને કન્યા છાત્રાલય ચાલુ થઈ રહી છે તેમાં ઉદાર હાથે દાન આપી રહ્યા છે..આ મંડળ દ્વારા આવનારા ટૂંક સમયમાં સમાજની મોટી મીટિંગનું આયોજન કરવામાં નિર્ણય લેવાયો છે.જેમાં ૧૦૦% સમાજ વ્યસનમુકત બને ,મૃત્યુભોજ તથા બાલ લગ્ન બંધ થાય અને કન્યાઓ વધુમાં વધુ શિક્ષીત બનાવાય તેના ઉપર ખાસ ભાર મુકવામાં આવશે.અત્રે નોંધનીય છેકે બનાસકાંઠાનો મારવાડી આંજણાચૌધરી સમાજ વસ્તીની દષ્ટીએ થોડો નાનો પણ આર્થિક રીતે સુખીસંપન્ન સમાજ તરીકેની ગણના થાય છે. **અનુસંધાન પાના નં.૬**

# ભુજમાં શૂન્ય છાયા દિનની વિશિષ્ટ ઉજવણી કરાઈ

**ભુજ ખાતે આજે બપોરે ૧૨.૫૧ કલાકે અચાનક પડછાયો ગાયબ થઈ જતાં કુતુહલ સર્જાયું હતું**

ભુજ

કચ્છ એસ્ટ્રોનોમી ક્લબ દ્વારા કચ્છી લેવા પટેલ કન્યા વિદ્યા મંદિર ખાતે આશરે ૨૦૦ વિદ્યાર્થીનીઓ શૂન્ય છાયા દિનની વિરલ ઘટનાની સાક્ષી બની હતી.

શરૂઆતમાં ક્લબના પ્રમુખ નરેન્દ્ર ગોર "સાગર" એ પૃથ્વી પરના અક્ષાંશ, રેખાંશ, દિનની વધઘટ, પૃથ્વીની ધરીનું નમન જેવી બાબતો સમજાવતાં જણાવ્યું હતુ કે, સુર્ય દરરોજ બપોરે માથા ઉપર આવતો નથી, પરંતુ કર્કવૃત અને મકરવૃત વચ્ચેના સ્થળો ઉપર વર્ષમાં બે વખત જ સુર્ય એક્દમ માથા ઉપર આવે છે. અને ત્યારે શૂન્ય છાયા દિનની ઘટના સર્જાય છે. ખરેખર પડછાયો ગુમ થતો નથી પરંતુ જ્યારે સુર્ય ૯૦ ના ખૂણે આવે છે ત્યારે સીધા પદાર્થનો પડછાયો તેના પાયામાં જ પડતો હોવાથી દેખાતો નથી. આ ઘટનાનો પ્રત્યક્ષ નિદર્શન શાળાના મેદાનમાં ગોઠવવામાં આવ્યુ હતુ. ધીરે ધીરે ટૂંકો થતો પડછાયો નિર્ધારિત સમયે ગુમ થઈ જતાં ઉપસ્થિત સૌએ તાળીઓ પાડી ખગોળ - ભૂગોળની ઘટનાને વધાવી લીધી હતી. નિશાંત ગોરે પૂરક માહીતી આપી હતી. શાળા પરિવારના ખુશ્બુબેન, જયાબેન વિગેરેએ સહયોગ આપ્યો હતો.

માધાપર ખાતે જિલ્લાના હાઈસ્કુલનાં ગણિત વિજ્ઞાનના શિક્ષકોના સેમિનારમાં ક્લબના સભ્ય ઉમેશ ચૌહાણ દ્વારા ૨૦૦ જેટલા શિક્ષકોને પ્રત્યક્ષ નિદર્શન દ્વારા આ ઘટનાની વૈજ્ઞાનિક જાણકારી આપવામા આવી હતી. આર ડી વરસાણી કુમાર વિદ્યાલય માં લાકડીઓ ખોડી આ પ્રયોગ કરવામાં અઆવ્યો હતો, તૌ કિશન સોલંકીએ તેમની સોસાયટીના રહેવાસીઓને શૂન્ય છાયા દિનની ઘટનાના સાક્ષી બનાવ્યા હતા.

# કાંકરેજ તાલુકાના તાણા(થરા)ની તપોવન વિદ્યાલયમાં વાલી સ્નેહમિલન યોજાયું




તા.પ્રતિનિધિ થરા

કાંકરેજ તાલુકાના તાણાના સદભાવના સામાજીક સુરક્ષા એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત શ્રી તપોવન વિદ્યાલયમાં વાલી સંમેલન પ.પૂ.સ્વામી શ્રી નિજાનંદબાપુ (બ્રહ્મચારી આશ્રમ, ગોતરકા) ના વરદ હસ્તે દિપ પ્રાગટ્ય કરી શુભારંભ કરવામાં આવ્યું. શાળા સ્ટાફે સ્વાગત ગીત રજુ કરી મહેમાનોને આવકાર્યા હતા. પધારેલ મહેમાનોનું ફુલ, શાલથી સન્માન પ્રમુખ પ્રકાશભાઈ દરજી તથા શાળા સ્ટાફે કરેલ. શાળાની આછેરી ઝલક કેમ્પસ ડાયરેક્ટર પ્રહલાદભાઈ ઠક્કર(ઉણવાળા) એ આપેલ. પ.પૂ.સ્વામી શ્રી નિજાનંદ બાપુએ આશીર્વચન આપેલ અને બાળકોને ભણાવી જરૂરી જ્ઞાન વાલીઓએ આપવું પડશે. બાળક મહેનતથી કંઈક કરી બતાવે તેવું જતન કરવું પડશે. ભણતર વિના ઘડતર નહીં. વર્ષો પહેલાં આમ પ્રજાને શિક્ષણ મળતું ન હતું. ફક્ત રાજાના પુત્રને શિક્ષણ આપવામાં આવતું હતું, અત્યારે બાળક ને બહાર ભણવા જવાની જરૂર નથી આપણા ઘર આંગણે આ સંસ્કારધામ જેવી વિદ્યાલયો શિક્ષણ પુરૂં પાડે છે. આ વિદ્યાલયના પ્રમુખો આચાર્યોએ આપણા બાળકો માટે પૈસાનું વાવેતર કર્યું છે. તે તેનો સદુપયોગ કરી બાળકને વિશ્વ લેવલે લઈ જવાના આશિર્વાદ આપેલ.

આ પ્રસંગે ડૉ.હસમુખભાઈ દરજી, વર્ષાબેન ઠક્કર (પ્રોફેસર, થરા કોલેજ), રાજેશ કે.બારોટ (એડવોકેટ), અચરતલાલ ઠક્કર, નટવરભાઈ પટેલ, ડૉ.બાબુભાઈ પટેલ, પ્રહલાદભાઈ આચાર્ય (શિક્ષક થરા પ્રા.શાળા ૨), અમરતભાઈ દરજી, માનસુંગભાઈ પટેલ, ચંદુજી વી.ઠાકોર- વડા, નિરંજનભાઈ ઠક્કર તેમજ તાણા થરા નગરજનો તથા આજુબાજુ ગામોમાંથી અનેક વાલીગણ હાજર રહેલ. કાર્યક્રમનું સફળ સંચાલન તપોવન વિદ્યાલયના આચાર્ય નાથુભા વાઘેલા તેમજ આભારવિધિ બળદેવભાઈ વી.રાવલે કરેલ.

# જમડા ખાતે ત્રિદિવસીય પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવનો આજથી પ્રારંભ

પ્રતિનિધિ થરાદ

થરાદ તાલુકાના સમસ્ત જમડા ગામના ગ્રામજનોએ ગામના ચોરે ભવ્ય રામજી મંદિર બનાવ્યું છે જેના ત્રિદિવસીય પ્રાણ-પ્રતિષ્ઠા મહોત્સવ ગુરુવારથી પ્રારંભ થશે. આ પ્રસંગે બુધવારે વિવિધ મૂર્તિઓના ભવ્ય ચડાવાનો લાભ પણ ગ્રામજનો દ્વારા લેવામાં આવ્યો હતો.

થરાદ તાલુકાના જમડા ગામના ગ્રામજનો દ્વારા ગામને ચોરે ભગવાન શ્રીરામ, લક્ષ્મણ ,જાનકી અને હનુમાનજી મૂર્તિઓ ધરાવતું ભવ્ય મંદિર બનાવવામાં આવ્યું છે. ગુરુવારથી તેના ત્રિદિવસીય પ્રાણ-પ્રતિષ્ઠા મહોત્સવ નું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ગામના શાસ્ત્રી વૈકુંઠલાલ મોહનલાલના આચાર્યપદે ત્રણેય દિવસ વિવિધ પ્રકારના કાર્યક્રમો અને પ્રતિષ્ઠા મહોત્સવની વિધિ અનેક ભુદેવોના મંત્રોચ્ચાર વચ્ચે સંપન્ન થશે.

આ પ્રસંગે બુધવારે મૂર્તિઓની પ્રાણપતિષ્ઠાની બોલીઓ (ચડાવા) બોલવામાં આવ્યા હતા.જેમાં બહોળી સંખ્યામાં ઉપસ્થિત ગ્રામજનો દ્વારા ચડાવાનો લાભ લેવામાં આવ્યો હતો. જેમાં મુખ્ય યજમાનનો લ્હાવો ભુરાજી ખેંગારજી રાજપુત, ભગવાન રામચંદ્રજીની મુર્તીનો ચડાવો ગણેશજી કુંભાજી રાજપૂત, દેવી લક્ષ્મણજીની મુર્તીનો ચઢાવો ઈશ્વરભાઇ મહાદેવજી રત્નાજી રાજપૂત,દેવી સીતાજીની મુર્તીનો ચડાવો હઠાભાઇ ધેંગાજી રાજપૂત, હનુમાનજીની મૂર્તિનો જણાવો અભાજી નરસેંગાજી રાજપુત, ધ્વજા દંડનો ચડાવો ગોવદાજી જીવાજી રાજપૂત અને આરતીનો ચડાવો રમણીકલાલ નાથાજી દરજી પરિવાર દ્વારા લેવામાં આવ્યો હતો.

# થરાદમાં ઢીમાની ગૌશાળાના લાભાર્થે ભવ્ય લોકડાયરો યોજાયો




પ્રતિનિધિ થરાદ

બનાસકાંઠાના સુપ્રસિદ્ધ યાત્રાધામ ઢીમા ખાતે આવેલ શ્રીરામ આશરા અન્નક્ષેત્ર તથા શ્રીરામાશરા ધરણીધર ગૌશાળાના લાભાર્થે મહામંડલેશ્વર જાનકીદાસ બાપુ તેમજ સમસ્ત ભાવિક ભક્તો દ્વારા મંગળવારની રાત્રે શહેરની એમ.એસ વિદ્યામંદિરની સામે ભવ્ય લોકડાયરાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગુજરાતના નામી કલાકારો બ્રીજરાજદાન ગઢવી, ચતુરદાન ગઢવી લોકસાહિત્યકાર), પ્રવીણદાન ગઢવી(ભજનીક) અને દશરથદાન ગઢવી એ લોકસાહિત્ય,શોર્યર અને ભજનો તથા ચારણી સાહિત્યના દુહા છંદની જોરદાર રમઝટ મચાવી હતી. તે પૂર્વે પૂજ્ય મહામંડલેશ્વર જાનકીદાસજી મહારાજ દ્વારા કલાકારોનું ભગવાન ધરણીધરનો ફોટો આપી તથા શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું. લોકડાયરામાં કલાકારોની સુરવાણીથી ઓળઘોળ થયેલા ગૌભક્તો દ્વારા તેમના પર નોટોનો વરસાદ વરસાવવામાં આવ્યો હતો. બ્રિજરાજદાન ગઢવીએ ગૌમાતાના લાભાર્થે સમગ્ર અધિકમાસ દરમિયાન એક પણ રૂપિયો લીધા વગર અનેક કાર્યક્રમો કર્યાનો આનંદ વ્યક્ત કરી તમામ કલાકારો પર આવેલા ઘોળના પૈસા પણ ગૌશાળામાં અર્પણ કર્યા હતા કર્યો હતા.મોડીરાત સુધી ડાયરાને નિહાળવા સાહિત્યરસીકો ઉપસ્થિત રહ્યા હતા.

# નિષ્કામ ભક્તિથી પ્રભુ બંધનમાં પડે છે

ભગવાન શ્રી કૃષ્ણની લીલા અપરંપાર છે. તેમણે મથુરા-ગોકુળથી દ્વારકા સુધીની અનેક લીલાઓ કરી છે. એટલે જ નહીં શ્રધ્ધાળુ ભક્તોને સમય સમય પર પોતાની ભક્તિનું ફળ પણ આપ્યું છે.

ગામથી થોડે દૂર ભગવાન શ્રી કૃષ્ણની હવેલી હતી તેમાં ભક્તિદાસ નામના મુખ્યાજી સેવા કરે સામાન્ય રીતે વૈષ્ણવ સંપ્રદાયના ઠાકોરજીની સેવા-પૂજા કરનારને મુખ્યાજી કહેવામાં આવે છે ભક્તિદાસ મુખ્યાજીને બચપણથી જ સેવાનો વળગણ હતું. તે સાચા હૃદયથી ભગવાન શ્રી કૃષ્ણની સેવા કરે. તેને જે ભોગ ધરે તેમાંથી જે પ્રદાસરૂપે પ્રાપ્ત થાય તે ગ્રહણ કરી જીવન નિર્વાહ ચલાવે પરંતુ ભક્તિદાસ નાના હતા ત્યારે જ હવેલી ગામની થોડે દૂર અને કર્મ સંજોગે એક દિવસ એવું વાતાવરણ સર્જાયું કે ધોધમાર વરસાદ અને વીજળીના જબકારા અને વાદળોની ગર્જના. ભક્તિદાસ તો ગભરાયા રાત્રીનો સમય હતો. ભગવાન પણ પોઢી ગયા હતા બહુ ગભરાયેલા એ બાળક ભક્તિદાસે પોઢી રહેલા ભગવાનના ચરણ પકડી લીધા અને રડવા લાગ્યા અને ઠાકોરજીને કહે છે."હે નાથ મને બહુ ડર લાગે છે તમે જલ્દી જાગો અને મારી સાથે બેસો નહિંતર હું તો ડરના મારે ક્યાંક આમને આમ મરી જ જઈશ." ઠાકોરજીને બહુ કાલાવાલા કર્યા. એક નિર્દોષ બાળકની પ્રાર્થના સાંભળી આખરે ઠાકોરજીને પણ દયા આવી અને ઠાકોરજી સાક્ષાત જાગી ગયા અને ભક્તિદાસને કહે છે,"બેટા તું જરાય ડર નહીં હું તારી સાથે જ છું. ચાલ આપણે બેસીને વાતો કરીએ. નિર્દોષ એવા ભક્તિદાસ સાથે ભગવાને વાતો કરી ત્યારે ભક્તિદાસ ભગવાનની વાતો સાંભળતા સાંભળતા ઉંઘી ગયો.

પછી તો બંને ને વાતો કરવાનો નિત્યક્રમ થઈ ગયો. ભગવાન શ્રી કૃષ્ણ અને ભક્ત ભક્તિદાસ વચ્ચે બન્ને એકલા પડે એટલે વાર્તાલાપ ચાલતો જ હોય. દિવસે દિવસે ભક્તિદાસ મોટા થવા લાગ્યા. આ નિત્ય ક્રમ થઈ ગયો. ભગવાન શ્રી કૃષ્ણ અને ભક્ત ભક્તિદાસ વચ્ચે એકલા પડેએટલે વાર્તાલાપ ચાલતો જ હોય. દિવસે દિવસે ભક્તિદાસ મોટા લાગ્યા. આ નિત્ય ક્રમની વાતચીત એકવાર હવેલીએ ઠાકોરજી માટે ફૂલ પહોંચાડવા જતાં એક ભક્તએ સાંભળી અને તે પણ ખૂબ આશ્ચર્યમાં પડી ગયો.

તેણે ગામમાં આવીને આ વાત ગામ લોકોને કહી પરંતુ ગામમાં તો બધા બધા પ્રકારના લોકો મળે. મોટાભાગના લોકોએ ભક્ત ભક્તિદાસની ભગવાન શ્રી કૃષ્ણ સાથે વાતો કરવાની ઘટનાને હસીકાઢી પરંતુ ગામમાં રહેતી અને દૂધ-ઘીનો વેપાર કરતી લીલાએ આ વાત સાંભળી. લીલાએ આ વાતને ગંભીરતાથી લીધી. કારણ કે તેને ભક્તિદાસ મુખ્યાજીનો ચહેરો જોયો હતો. તેના ચહેરાનો તેજ તે ભૂલી જ ન હતી. તે તેજસ્વીતા જ બતાવી આપતી હતી કે "ભગવાનની તેના પર પરમ કૃપા છે." તેણે એ વાતને પોતાના હૃદયે રાખી વળી પોતે પણ ભગવાન શ્રી કૃષ્ણની પરમ ભક્ત હતી. તેણે ભગવાન શ્રી કૃષ્ણમાં અપાર શ્રધ્ધા હતી. પરંતુ તે પોતાના ઘરકામ અને દહીં-દૂધ-છાશ-ઘી ના વેપારમાં સતત વ્યસ્ત રહેતી તેથી તે દરરોજ તે હવેલીમાં દર્શન કરવા પણ જઈ ન શકતી.

એકવાર ભગવાન શ્રી કૃષ્ણને રાજભોગમાં માખણ ખાવાની ઈચ્છા થઈ. આમે, ભગવાનને માખણ ખૂબ જ પ્રિય હતું. તે વાત મુખ્યાજી ભક્તિદાસ બરોબર જાણતા હતા. તેથી તે ભગવાન માટે દરરોજ માખણ રાખતા અને આજે રોજભોગમાં માખણ ન હતું. અને ભગવાને મુખ્યાજી પાસે માંગણી મૂકી, "અલ્યા ભક્તિદાસ આજે રાખેલું પરંતુ તે માખણ ખાવાની તોફાની ઉંદરડાઓ એ ઢોળી નાખ્યું છે તેથી આજે રાજભોગમાં મેં માખણ મૂક્યું નથી.

"પરંતુ ભક્તિદાસ તને ખરૂ કહું ? મને આજે માખણ તીવ્ર ઈચ્છા છે. ગમે તે થાય તું ગમે ત્યાંથી પણ મારા માટે માખણ લાવી આપ હું માખણ આરોગીશ ત્યારે જ મને નિરાંત વળશે અને રાજભોગ આરોગ્યાનો સાચો આનંદ આવશે." ભગવાન શ્રી કૃષ્ણએ કહ્યું.

ભક્તિદાસ મુખ્યાજી પણ ઠાકોરની આજ્ઞાને માથે ચડાવી, વાટકો લઈ અને નિકળી પડ્યા ગામમાંથી માખણ લેવા.

ભક્તિદાસ ગામમાં પહોંચ્યા અને ઘેર ઘેર ફરે છે પરંતુ ક્યાંક માખણ મળતું નથી. કોઈએ માખણને તપાવી અને ઘી બનાવી નાખ્યું હતું તો કોઈએ માખણ જમવામાં લઈ લીધું હતું. આખુ ગામ ભક્તિદાસ ફર્યા પરંતુ ક્યાંકથી માખણનો મેળ પડ્યો નથી આથી તે નિરાશ થઈ ગયા અને તેમનું મગજ ભમી ગયું કે,"આજે મારા નાથને જમવામાં માખણ જોઈએ છે અને ગામમાં ક્યાંક માખણ નથી. હવે શું મોઢું લઈ અને ઠાકોરજી પાસે જઈશ." આમ, ચિંતામાં ને ચિંતામા તે વગડા તરફ નદી તરફ જવા લાગ્યા.

ત્યાં ભક્તિદાસ મુખ્યાજીને હાથમાં વાટકો લઈ ફરતા જોઈ લીલાએ પ્રશ્ન કર્યો,"આ વાટકો લઈ અને ક્યાં ચાલ્યા ? વળી, પરસેવે નાહી રહ્યા છો તે શું ચિંતામાં પડી ગયા ? અને બહારા થઈ ને ફરો છો ?"

ભક્તિદાસ મુખ્યાજી કહે છે,"આજે ઠાકોરજીને રાજભોગમાં માખણ આરોગવું છે અને મારા નસીબ માઠા ચાલતા લાગે છે તેથી ક્યાંથી માખણનો મેળ પડતો નથી. "માખણ તમને હું આપું પણ બદલામાં હું માગું તે આપશો ? લીલાએ મુખ્યાજીને પ્રશ્ન કર્યો.

ભક્તિદાસ કહે છે, "તને રૂપિયા, અનાજ જે કાંઈ પણ જોઈતું હોય તે આપવા તૈયાર છું. જો તું મને ઠાકોરજી માટે માખણ આપતી હોય તો તું માંગે તે આપીશ."

લીલા કહે છે, "માખણના બદલામાં મને રૂપિયા કે અનાજ નથી જોઈતું"તો ભક્તિદાસ પૂછે છે, "મને તમે આ નદીમાંથી જઈ લઈ અને વચન આપો કે તમે મને અને મારા જીવનના અંત પછી ગૌલોકમાં સ્થાન અપાવશો." લીલા બોલી.

ભક્તિદાસ વિચાર કરે છે જો માખણ નહીં લઈ જાઉ તો ભગવાન નારાજ થઈ જશે અને માખણ લઉં અને ગાઉલોક વાસનું વચન આપી દઈશ તો ભગવાન નારાજ થઈ જશે તે... ? પછી ભક્તિદાસે નક્કી કરી લીધું "ભલે ભગવાન નારાજ થઈ જાય પણ માખણ લઈને જ જવું." પાણી જમણા હાથમાં લઈ ભક્તિદાસ લીલા દૂધવાળીને વચન આપે છે કે, "હું તને ગૌલોકમાં સ્થાન અપાવીશ"

આ પ્રમાણે લીલાને વચન આપી માખણ લઈ અને જલ્દી એ તો પહોંચ્યા હવેલીએ ઠાકોરજીની ક્ષમા માંગી અને કહ્યું, "હે નાથ.. ક્ષમા કરશો માખણ લેવામાં થોડું મોડું ગયું અને બીજું કે હું જરા વિચિત્ર સોદો કરીને આવ્યો છું તે બદલ પણ તમારી ક્ષમા માંગુ છું કે તમારી રજા વિના આ સોદો કરી આવ્યો. વાત જાણે એક છે કે ગામ આખાયમાં ક્યાંક માખણ ન મળ્યું તેથી મારૂ તો મગજ ભમી ગયું પરંતુ જ્યારે લીલા દૂધવાળી મળી અને તેની પાસે માખણ હતું પરંતુ તેણે માખણના બદલે રૂપિયા કે અનાજ ન લેતા જીવનના અંતે ગૌલોક મળે તે માટે માંગણી મૂકેલી તેને મંજુર રાખી અને મેં તેને તેનું વચન પણ આપી દીધું છે હવે..?"

ભગવાન શ્રી કૃષ્ણ કહે છે, "એ સોદો કાંઈ મોંગો નથી વળી, એ લીલા પણ મારી પરમ ભક્ત છે તે સતત કામકાજ કરતા મારૂ સ્મરણ કર્યા કરે છે. તેની આત્માનુંય મારે કલ્યાણ તો કરવો પડશે ને ? ને ને તું મારો નિષ્ઠામી ભક્ત છે આજદિ સુધી તે મારી ખૂબ જ સેવા કરી છે માટે હું તો તારા બંધનમાં છું. હું જાણું છું કે, તારા અને મારા વચ્ચેના પ્રેમમાં કોઈ ભાગ ન પાડી જાય એટલે જ તે લગ્ન પણ નથી કર્યા. માટે ભક્તિદાસ આજના આ માખણના સોદા માટે તું કાંઈ ચિંતા ન કરજે." મુખ્યાજી ભક્તિદાસ કહે છે "પ્રભુ હવે તમે વાતો કરવાનું રહેવા દો અને રાજયોગ આરોગો આમે ખૂબ જ મોડું થઈ ગયું છે અને તમને ભુખ પણ બહુ લાગી હશે."

ભગવાન ફરી હસ્યા અને કહેવા લાગ્યા, "તું પણ આજે ખૂબ ભુખ્યો થયો છે ચાલ મારી સાથે જ જમવા બેસી જાને ! ?" ભક્તિદાસ કહે છે "ના, નાથ પહેલા તમે જમો પછી તમારૂ વધેલું હું જમીશ વળી, તમે તો સાક્ષાત પરમાત્મા છો તમારી સાથે કે બેસીને મારાથી કેમ જમાય ?"

પછી ભગવાન શ્રી કૃષ્ણ જમવા લાગ્યા. તેમણે જમી લીધું પછી ભક્તિદાસ પણ જમ્યા.

આ વાતને વરસો નિકળી ગયા. એક દિવસ લીલાના શરીરમાંથી આત્માને મૂકત થવાનો સમય આવી ગયો. યમના દુતો તેનો આત્મા લેવા આવ્યા. પરંતુ કેમે કરી અને તેની આત્માને પકડી શકતા નથી. આથી તે દુતો યમરાજા પાસે ગયા અને સઘળી હકીકત કહી સંભળાવી.

**કનકચંદ્ર સી.વ્યાસ**
**સંકલનઃ શ્રીમતી રમણતારા કે.વ્યાસ**

# આજથી બનાસકાંઠા જિલ્લામાં કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવનો પ્રારંભ થશે

**વરિષ્ઠ સનદી અધિકારી અને મહાનુભાવોના હસ્તે બાળકોને શાળામાં પ્રવેશ અપાશે**

પાલનપુર

આજ તા.૧૪ જૂનથી બનાસકાંઠા જિલ્લામાં કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ-૨૦૧૮નો પ્રારંભ થશે. ૬ થી ૧૪ વર્ષના શાળામાં પ્રવેશપાત્ર બાળકો, ડ્રોપ આઉટ બાળકો અને શાળાએ ન જતા બાળકોને શાળામાં પ્રવેશ અપાવી ફરજીયાત પ્રાથમિક શિક્ષણ પૂર્ણ કરે તે હેતુથી આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવે છે. તા. ૧૪-૧૫ જૂનના રોજ ગ્રામ્ય વિસ્તારમાં અને તા.૨૨-૨૩ જૂન-૨૦૧૮ના રોજ શહેરી વિસ્તારની શાળાઓમાં કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ યોજાશે. જેમાં રાજયના વરિષ્ઠા સનદી અધિકારીશ્રીઓ, વિવિધ ખાતાના વડાઓ, ઉચ્ચ અધિકારીઓ અને મહાનુભાવોના હસ્તે બાળકોને શાળામાં પ્રવેશ અપાવવામાં આવશે.

અત્રે ઉલ્લેખનીય છે કે બનાસકાંઠા જિલ્લામાં કુલ-૨૩૮૨ પ્રાથમિક શાળાઓ આવેલી છે. આ શાળાઓમાં બાળકોને પ્રવેશ અપાવી તેમના ઉજ્જવળ અને સુખમય ભવિષ્યની શુભેચ્છાઓ પાઠવવા તથા પ્રત્યેક બાળક શાળામાં દાખલ થાય તે માટે દર વર્ષે જુન માસમાં રાજય સરકાર દ્વારા શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવની ઉજવણી કરવામાં આવે છે. શાળા પ્રવેશોત્સવ પ્રસંગે દરેક ગામમાં ઉત્સાહ અને હર્ષનો માહોલ સર્જાય છે. વાલીઓ પોતાનાં લાડકા નાનાં બાળકોને હરખથી શાળામાં પ્રવેશ અપાવવા આવે છે. આવા આનંદભર્યા માહોલમાં બાળકોને મોં મીઠુ કરાવીને હર્ષભેર શાળામાં પ્રવેશ અપાવવામાં આવશે.

# ડીસામાં છેતરપીંડી વિરૂદ્ધ કરીયાણા મર્ચન્ટ એસોસીએશનનું આવેદનપત્ર

**કરોડોની છેતરપીંડી કરનાર વેપારીઓ સામે કાર્યવાહી કરવા માંગ**


ભરત સુંદેશા

ડીસા

ડીસા શહેરમાં આજે કરીયાણા મર્ચન્ટ એસોસી એશનની આગેવાની હેઠળ ડીસાના વેપારીઓએ તેમની સાથે ડીસાના જ અન્ય એક વેપારી દ્વારા કરવામાં આવેલી કરોડો રૂપિયાની છેતરપીડી બાબતે ન્યાય મેળવવા માટે આવેદન પત્ર પાઠવ્યું હતું અને છેતરપીડી કરનાર વેપારી સામે કાર્યવાહી કરવાની માંગ કરી છે.ડીસા શહેર ઉત્તર ગુજરાતનું મુખ્ય વહેપારી મથક છે અને ડીસા શહેરમાં અનેક વેપારીઓ પેઢીઓ આવેલી છે. અને આ પેઢીઓનો કારોબાર વિદેશ સુધી લાંબો ફેલાયેલો છે.. ડીસા શહેર ઉત્તર ગુજરાતનું વેપારી મથક એટલા માટે માનવામાં આવે છે કે અહીના વેપારીઓ માત્ર મૌખિક કરાર કરીને વેપાર કરતા હોય છે.. કારણ કે ડીસાના વેપારીઓની શાખ ખુબ જ ઉત્તમ માનવામાં આવે છે. પરંતુ ડીસામાં છેલ્લા કેટલાય સમયથી બહારથી આવીને વસેલા કેટલાક લેભાગું વેપારીઓ ડીસાના વેપારી જગતને કલંકિત કરી રહ્યા છે. આવો જ એક કિસ્સો તાજેતરમાં જ ડીસા શહેરમાં બનેલો છે. ડીસા શહેરમાં છેલ્લા કેટલાક સમયથી રાજસ્થાનથી આવીને વેપાર ધંધો કરનાર મોહનલાલ જૈન નામના ઈસમે ડીસાના વેપારીઓને કરોડો રૂપિયાનો ચૂનો લગાવ્યો છે. મોહનલાલ જૈન નામના આ વેપારીએ ડીસાના વેપારીઓ પાસેથી કરોડો રૂપિયાનો બાકી માલ લેવા ઉપરાંત કરોડો રૂપિયાનું ધિરાણ પણ લીધું છે અને છેલ્લા કેટલાક દિવસથી મોહનલાલ જૈન નામનો ઈસમ ડીસાના વેપારીઓનું ફૂલેકું ફેરવીને ગાયબ થઇ ગયો છે. ડીસાના પ્રતિષ્ઠિત વેપારીઓ સાથે છેતરપીડી આચરનાર મોહનલાલ જૈન નામના વેપારી સામે ડીસા શહેર દક્ષીણ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવવામાં આવી હોવા છતાં હજુ સુધી કોઈ પણ પ્રકારની કાર્યવાહી કરવામાં ન આવતા આજે ડીસાના વેપારીઓ ડીસાના નાયબ કલેકટર સમક્ષ ન્યાય મેળવવા માટે આવેદનપત્ર આપવા પહોંચી ગયા હતા.

**અનુસંધાન પાના નં.૬**

# થરાદના નાગલા નજીક નહેરમાંથી રેસ્ક્યુ કરીને ટ્રેક્ટર બહાર કઢાયું

**એક ખેડૂતના પુત્રે ગુસ્સામાં ટ્રેકટર નહેરમાં પધરાવી દીધાનું ચર્ચાસ્પદ**

(પ્રતિ.) થરાદ

પંથકમાં ચકચાર મચાવનાર ઘટનાની મળેલી વિગતો મુજબ બનાસકાંઠાના સરહદી વાવ તાલુકાના એક ખેડુતના પુત્રને પરિવાર સાથે બોલાચાલી થતાં સોમવારની સાંજના સુમારે પાણી ભરવા જઉંછુ તેમ કહીને પોતાના ટ્રેક્ટર સાથે ઘેરથી નિકળી ગયો હતો.અને થરાદ તાલુકાના નાગલા ગામની સીમમાં આવીને કેનાલની પાળ પરથી ટ્રેક્ટરને ઢળતું મુકી દીધુ હતું.આથી ટ્રેક્ટર નહેરમાં જળસમાધિની હાલતમાં ફેરવાવા પામ્યું હતું.

આ બાબતની મંગળવારના સવારના સુમારે નહેરકાંઠાના ખેડુતોને જાણ થતાં તેઓ બધા બહોળી સંખ્યામાં એકઠા થઇ જવા પામ્યા હતા.અને નહેરમાં કોઇ અક્સ્માતની દુર્ઘટના સર્જાયાનું માની બેઠા હતા.જેમાં ટ્રેક્ટર ટ્રોલી સાથેનું હશે કે તેમાં કેટલા લોકો હશે કોણ હશે સહિતના અનેક તર્કવિતર્કો ચર્ચાસ્પદ બન્યા હતા.બીજી બાજુ ખેડુતનું મગજ સ્થિર થતાં તેણે પરિવારને ટ્રેક્ટર નહેરમાં નાખી દીધું હોવાની વાત કરી હતી.આથી તેનો પરિવાર શોધતો શોધતો થરાદની સીમમાં આવી પહોંચ્યો હતો.અને ટ્રેક્ટરને બહાર નિકાળવા માટે થરાદ પાલિકાના તરવૈયા સુલતાનમીર અને ક્રેનની મદદ લેવામાં આવી હતી.જ્યાં ક્રેનની મદદથી બે બાજુ બાંધીને ટ્રેક્ટરને મહામુસીબતે બપોરના સુમારે બહાર કાઢવામાં આવ્યું હતું.થરાદની નહેરમાં સર્જાયેલી આ ઘટનાથી ખેડુતોમાં હાસ્યનો માહોલ ફેલાવા પામ્યો હતો.

બીજી બાજુ એમ પણ ચર્ચાતું હતું કે વાવ તાલુકાનો આ ખેડૂત નહેરમાં ટ્રેક્ટર નાખવાનો ઈરાદો કરીને જ ઘેરથી નિકળ્યો હતો.જોકે તાજેતરમાં જ નર્મદા વિભાગ દ્વારા નહેર પર રોડ બનાવીને તેમાં કોઇ વાહન કે પશુ ખાબકે નહી તે માટે નહેરની બંન્ને સાઇડ પાકી દિવાલ પણ બનાવવામાં આવી છે.જેના પરથી ટ્રેક્ટર નહેરમાં જઇ શકે તેમ ન હોઇ ખેડુત નહેરની આ પાળી તુટેલી હોય તેવી જગ્યા શોધતો શોધતો છેક નાગલા ગામની સીમ સુધી આવી પહોંચ્યો હતો.જ્યાં પાળી (દિવાલ) તુટેલી જણાતાં જ ત્યાંથી ટ્રેક્ટરને ઢળતું મુકી દીધુ હોવાનું ચર્ચાસ્પદ બન્યું હતું.

# ડીસાની ગણેશકૃપા સોસાયટીમાં પાણીની સમસ્યાને લઈ રહીશો આક્રમક મુડમાં


ભરત સુંદેશા

ડીસા

ડીસા શહેરમાં આવેલી ગણેશ કૃપા સોસાયટીના રહીશો અત્યારે પાણીની તીવ્ર સમસ્યાથી પીડાઈ રહ્યા છે. આ વિસ્તારના રહીશો પાલિકામાં વેરોતો નિયમિત ભરે છે પરંતુ પાલિકા દ્વારા આ વિસ્તારમાં જોઈએ તેવી સુવિધાઓ આપવામાં આવતી નથી. જેથી સ્થાનિક લોકો પરેશાન થઇ ઉઠ્યા છે.

ડીસા શહેરમાં અત્યારે ઉનાળો ચરમસીમા પર છે અને ઉનાળાની આ કાળઝાળ ગરમીમાં ડીસાના લોકો માટે પાણીની સમસ્યા પણ વિકટ બનતી જઈ રહી છે. ડીસા શહેરમાં આવેલી ગણેશકૃપા નામની સોસાયટીના રહીશો અત્યારે પાણીની સમસ્યાને લઇ ત્રાહિમામ થઇ ઉઠ્યા છે.. આ વિસ્તારમાં રહીશો પાલિકાના તમામ વેરો નિયમિત ભરે છે પરંતુ પાલિકા આ વિસ્તારમાં પાયાની સુવિધા આપવામાં સરેઆમ નિષ્ફળ જઈ રહી છે.. ડીસા શહેરમાં આવેલા આ વિસ્તારના રહીશો છેલ્લા એક માસથી પીવાના પાણીની સમસ્યાથી હેરાન પરેશાન થઇ ઉઠ્યા છે અને આ અંગે ડીસા નગરપાલિકાના પ્રમુખ સમક્ષ પણ અનેક રજૂઆત કરવામાં આવી હોવા છતાં આ વિસ્તારની પાલિકા દ્વારા ઘોર ઉપેક્ષા કરવામાં આવી રહી છે. જેને પગલે આ વિસ્તારના રહીશોમાં પાલિકા પ્રત્યે ઉગ્ર રોષ જોવા મળી રહ્યો છે.

ડીસા નગરપાલિકા દ્વારા છેલ્લા એક માસથી આ વિસ્તારની ઉપેક્ષા કરવામાં આવી રહી છે અને આ વિસ્તાર ડીસા નગરપાલિકાના ઉપપ્રમુખનો વિસ્તાર હતો. તેમ છતાં આ વિસ્તારને પાલિકાની ઉપેક્ષાનો ભોગ બનવું પડતું હતું.. ત્યારે હવે જોવાનું એ રહે છે કે પાલિકામાં બદલાયેલા પ્રમુખ અને ઉપપ્રમુખ આ વિસ્તારને ન્યાય અપાવવામાં કેટલા સફળ રહેશે.

# વારાણસી સ્ટેશન ખાતે ટ્રાફિક બ્લોકને લીધે અમદાવાદ- વારાણસી સાબરમતી એક્સપ્રેસ ટ્રેન રદ્દ

પાલનપુર

ઉત્તર રેલવેના વારાણસી સ્ટેશન ખાતે પ્લેટફોર્મ નં.૦૮ વાશેબલ એપ્રનનું નિર્માણ કાર્ય શરૂ થવાના કારણે ૧૫ જૂનથી ૨૬ જુલાઈ ૨૦૧૮ સુધી ૪૨ દિવસ માટે ટ્રાફિક બ્લોક લેવામાં આવી રહ્યો છે. જેથી અમદાવાદથી વારાણસી માટે ઉપડનારી ટ્રેન ૧૯૧૬૭ અમદાવાદ- વારાણસી સાબરમતી એક્સપ્રેસ નીચે પ્રમાણે રદ્દ રહેશે.

આજે તારીખ ૧૪ જૂનથી ૨૪ જુલાઈ સુધી દર ગુરૂવાર, શનિવાર, સોમવાર અને મંગળવારના રોજ અમદાવાદથી ઉપડનારી ટ્રેન ૧૯૧૬૭ અમદાવાદ- વારાણસી સાબરમતી એક્સપ્રેસ રદ્દ રહેશે. પરતમાં તા. ૧૭ જૂન થી ૨૭ જુલાઈ સુધી દર રવિવાર, મંગળવાર, ગુરૂવાર અને શુક્રવારના રોજ વારાણસીથી ઉપડનારી ૧૯૧૬૮ વારાણસી- અમદાવાદ સાબરમતી એક્સપ્રેસ રદ્દ રહેશે.

આ પ્રકારે ટ્રેન ૨૦૯૦૪/ ૨૦૯૦૩ વડોદરા વારાણસી મહામના એક્સપ્રેસ પણ આ કારણે રદ્દ કરવામાં આવી છે. તા. ૧૩ ,૨૦ અને ૨૭ જૂન તથા ૦૪, ૧૧ અને ૧૮ જુલાઈના રોજ વડોદરાથી ઉપડનારી ટ્રેન ૨૦૯૦૩ વડોદરા- વારાણસી મહામના એક્સપ્રેસ અને ૧૫,૨૨ અને ૨૯ જૂન તથા ૦૬,૧૩ અને ૨૦ જુલાઈના રોજ વારાણસીથી ઉપડનારી ૨૦૯૦૪ વારાણસી- વડોદરા મહામના એક્સપ્રેસ પણ રદ્દ રહેશે.

# ધાનેરા પોલીસ દ્વારા લાખોના વિદેશી દારૂ પર રોલર ફેરવાયું


એન.કે.મોદી

**બે વર્ષ દરમ્યાન પકડાયેલી ૧૫૨૧૨૬ બોટલનો નાશ કરાયો**

(તા.પ્રતિ.) ધાનેરા

ધાનેરા પોલીસ સ્ટેશનમાં ગેર કાયેદસર રીતે પકડાયેલ વિદેશી દારૂની બોટલોનો આજે ધાનેરા તાલુકાના ધાખા ગામે નિકાલ કરાયો હતો.

ધાનેરા પોલીસ દવારા એપ્રિલ ૨૦૧૬ થી મેં ૨૦૧૮ સુધી કુલ ૧ લાખ ૫૨ હજાર ૧૧૬ બોટલ ધાનેરા પોલીસે અલગ અલગ વિસ્તારો માંથી પકડી હતી જેની કુલ સરકારી નીતિ નિયમ પ્રમાણે ૨ કરોડ ૭૦ લાખ ૭૬ હજાર ૭૯૫ થાય છે. એટલે કહી શકાય કે ગુજરાત ની સરહદો માંથી કેટલી મોટી માત્રામાં વિદેશી દારૂ ઠાલવવા માં આવે છે.

આજે ધાનેરા તાલુકાના ધાખા ગામે અવાવરું જગ્યા પર ઈન્ચાર્જ પ્રાંત અધિકારી એ ડી ચૌહાન તેમજ થરાદ વિભાગ ના ડી વાય એસ પી. એ એચ ચૌધરી સહિત ના અધિકારી ની હાજરી માં ૧૦ જેટલા ટર્બા માં વિદેશી દારૂ ની બોટલ લાવી તેના પર લોલર ફેરવવાયું હતું. આજે ધાખા ગામે દારૂ ની બોટલ ફૂટતી જોવા માટે ગ્રામજનો પણ મોટા પ્રમાણ માં આવી પહોંચ્યા હતા. જો કે પોલિશ ના ચાપતા બંદોબસ્ત વચ્ચે આ તમામ મુદા માલ નો નાશ કરાયો હતો.

# થરાદમાં મોગલ માતા વિશે કરાયેલ અભદ્ર ટીપ્પણીનો આક્રોશ સાથે આવેદનપત્ર

**કરણી સેના સહિત સમાજના યુવાનોએ રેલી સાથે પોલીસ કાર્યવાહીની માંગ કરી**


વિષ્ણુ દવે

(પ્રતિ.) થરાદ

ચારણ-ગઢવી સહિત તમામ હિંદુ સમાજના પૂજનીય મા મોગલ માતાજી વિશે ફેસબુકમાં કેટલાક અસામાજીક તત્વો દ્વારા અભદ્ર ટીપ્પણીઓ કરવામાં આવી હતી. જેનો આક્રોશ સાથે દેશભરમાં વિરોધ ઉઠવા પામ્યો છે.થરાદમાં પણ તેના વરવા પ્રતિઘાતો પડતાં બુધવારે થરાદ વાવ સુઇગામ તાલુકા કરણીસેના સહિત હિન્દુ સમાજના અઢારે આલમના યુવાનો એકત્રિત થયા હતા અને રેલી સ્વરૂપે થરાદ પોલીસને આવેદનપત્ર આપી પોતાનો આક્રોશ વ્યક્ત કર્યો હતો. યુવાનોએ આવેદનપત્રમાં જણાવ્યું હતું કે કેટલાક અસામાજિક તત્વો દ્વારા વારંવાર અભદ્ર ભાષામાં મોગલ માતાજી વિશે ખરાબ ભાષામાં ટિપ્પણીઓ કરી દરેક હિન્દુ સમાજની ધાર્મિક લાગણીઓને ઠેસ પહોંચાડી છે. આથી ફેસબુક દ્વારા ચાલતા અપના અડ્ડા નામના ગ્રુપના ૧૪ વ્યક્તિઓ સામે ભવિષ્યમાં તેઓ કોઇ પણ ધર્મના દેવી દેવતાઓ સામે અપશબ્દો બોલતાં વિચાર કરે તે પ્રકારે કાયદેસરની કાર્યવાહી કરવાની માંગણી કરાઇ હતી.પી.એસ.આઇ ડી એન શર્માએ આવેદનપત્ર સ્વીકારી ઉચ્ચસ્તરે મોકલી આપવાની પણ ખાત્રી આપી હતી.

**ફેસબુક આઇડી ધરાવનાર શખસોની યાદી**

મનીષ મંજુલાબેન ભારતીયા, કુણાલભાઈ પરમાર, સદામ મલીક, રાહુલ રાવણા, અલ્પેશ મોજીલા, અમાનુષ વર્મા, દિનેશ બોદ્ધ, મિતલ મકવાણા, અમૃત મકવાણા, અરૂણ પટેલ, જીગ્નેશ પરમાર, હિતેન્દ્ર કુમાર ચૌહાણ, મનોજ ડાભી તથા લક્ષ્મણભાઈ ચાવડાનો ઉલ્લેખ કરી તેમની સામે કાર્યવાહી કરવાની માંગણી કરવામાં આવી હતી.

# સ્ટેશનરીની દુકાનોમાં ભીડ...


વિનોદ બાંડીવાળા

ડીસા

ડીસા સહિત બનાસકાંઠા જિલ્લામાં છેલ્લા ત્રણેક દિવસથી નવા શૈક્ષણિક સત્રનો શુભારંભ થયો છે. તેમ છતાં સ્ટેશનરીની દુકાનો ઉપર બાળકો અને વાલીઓની ભીડ અકબંધ રહેવા પામી છે. જી.એસ.ટી.ના કારણે પુસ્તકો, ચોપડા અને નોટબુકોના ભાવોમાં વધારો થવા પામ્યો છે. તેમ છતાં બાળકોના ઉજ્જવળ ભવિષ્યની આશાએ વાલીઓ બાળકો માટે હોંશભેર સ્ટેશનરી ખરીદે છે. તેથી નવું શૈક્ષણિક સત્ર શરૂ થઈ ગયું હોવા છતાં સ્ટેશનરીની દુકાનો આગળ ભારે ભીડ જોવા મળી રહી છે.

# થરાદમાં હિન્દુ અગ્રણીઓ દ્વારા કોમી એકતાની ઇફતાર પાર્ટી યોજાઇ


વિષ્ણુ દવે

પ્રતિનિધિ થરાદ

મુસ્લિમ સમાજના પવિત્ર રમઝાનમાસ પ્રસંગે થરાદ તાલુકા રાજપુત પ્રગતિમંડળના પ્રમુખ ડીડીરાજપુત અને નગરપાલિકાના પુર્વ પ્રમુખ પથુભાઇ રાજપુત દ્વારા કોમીએકતાના ભાવરૂપે ઈફતાર પાર્ટીનું આયોજન કરવામાં આવ્યું હતું.આ પ્રસંગે ડીડીરાજપુતે થરાદ નગરમાં હિંદુમુસ્લિમોના તમામ તહેવારો હળીમળીને ઉજવાતા હોવાની વર્ષોથી ચાલી આવતી પરંપરાને કોમીએકતાની અતુટ ભાવના ગણાવી હતી.આ પ્રસંગે મુસ્લિમ સમાજ દ્વારા ડીડીરાજપુતનું સાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું. થરાદ મુસ્લિમ સમાજના પ્રમુખ હાજીભાઈ પઠાણે મુસ્લિમાનોના પવિત્ર રમજાન માસની સાથે હિન્દુઓમાં પણ પવિત્ર અધિક માસ ચાલી રહ્યો હોઇ મુસ્લિમ સમાજ દ્વારા થરાદની શ્રી ડાંગેશ્વર ગૌશાળાની ગાયો માટે ૧૧૦૦૦ રૂપિયાનું રોકડ દાન આપી કોમી એકતાનાં દર્શન કરાવ્યા હતા.

આ ઈફતાર પાર્ટીમાં થરાદ તાલુકા કોંગ્રેસ સમિતીના પ્રમુખ આંબાભાઈ સોલંકી, નગરપાલિકાના સદસ્ય દિપક ઓઝા, પ્રભુભાઇ માળી ,જતીન લિડીયા, વસંતભાઇ દવે, જયંતીલાલ નાઈ, ચાંદાજી રાજપુત, પ્રવિણભાઇ વરણ, તુલસીભાઇ ધુમડા, હરેશભાઇ રાઠોડ, તથા મુસ્લીમ સમાજના અગ્રણી રહીમભાઇ એમ.કાજી, નિસારભાઈ મેમણ,ગુલાબભાઇ માસ્તર, મોહમંદભાઈ ઘાંચી, યુસુફશા બાનવા, નસીરખાન કાજી સહિત હિંદુમુસ્લિમ સમાજના અગ્રણીઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# દાંતા તાલુકાના નવાવાસ અને અંબાજી ખાતે ડીજીટલ સાક્ષરતાના પ્રમાણપત્રોનું વિતરણ



પ્રતિનિધિ દાંતા

દાંતા તાલુકાના નવાવાસ અને અંબાજી કોમન સર્વિસ સેન્ટરના વિલેજ લેવલ એન્ટરપ્રિન્યોર ઈલિયાસ આગલોડિયા અને ગોવિંદ નારાયણ મિસરા દ્વારા ગામના લોકોને પ્રધાનમંત્રી ગ્રામીણ ડિજીટલ સાક્ષરતા અભિયાન અંતર્ગત તાલીમ આપવામાં આવેલ અને આ તાલીમના ડીજીટલ સાક્ષરતા અંગેના પ્રમાણપત્રોનું આજરોજ લાભાર્થીઓને વિતરણ કરવામાં આવ્યું. આ પ્રસંગે નવાવાસ ગ્રામ પંચાયતના માજી સરપંચ નાંદોલિયા ઈદ્રિસભાઈ તલાટી કરશનભાઈ પરમાર તેમજ સી.એસ.સી. જિલ્લા મેનેજર વિનોદ રણાવાસીયા અને સંજય પ્રજાપતિએ યોગ્ય માર્ગદર્શન આપ્યું હતું.

# દક્ષિણ ગુજરાત, સૌરાષ્ટ્રમાં હળવા વરસાદની આગાહી

અમદાવાદ

અમદાવાદમાં મોનસુનની ઉત્સુકતાપૂર્વક રાહ જોવામાં આવી રહી છે ત્યારે હજુ પણ મોનસુનની એન્ટ્રી થઇ નથી. અલબત્ત મોનસુન પહેલા સૌરાષ્ટ્રમાં કેટલીક જગ્યાએ હળવા વરસાદી છાંટા પડી રહ્યા છે. બીજી બાજુ આગામી પાંચ દિવસ દરમિયાન દક્ષિણ ગુ-જરાત, સૌરાષ્ટ્ર, દિવદમણમાં હળવા વરસાદી ઝાપટાની આગાહી તંત્ર દ્વારા કરવામાં આવી છે. આજે પણ અમદાવાદમાં પારો ૪૧થી ઉપર રહ્યો હતો. ગઈકાલની સરખામણી પારો આજે વધીને ૪૧.૬ સુધી પહોંચ્યો હતો. રાજયના જુદા જુદા ભાગોમાં આજે પારો ૪૧થી ઉપર પહોંચ્યો હતો. ભાવનગરમાં પારો ૪૧.૮ સુધી પહોંચ્યો હતો. તબીબો પણ વધુ પ્રમાણમાં પાણીનો ઉપયોગ કરવાની સલાહ આપી રહ્યા છે. રસ્તાઓ ગરમીના કારણે સુમસામ રહ્યા હતા. લોકોની ચામડી દાઝી જવા જેવો અનુભવ આજે બપોરના ગાળામાં થયો હતો. સૌરાષ્ટ્રના જુદા જુદા ભાગોમાં પણ કાળઝાળ ગરમીથી લોકોને આંશિક રાહત મળી છે. આવતીકાલે અમદાવાદમાં મહત્તમ તાપમાન ૪૧ની આસપાસ રહી શકે છે. ઉત્તર ગુ-જરાત અને સૌરાષ્ટ્રમાં પણ આજે પ્રમાણમાં ઓછી ગરમીનો અનુભવ થયો હતો. જો કે, બપોરે ગરમ હવાના કારણે લોકો ત્રાહિમામ પોકારી ગયા હતા. અમદાવાદમાં પણ સવારે હવામાનમાં પલ્ટો આવ્યો હતો. હળવા વરસાદી ઝાપટાની આગાહી તંત્ર દ્વારા અકબંધ રાખવામાં આવી છે. આંશિક વાદળછાયુ વાતાવરણ વચ્ચે આવતીકાલે પારો અમદાવાદમાં ૪૧ની આસપાસ રહે તેવી શક્યતા છે. સામાન્ય રીતે દર વર્ષે ૧૫મી જૂનની આસપાસ ગુ-જરાતમાં ચોમાસાની શરૂઆત થાય છે પરંતુ આ વર્ષે કેરળની જેમ જ દેશના અન્ય ભાગોમાં પણ વહેલીતકે મોનસૂનની એન્ટ્રી થઈ રહી છે. ગરમીના પ્રમાણ વચ્ચે તંત્ર દ્વારા વિવિધ પગલાં લેવામાં આવ્યા હોવા છતાં પાણીજન્ય અને મચ્છરજન્ય રોગના કેસ પણ વધ્યા છે. આજે અમદાવાદમાં મહત્તમ તાપમાન વધીને ૪૧.૬ ડિગ્રી થયું હોવા છતાં બપોરના ગાળામાં લોકો ત્રાહિમામ પોકારી ગયા હતા. તીવ્ર ગરમીનો અનુભવ બપોરના ગાળામાં લોકોએ કર્યો હતો. **અનુસંધાન પાના નં.૬**

# કોલસા આધારિત ગેસિફાયર ઉપયોગ પર આખરે પ્રતિબંધ

અમદાવાદ

મોરબી-વાંકાનેર પંથકોમાં ચાલતી સિરામિક ઈન્ડસ્ટ્રીઝમાં કોલસા આધારિત ગેસીફાયરનો ઉપયોગ કરવા પર ગુજરાત હાઈકોર્ટે એક મહત્વના આદેશ મારફતે પ્રતિબંધ ફરમાવી દીધો છે. જસ્ટિસ એમ.આર.શાહ અને જસ્ટિસ એ.વાય.કોગજેની ખંડપીઠે સિરામિક ઈન્ડસ્ટ્રીઝમાં કોલસા આધારિત ગેસીફાયરના વપરાશ માટે સાફ ઈન્કાર કરી દીધો છે. કોલસા આધારિત ગેસીફાયરના ઉપયોગથી ફેલાતા જોખમી અને ગંભીર પ્રદૂષણને લઇ હાઇકોર્ટે ભારે ચિંતા વ્યકત કરી તેના નિવારણના હેતુસર ગુ-જરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ સત્તાવાળાઓને આ મામલે અગાઉ નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલે જારી કરેલા અગત્યના હુકમની અમલવારી માટે સ્પષ્ટ અને કડક તાકીદ પણ કરી છે. એટલું જ નહી, હાઇકોર્ટે પર્યાવરણ અને પ્રકૃતિના જતન અને રક્ષણ માટે પણ જરૂરી પગલાં લેવા જીપીસીબીને નિર્દેશ કર્યો હતો. હાઇકોર્ટે નવી ટેકનોલોજીથી ચાલતાં ગેસીફાયરનો ટ્રાયલ બેઝ

**અનુસંધાન પાના નં.૬**

# સરકારી વિભાગો અને તાલુકા કક્ષાની કચેરી ઉપર સીધી નજર

અમદાવાદ

મુખ્યમંત્રી વિજય રૂપાણીએ સીએમ ડેશ બોર્ડ દ્વારા સરકારના પબ્લિક ડિલિંગ વિભાગોનું સીધું મોનીટરીંગ મુખ્યમંત્રી કાર્યાલયથી થશે તેમ જણાવ્યું છે. મુખ્યમંત્રીએ આજે મુખ્યમંત્રી નિવાસસ્થાને આ ડેશ બોર્ડની કામગીરીનું પ્રેઝન્ટેશન અને વિસ્તૃત વિવરણ પ્રચાર માધ્યમો સમક્ષ કર્યું હતું. તેમણે એમ પણ કહ્યું કે બધા જ જિલ્લા કલેકટરો ડીડીઓ, એસપીને પ્રતિ માસ ૮ થી ૧૦ મુદ્દાઓ ફોક્સ પોઈન્ટ તરીકે આપીને એ વિષયોમાં એમના જિલ્લાની સ્થિતિની સમીક્ષા કરાશે. આવા ફોક્સ એરિયામાં શ્રેષ્ઠ દેખાવ માટેની હેલ્ધી કોમ્પિટિશન થસે અને અધિકારીઓની એફિસિયન્સીનું સતત મોનીટરીંગ પણ શક્ય બનશે. આના પરિણામે કાર્યદક્ષતા વધશે. વિજય રૂપાણીએ કહ્યું કે આ ડેશ બોર્ડમાં હાલ ૧૭૦૦ જેટલા પેરામીટર્સ અને ઈન્ડીકેટર્સ સમાવિષ્ટ કરવામાં આવ્યા છે અને તેના સંદર્ભમાં જિલ્લા તાલુકા વિવિધ વિભાગોની કામગીરીની સમીક્ષા તલસ્પર્શી રીતે હાથ ધરીને મુખ્યમંત્રી કાર્યાલયમાંથી ૩ કોલ આફી કામગીરી પૂર્ણ કરવાની સતત સૂચના અને દેખરેખ રખાયા છે.

**અનુસંધાન પાના નં.૬**

# બાળકોને પ્રવેશ અપાવવા આગેવાનોને સૂચન કરાયું

અમદાવાદ

રાજ્ય સરકાર અતિ પછાત એવી વિચરતી-વિમુક્ત જાતિઓમાં શિક્ષણનું સ્તર વધુને વધુ ઉંચુ આવે તે માટે શિક્ષણ આપવા કટિબદ્ધ છે. સમાજના તમામ નબળા વર્ગોમાં શિક્ષણનો વ્યાપ વધે તે માટે મુખ્યમંત્રી વિજય રૂપાણી, નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ અને શિક્ષણ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા સતત પ્રયત્નશીલ છે. રાજ્ય સરકારના શિક્ષણ અંગેના ઉદેશને સાકાર કરવા તેમજ વિચરતી-વિમુક્ત જાતિના બાળકો પણ શિક્ષણ મેળવી સમાજની અન્ય જાતિના બાળકોની હરોળમાં આવી શકે તે હેતુથી રાજ્યની વિવિધ પ્રાથમિક શાળાઓમાં ચાલુ સત્રમાં પહેલા ધોરણમાં વધુને વધુ બાળકોને પ્રવેશ અપાવવા વિચરતી-વિમુક્ત

**અનુસંધાન પાના નં.૬**

# તંત્રી સ્થાનેથી ...

## ખુશીઓ વહેંચવાથી વધે છે..

## રાજકારણીઓમાં સિક્યુરીટીનો ચસ્કો !

આજના રાજકારણીઓને પર્સનલ સિક્યુરીટીનો ચસ્કો જાણીતો છે. માયાવતી, મુલાયમસિંહ, અખિલેશ, વગેરે એવા નેતાઓ છે જેમને કોઈ મારી નાખે તો શા માટે મારી નાખે ? એવા પ્રશ્નનો ઉત્તર મળે તેમ નથી. સિવાય કે તેમના અંગત જીવનના કોઈ કારણ હોય. લગભગ દરેક રાજ્યોના મુખ્યમંત્રીઓને પણ વિશેષ સિક્યુરીટી આપવામાં આવે છે. શું એ દરેકના જીવન ખરેખર ખતરામાં છે ? ના, હરગીઝ નહીં અને ખરેખર જો તેઓ રાજકારણમાં હોવાથી તેમને હત્યાની બીક લાગતી હોય તો તેમણે રાજકારણ છોડી દેવું જોઈએ. રાષ્ટ્રપતિ, વડાપ્રધાન, સંરક્ષણ મંત્રી કે કેન્દ્રીય ગૃહમંત્રીને શત્રુ દેશ તરફથી ભય હોય એટલે એમને વિશેષ સુરક્ષા કવચ મળે તે સમજી શકાય પણ તમામ આગળ પડતા નેતાઓ માટે આ વધુ પડતું જણાઈ રહ્યું છે. રાજનેતાઓ માટે સિક્યુરીટી-સુરક્ષા કવચ એક સ્ટેટસ સિમ્બોલ બની ગયું છે. દરેક નેતા કાળા લિબાસમાં સજ્જ કમાંડો વચ્ચે ચાલવાનું ઈચ્છી રહ્યા છે.

હવે ગુજરાતના નવા નવા ધારાસભ્ય જિજ્ઞેશ મેવાણી પણ પોતા માટે સિક્યુરીટી માગી રહ્યા છે. તેમણે દાવો કર્યો છે કે, કુખ્યાત ડોન રવિ પુજારીએ તેમને મારી નાખવાની ધમકી આપી છે. મેવાણીની કામગીરી ગુજરાતમાં છે. હાલ વિદેશમાં છૂપાતા ફરતા રવિ પુજારીએ મેવાણીને શા માટે ધમકી આપવી પડી તેના કોઈ કારણો આપવામાં આવ્યા નથી. રવિ પુજારીને મેવાણીમાં શું અને શા માટે રસ હોય ? મેવાણી ધમકી મળ્યાનું બધાને કહી રહ્યા છે પણ મેવાણી પોતે જાતે પોલીસ ફરિયાદ કરવા નથી જતા. શા માટે તેમણે કોઈ બીજાને ફરિયાદ કરવા મોકલ્યા અને પોતે ન ગયા ?

માયાવતી અને મુલાયમસિંહ જેવા મોટા નેતાની સિકયુરીટી ગયા વરસે ઘટાડી નાખવામાં આવી છે તે પછી તેમના પર જોખમ વધ્યું એવું કયાંય દેખાયું નથી. જીજ્ઞેશ મેવાણી માયાવતી અને મુલાયમસિંહ જેવડા મોટા નેતા તો છે નહીં. તેમને શું અને શા માટે ભય હોઈ શકે ? તેમને માધ્યમોએ સારૂં કવરેજ આપ્યું છે એટલે તેમને પોતાનું મહત્વ ઓર વધારવાની ઈચ્છા તો નથી થઈને ? કોઈ નાગરિક ઉપર ભય હોય તો પોલીસે તેની સલામતીનો વિચાર જરૂર કરવો જોઈએ પરંતુ દરેકને લાંબા ગાળાનું સુરક્ષા કવચ જનતાના ખર્ચે આપવું શક્ય ન હોઈ શકે.

રાજકારણીઓ સ્ટેટસ સિમ્બોલ તરીકે સિક્યુરીટી મેળવવા ઝંખે છે તેવી છાપ સર્વત્ર પ્રવર્તે છે અને મેવાણીની માગણી ઉપર શંકા થઈ રહી છે. અલબત તેમની ફરિયાદની તપાસ થવી જોઈએ અને તપાસમાં તથ્ય બહાર આવે તો પોલીસે કાર્વયાહી કરવી જોઈએ. પરંતુ સ્ટેટસ સિમ્બોલ રૂપે જનતાના નાણાં બરબાદ ન કરી શકાય. રાજનેતાઓ જ્યાં જાહેર કાર્યક્રમમાં જાય ત્યાં સલામતી વ્યવસ્થા ગોઠવવામાં આવે તે બરાબર છે. પણ તેમની સાથે ડગલે ને પગલે સામાન્ય પોલીસ કે કમાંડો જનતાના ખર્ચે ફરતા રહે તે બરાબર નથી. રાજનેતાને સિક્યુરીટી આપવાના નિયમોને ઘણા સમયથી સમીક્ષા જરૂરી બની છે. જેમને સતત સિક્યુરીટી જોઈતી હોય તેમને તેમના ખર્ચે આપવાનો નિયમ કરવામાં આવે તો અમને લાગે છે કે સિક્યુરીટી માગનારાઓની સંખ્યા ઘટી જઈ શકે છે.

રાજનીતિ આજે વ્યવસાય બની ગઈ છે. લોકોની સેવા કરતાં પોતાની કારકિર્દી ઘડવા લોકો રાજનીતિમાં આવતા થયા છે. ધારાસભ્યો, સંસદ સભ્યો અને પ્રધાનો સેવા કરવાનો દાવો કરે છે અને તગડા પગાર અને ભથ્થા પણ માંગતા રહે છે. તેઓ સેવા કરવા નહી પણ પોતાના પરિવારનું ગુજરાન ચલાવવા રાજનેતા બન્યા છે તેવું તેમના આ વલણથી સ્પષ્ટ જણાઈ રહ્યું છે. સરકાર દ્વારા દરેક ધારાસભ્ય-સાંસદને કેટલાક ખાસ ભથ્થા આવામાં આવે છે તેમ એક ઓર વધારાનું સિક્યુરીટી એલાઉંસ આપવાનું બાકી રહ્યું છે. તેમને જે તગડા પગાર મળે છે તેમાંથી તેઓ પોતાની સલામતીની વ્યવસ્થા કરે તેવું તેમને જણાવી દેવું જોઈએ. જો રાજનીતિ તેમને જીવન માટે જોખમી લાગતી હોય તો તેમણે બીજો વ્યવસાય શામાટે શોધવો ન જોઈએ ?

તેઓ જેમ સેવા કરે છે તેમ પત્રકારો પણ સેવા કરે છે. રાજનેતાઓને જેવો ભય હોય તે કરતાં પત્રકારોને વધુ ભય હોય છે. દેશભરમાં રાજનેતાઓની હત્યા નહીં થઈ હોય તેટલી સંખ્યામાં પત્રકારોની થઈ છે. તેમણે જોખમી કારકિર્દી સ્વીકારી છે તો તેની સલામતી તેમણે પોતે વિચારવી પડે છે. અથવા તેઓ ડરપોક હોય તો પોતાનો વ્યવસાય બદલી નાખી શકે છે. કોઈ વેપારી કે ઉદ્યોગપતિ પોતાન વ્યવસાયમાં મોટું રોકાણ કરે છે. ક્યારેક નફો કમાય છે તો કયારે મોટું નુકશાન પણ વેઠે છે. જ્યારે નુકશાન સહન થઈ શકે તેવું ન હોય ત્યારે તે પોતાનો વ્યવસાય બદલી કાઢે છે.

દેશની રાજનીતિમાં ઈન્દિરા શાસનની સ્થાપના પહેલાં રાજનેતાઓને સિક્યુરીટી માટે માગણી કરવી નહોતી પડતી, હવે શા માટે કરવી પડે છે ? તે વખતે પણ ઓખું ઓખું બોલનારા નેતાઓ ધારાગૃહો અને ધારાગૃહોની બહાર પણ હતા. ત્યારે તેમને કોઈ મારી નાખશે એવો ભય નહોતો લાગતો, હવે કેમ લાગે છે ? પાંચ છ દાયકા પહેલાં ર૫૦ રૂપિયાના માસિક વેતનથી ધારાસભ્યો સેવા કરતા હતા અને હવે હજારો રૂપિયા લઈને મોંઘી કારોમાં ફરતા થઈ ગયા છે. ધારાસભ્ય કે સાંસદ શું, નગરપાલિકામાં નગરસેવક તરીકે ચુંટાતા પહેલાં જેની પાસે સાયકલ પણ માંડ હોય તેવી વ્યક્તિઓ આજે થોડા સમયમાં મોંઘી કારમાં ફરતી થઈ શકે છે. સ્ટેટસ સિમ્બોલ માટે તેઓ પ-૧૫ લાખની કાર ખરીદી શકે તો સિક્યુરીટી વ્યવસ્થા શા માટે ન ખરીદી શકે ?

## સાવધાન..!! નોકરીના સતત સ્ટ્રેસથી હદયના ધબકારા અનિયમિત થઈ શકે છે

કામના સ્થળે થોડોક સ્ટ્રેસ તો રહેવાનો જ એવું આજના દરેક પ્રોફેશનલે સ્વીકારી લીધું છે, જોકે જોબમાં વર્ક પ્રેશર ખૂબ જ વધારે અને સતત રહેતું હોય તો એ તમારા હ્દયના સ્નાયુઓને નબળા પાડે છે.

નિષ્ણાતોનું કહેવું છે કે પહેલાંથી કામના સ્ટ્રેસને કોરોનરી હાર્ટ ડિસીઝ સાથે સાંકળવામાં આવ્યો છે, જોકે વર્ક સ્ટ્રેસ એ માણસોએ જાતે ઊભું કરેલું ફેક્ટર છે. રક્તવાહિનીઓ અને હ્દયના મસલ્સના સ્વાસ્થ્ય માટે દિવસના અમુક કલાકથી વધુ સમય સ્ટ્રેસમય જીવવાનું હિતાવહ નથી.

જે લોકો કામના સ્થળે સતત તણાયેલા, ચિંતામાં અને ભાર તળે દબાયેલા હોય એવું ફીલ કરતા હોય તેમને હ્દયના ધબકારાની ગતિમાં વધારો થવાનું લક્ષણ જોવા મળે છે.

**'રખેવાળ' ના આ પાના ઉપર પ્રસિધ્ધ થતી વિગતો અને લેખો જે તે લેખકના વ્યકિતગત મૌલિક વિચારો ઉપર આધારીત હોય છે. તેની સાથે તંત્રી-સંપાદક સહમત નથી. જે તે વિગતો અને લેખોની સંપૂર્ણ જવાબદારી લેખકોની જ રહેશે.**

## આઈડિયા રિચાર્જની સાથે અનલિમિટેડ વીડિયો જુઓ, નિશ્ચિત કેશબેક અને આકર્ષક પુરસ્કાર જીતો




આઈડિયા સેલ્યુલરે પોતાના પ્રિપેઈડ ગ્રાહકો માટે એક મેગા અભિયાન લૉન્ચ કર્યું છે, જે રિચાર્જ કરાવવા પર અનલિમિટેડ કૉલ્સ, ભરપૂર ડેટા, નિશ્ચિત કેશબેક અને કાર, બાઈક, સ્માર્ટફોન જેવા આકર્ષક ઈનામો આપશે. ભારતમાં ડેટા ઉપયોગમાં આક્રમક વૃદ્ધિ થઈ છે જેનાથી દર સમયે ઉચ્ચ મોબાઈલ વીડિયોનો વપરાશ થાય છે. ભારતમાં ડેટાનો કુલ વપરાશ અમેરિકા અને ચીનના સંયુક્ત વપરાશથી પણ વધુ છે, આ માટે ભારત ડેટાના ઉપયોગની બાબતમાં દુનિયામાં સૌથી ઉપર છે. આઈડિયાના નવા અભિયાન વીડિયો વ્યૂઈંગ દ્વારા ડેટાના ઉપયોગને પ્રોત્સાહન મળશે અને કેશ બેક અને અન્ય પુરસ્કારો દ્વારા ગ્રાહકોને ફાયદો થશે. આઈડિયાએ જીતો બેજીજક નામક આકર્ષક નવી ઓફર રજી કરી છે, જેમાં આઈડિયા ગ્રાહકોએ ૧૦૦ રૂ. કે વધુ મૂલ્યનું રિચાર્જ કરાવવાનું હશે. પછી તેમણે ૨૦ રૂ.ની નિશ્ચિત કૂપન મળશે, જે ૧૦૦ રૂ. કે તેનાથી વધુના રિચાર્જ પર આઈડિયાની વેબસાઈટ પર એપ પર રિડીમ કરી શકાશે. આ ઓફર ૦૫ જૂનથી શરૂ થઈ જે ૧૫મી ઓગસ્ટ સુધી લાગૂ રહેશે. આ ટીવીસીના મધુર ટ્રેક્સમાં કબીરના દોહેનું આધુનિક રૂપ – 'કલ દેખો સો આજ દેખ, આજ દેખો સો રાઈટ નાઉ' આજના યુવાનોની હરપળમાં જિંદગી જીવવાના રૂખનું વર્ણન કરે છે. ઑન ડિમાન્ડ વીડિયો કન્ટેન્ટની માંગ માટે પર્યાપ્ત ૪જી ડેટાની જરૂરિયાત છે. આઈડિયા ૪જીની સાથે જોતા રહો બેજીજક અભિયાન એક ઈંટીગ્રેટેડ ૩૬૦ ડિગ્રી અભિયાન છે, જે ૧૦૪ ટેલીવિઝન ચેનલો, રેડિયો, ઓઓએચ અને ડિજીટલમાં પ્રસારિત થશે.

## પીઢ અભિનેતા અનિલ ધવન રૂપ... મર્દ કા નયા સ્વરૂપમાં પ્રવેશ કરે છે



રૂઢિવાદને નષ્ટ કરવા અને પુરુક્ષ પ્રધાન સમાજની સંવેદનાઓ પર પ્રશ્ન કરવાના હેતુ સાથે, કલર્સના રૂપ... મર્દ કા નયા સ્વરૂપે દર્શકો માંહે સરસ પ્રતિક્રિયાઓ દર્શાવેલ છે. રૂપ...મર્દ કા નયા સ્વરૂપ દર સોમવારથી શુક્રવાર રાત્રે ૯.૦૦ કલાકે કલર્સ પર પ્રસારિત થાય છે.

પોતાની સરસ પાત્ર ગૂંથણી અને તરબોળ કરી દેનાર વર્ણનમાં ઉમેરો કરવા નિર્માતાઓએ પીઢ અભિનેતા અનિલ ધવનને રૂપના મોસાળ દાદા – કરસન દાસની ભૂમિકા ભજવવા ઉતારેલ છે. કરસન દાસ રૂપના નાના (મોસાળ દાદા) છે જે ડાહ્યા અને પ્રેમાળ છે. તેઓ એક માત્ર છે જે રૂપના પડકારરૂપ પ્રશ્નોના જવાબ શાન્તિથી આપે છે. તેઓ બાળકોને ઉછેરવાની શમશેર(યશ ટોન્ક)ની રીતથી વિરુદ્ધ છે અને આથી એ વાતની ચોકસાઈ રાખે છે કે રૂપ દ્વારા રૂઢિવાદ પર પૂછવામાં આવેલ દરેક પ્રશ્નનો જવાબ સારી રીતે આપવામાં આવે. વધુ જાણવા માટે, દર સોમવારથી શુક્રવાર રાત્રે ૯.૦૦ કલાકે જોતાં રહો રૂપ...મર્દ કા નયા સ્વરૂપ ફક્ત કલર્સ પર

## મોહિત મલિક : "અદિતિએ અમારા ખરાબ સમયમાં ઘરેણા પણ વેચી દીધા હતા"



હોસ્ટ રાજીવ ખંડેલવાની સાથે એક ભાવુક ચર્ચામાં, પ્રસિદ્ધ અભિનેતા મોહિલ મલિકે તેના શરૂઆતના દિવસો અને તેની સફળતામાં તેની પત્નિના ફાળા અંગેની ચર્ચા કરી હતી

ઝી ટીવીના સપ્તાહના અંતના ચેટ શો, 'જઝબાત... સંગીન સે નમકીન તક'એ દર્શકોને રોહિત અને રોનિત રોય, અદા ખાન, દિવ્યાંકા ત્રિપાઠી, ધિરજ ધૂપર, રાખી સાવંત, બરુણ સોબતી, કરણ પટેલ, આશકા ગોરડિયા અને અન્ય ઘણા પ્રસિદ્ધ સેલિબ્રિટીઓના વ્યક્તિગત જીવનને નજીકથી જોવાનો અને તેમનાથી નજીક જવાનો મોકો આપ્યો છે. આગામી એપિસોડમાં શો ભારતીય ટેલિવિઝનના ચમકતા સિતારા મોહિત મલિકના આગમનના સાક્ષી બનશે જે તેની મિત્ર- અત્યંત સુંદર અભિનેત્રી પૂજા બેનરજી સાથે હાજરી આપશે અને હોસ્ટ રાજીવ ખંડેલવાની સાથે દિલ ખોલીને ચર્ચા કરશે.

એપિસોડમાં ચર્ચા દરમિયાન મોહિતે તેના મહેનતના દિવસો યાદ કર્યા અને કઈ રીતે તેની પત્નિ અદિતી તેની સાથે એક મજબુત પિલરની જેમ ઉભી રહી અને તેને આ અગ્નિપરિક્ષામાં ટકી રહેવા માટે મદદ કરી છે, તે જણાવ્યું હતું. મોહિત ખૂબ જ ભાવુક બની ગયો જ્યારે તેને તેનું ભૂતકાળ યાદ કર્યું હતું. 'જ્યારે મેં અને અદિતિએ લગ્ન કર્યો, અમે નાણાકીય સ્થિર ન હતા. અદિતિએ ત્યારે અમારી જરૂરિયાત પૂરી કરવા માટે તેની જ્વેલરી પણ વેચી દિધી હતી. મને સહકાર આપવા માટે તેને તેની કારકીર્દી પણ છોડી દીધી અને તેને જે બલિદાન આપ્યું છે, હું હંમેશા તેનો આભારી રહીશ. હું આજે જે કંઈપણ છું તે ફક્ત તેના સહકારના લીધે જ છું.' જ્યારે મોહિત તેના આ પ્રેમનો આભાર માનતો હતો, ત્યારે જ અદિતીએ શોમાં પ્રવેશ કરીને તેને આશ્ચર્યમાં નાખી દીધો. મોહિત મલિક અને કૃણાલ વર્માએ કેટલાક મસ્તીભર્યા કિસ્સાઓ જણાવ્યા જ્યાં હાસ્યની છોળો ઉડી. બધામાં એક વાત કરીએ તો, આ શનિવારે દર્શકો માટે ભરપૂર મનોરંજન છે, આ બે પ્રેમાળ જોડીઓ સાથે આવે અને દર્શકોને એક મસ્તીભરી રાઈડ પર લઈ જશે વધુ જાણવા માટે જોતા રહો, જઝબાત્ત... સંગીન સે નમકીન તક દર શનિવારથી રવિવાર, સાંજે ૭ વાગ્યે ફક્ત ઝી ટીવી પર!

## એમ-જંક્શન પોતાની ઈ-પ્રોક્યુરમેન્ટ એપ ક્લાઉડ પર મૂકે છે



વિશ્વમાં ઉત્પાદનોને પ્લેટફોર્મ પર શિફ્ટ કરતા, ભારતની સૌથી મોટી બી ર બી ઈ-કોમર્સ કંપની એમજંક્શન સર્વિસીઝ લિમિટેડ, ઈ- પ્રોક્યુરમેન્ટ એપ્લિકેશનને લાઈબ્રેશન સોફ્ટવેર તરીકે તેને ક્લાઉડ પર ઉપલબ્ધ બનાવવા માટે સ્થાનાંતરિત કરી છે - એક પ્લેટફોર્મ જે હવે વધુ ઓર્ગેનાઈઝેશન્સને અસરકારક રીતે તેમના સપ્લાયર્સ સાથે વધુ કનેક્ટ કરવા માટે ઉપલબ્ધ છે.જો કે, એમજંક્શનનું ઈ-પ્રોક્યુરમેન્ટ પ્લેટફોર્મ સંસ્થાને તેમના પોતાના વર્કફ્લો અને નિયમોને ડિઝાઇન કરવા અને તેમના જરૂરિયાત મુજબ સિસ્ટમને રૂપરેખાંકિત કરવા માટે પરવાનગી આપે છે.''આ નવું યુઝર-ફ્રેન્ડલી પ્લેટફોર્મ સિમ્પલ ટૂ કોમ્પ્લેક્ષ પ્રોક્યુરમેન્ટ સહાયતા માટે સમર્થ છે, જે સમગ્ર પ્રોક્યુરમેન્ટ લાઈફ સાઈક્લને આવરી લે છે.આટલું જ નહિ, આ ઓર્ગેનાઈઝેશન્સ ને "પે એઝ યે યુઝ" નો વિકલ્પ આપે છે.- જેનો અર્થ એ છે કે એકવાર તેઓ સાઈન-અપ ફી ચૂકવે છે, તો તેઓને માત્ર પ્લેટફોર્મ મારફતે કરેલા વ્યવહારો માટે જ ચૂકવણી કરવાની જરૂર છે, અને અન્યથા નહી.આ સંસ્થાઓને અપફ્રન્ટ કેપિટલ ઈન્વેસ્ટમેન્ટ બનાવવા માટે મદદ કરે છે,- મિસ્ટર વર્માએ માહિતી આપી.

## જહોનસન એન્ડ જહોનસને સ્વાસ્થ્ય અને માનવતાના લક્ષ્યાંકો પ્રત્યે વિકાસ જાહેર કર્યો છે

જહોન્સન એન્ડ જોહ્નસનને આજે તેનો ૨૦૧૭ માનવતા માટે સ્વાથ્ય રિપોર્ટ, જાહેર કર્યો છે જે મહત્વાકાંક્ષી સામાજિક, પર્યાવરણીય અને શાસન તરફે બધા માટે વધુ સારા સ્વાસ્થ્યને ચલાવવા માટે કંપનીના ધ્યેયને આગળ વધારવા માટે પ્રતિબદ્ધતાનો અભિગમ અને નોંધપાત્ર પ્રગતિ દર્શાવે છે. રિપોર્ટ જહોન્સન એન્ડ જોહ્નસનની ભારતમાં અગ્રણી જાહેર આરોગ્ય પહેલને, ટ્યુબરક્યુલોસિસ જેવા ઘાતક રોગોને નાબૂદ કરવાના દેશના પ્રયત્નોને ટેકો આપવા પર વિશેષ ધ્યાન આપવા સાથે, પ્રસૂતિ અને શિશુ સંભાળની પ્રગતિ અને કાર્યસ્થળે વિવિધતા અને સમાવેશને વધારવા માટે કંપનીના પ્રયાસોને હાઈલાઈટ કરે છે.''અમારૂ કામ સ્વસ્થ સમાજ તરફ દબાણ કરે છે અને અમારૂ કામ હ્જી પૂર્ણ નથી થયુ તેવા રિમાઈન્ડર સાથે કામ કરે છે. અમારે પોતાના માટે અને હેલ્થકેર ઉદ્યોગ માટે વિશાળ પાયે બાર વધારવાનું ચાલુ રાખવું જોઈશે, જેથી અમે દરેક જગ્યાએ લોકોના હ્દય અને મનમાં અમારું સ્થાન મેળવવાનું ચાલુ રાખી શકીએ છીએ.'' રોગ નિવારણ અને અટકાવવાની અમારી પ્રતિબદ્ધતા જાળવી રાખવી – ટીબી-મુક્ત ભારત માટે સહયોગી જહોન્સન એન્ડ જોહ્નસન દરેક સ્તર પર ડ્રગ રેઝિસ્ટન્ટ ટીબીનો સામનો કરવા માટે ભારત સરકારનો પ્રતિબદ્ધ ભાગીદાર છે. આજની તારીખ સુધી, કંપનીએ અંદાજે ૧૧,૦૦૦ બેડાક્વિલાઈન કોર્સ દાનમાં આપ્યા છે, પ્રથમ નવી ટીબી સારવાર લગભગ ૫૦ વર્ષોમાં, યુનાઈટેડ સ્ટેટ્સ એજન્સી ફોર ઈન્ટરનેશનલ ડેવલપમેન્ટ સાથે દાન કાર્યક્રમના ભાગ રૂપે (USAID), તેના રહેમિયત ઉપયોગ પ્રોગ્રામ્સ અને શરતી ઍક્સેસ પ્રોગ્રામ (CAP). આ ઉપરાંત, જહોન્સન એન્ડ જોહ્નસન દવાઓની યોગ્ય ઉપયોગને સુનિશ્ચિત કરવા, ટીબીના ક્લિનિકલ મેનેજમેન્ટ પર ૪,૦૦૦ થી વધુ આરોગ્ય સંભાળ કામદારોને તાલીમ આપવા અને મલ્ટી-ડ્રગ રેઝિસ્ટન્ટ- (MDR-) ટીબી; નિદાન સુધી પહોંચવા માટે આશરે ૩૫,૦૦૦ એક્સ-રે પરીક્ષણો અને ૨૦,૦૦૦ મોલેક્યુલર પરીક્ષણો પૂરા પાડવા માટે કેન્દ્ર અને રાજય સ્તરે ભાગીદારી કરી છે; અને સમુદાયના સ્તરે લગભગ ૧૧ મિલિયન લોકોમાં ટીબી રોગ અંગે જાગૃતિ ઉભી કરવામાં મદદ કરી.

## સ્વીટરઝલેન્ડ ટુરીઝમ દ્વારા રણવીર સિંઘને લઈને નવા કેમ્પેઈનની રજુઆત



સ્વીટઝરલેન્ડ ટુરીઝમે ૨૦૧૮-૧૯ માટે તેના બ્રાન્ડ એમ્બેસેડર રણવીર સિંઘ સાથે નવા કેમ્પેઈનની જાહેરાત કરી છે. આ કેમ્પેઈન રણવીરની હાલની લેક જીનવીમાની ટ્રીપના ફીટનેસ અનુભવ ને રજુ કરે છે જેમા મોન્ટ્રેક્સ અને લુસેન્સ શહેરોનો પણ સમાવેશ છે.

નવી પેઢીના પોસ્ટર બોય રણવીર સિંઘ સ્વીટઝરલેન્ડ સાથે સુસંગત રીતે જોડાયેલ છે જેવી રીતે મિલિયન્સ ભારતીયો માટે સ્વીટઝરલેન્ડ સૌથી વધુ રોમેન્ટીક જગ્યા છે. બ્રાન્ડના ચહેરા તરીકે રણવીર તેના દરેક પાસાઓ દર્શાવ છે - રોમાન્સ, એડવેન્ચર ,કલ્ચર, ગેસ્ટ્રોનોમી અને વેલનેસ. એડમાં રણવીર ઈન્ડિયાને જીનીવાની વર્ચ્યુઅલ ટુર પર લઇ જાય છે જે દરેકના અંદરના મુસાફરને તેજ ક્ષણે સ્વીટઝરલેન્ડની ટ્રીપ કરવા ઝંઝોળે છે. આ પર ચિત્રિત આ ફિલ્મ My Switzerland.com/RanveerSingh ઉપર જોઇ શકાશે.૨૦૧૭માં સ્વીટઝરલેન્ડમાં રોકનાર ભારતીયોની સંખ્યામાં ૨૫% વધારો નોંધાયો હતો. અમે એ પણ જોયુ છે કે વધુ ને વધુ ભારતીયો ઓછા જાણીતા સ્થળોની મુલાકાત લે છે એડવેન્ચર કરે છે ,સ્થાનીક આહાર માણે છએ અને સ્વીટરઝલેન્ડમાં વધુ રોકાણ કરે છે.

## બીએસએનએલએ નવા ટેરિફ પ્લાન રજૂ કર્યા

અમદાવાદ

ભારત સંચાર નિગમ લિમિટેડ, ગુજરાત સર્કલે ખાતે પ્રેસ કોન્ફરન્સનું આયોજન કર્યું હતું અને કંપનીએ ગ્રાહકો માટે રજૂ કરવામાં આવેલા નવા પ્લાન્સ વિશે માહિતી આપી હતી. આ પ્રસંગે મુખ્ય મહાપ્રબંધક ડૉ.પ્રદીપકુમાર હોતાએ જણાવ્યું હતું કે,બીએસએનએલે પતંજલીના સહયોગથી નવો મોબાઈલ પ્લાન શરૂ કર્યો છે. આ પ્લાન અંતર્ગત ગ્રાહક માત્ર રૂા. ૧૪૪માં ભારતના કોઈપણ નેટવર્ક પર અમર્યાદિત કોલ્સ, ૨જીબી/દિવસ ડેટા અને ૧૦૦ એસએમએસ/ દિવસ રોમિંગ સાથે ૩૦ દિવસ માટે કરી શકશે. માત્ર રૂા. ૭૯૨/- અથવા રૂા. ૧૫૮૪/- માં ગ્રાહક ક્રમશઃ ૧૮૦ દિવસ કે ૩૬૫ દિવસ માટે આ સુવિધા મેળવી શકે છે. આ પ્લાન પતંજલિ પરિવાર અને સ્વદેશી સમૃદ્ધિ કાર્ડધારકો માટે ઉપલબ્ધ રહેશે. શિશપાલજી, પતંજલિ પ્રભારી, ગુજરાતે જણાવ્યું હતું કે, નાગરિકો પતંજલી સ્વદેશી સમૃદ્ધિ કાર્ડ દ્વારા બીએસએનએલમાં જોડાઈ શકે છે અને પતંજલિ પ્રોડક્ટ્સ પર ૧૦ ટકા ડિસ્કાઉન્ટ મેળવી શકે છે.

બીએસએનએલ દ્વારા નવા બ્રોડબેંડ ગ્રાહકો માટે ૪૫ જીબી, ૧૫૦ જીબી, ૩૦૦ જીબી, અને ૬૦૦ જીબીના કોમ્બો પ્લાન્સ અનુક્રમે રૂા. ૯૯, રૂા. ૧૯૯, રૂા. ૨૯૯ અને રૂા. ૪૯૧ પ્રતિ માસના ભાડામાં શરૂ કરેલ છે. આ દરેક પ્લાનમાં દરરો જ અનુક્રમે ૧.૫ જીબી, ૫ જીબી, ૧૦ જીબી અને ૨૦ જીબી ડેટા ૨૦ એમબીપીએસ સુધીની સ્પીડ પર મળશે અને ત્યારબાદ ૧ એમબીપીએસ સુધીની સ્પીડથી અનલિમિટેડ ડેટની સુવિધા સાથે આ બધા જ પ્લાનમાં દેશભરના બધા જ નેટવર્ક પર અનલિમિટેડ ફ્રી કોલિંગની સુવિધા મળશે. આ પ્લાન્સનો લાભ એફટીટીએચ ગ્રાહકોને મળશે નહીં. તદુપરાંત આ પ્લાનમાં જોડાયેલા ગ્રાહકોને છ માસ પૂરા થયેથી રેગ્યુલર કોમ્બો પ્લાનમાં તબદીલ કરવામાં આવશે.

એફટીટીએચ ગ્રાહકો માટે હાઈ-સ્પીડ કોમ્બો પ્લાન પણ લાગુ કરવામાં આવેલ છે. જેમાં ફક્ત રૂા. ૧૨૭૭ પ્રતિ માસમાં ૧૦૦ એમબીપીએસ સુધીની સ્પીડ ૭૫૦ જીબી સુધી અને રૂા. ૭૭૦ પ્રતિ માસમાં ૫૦ એમબીપીએસ સુધીની સ્પીડ ૫૦૦ જીબી સુધી મળશે. ત્યારબાદ ટુ એમબીપીએસની સ્પીડ સાથે અનલિમિટેડ ડેટા અને દેશભરના બધા જ નેટવર્ક પર અનલિમિટેડ ફ્રી કોલિંગની સુવિધા મળશે.

તથા પરિવારના બધા સભ્યોની જરૂરિયાતને ધ્યાનમાં રાખતા માત્ર રૂા. ૧૧૯૯ પ્રતિ માસમાં એક બ્રોડબેંડ કનેક્શન અને ત્રણ મોબાઈલ કનેક્શન મળશે. આ તમામ કનેક્શન પર અનલિમિટેડ ડેટા અને દેશભરના બધા જ નેટવર્ક પર અનલિમિટેડ ફ્રી કોલિંગની સુવિધા મળશે.

## રાઈટ્સ લિમિટેડની ઓફર ૨૦ જૂનના ખુલશે અને ૨૨ જૂનના બંધ થશે




અમદાવાદ

રાઈટ્સ લિમિટેડ ("કંપની"), ભારત સરકારની સંપૂર્ણ માલિકીની કંપની, એક મિનીરત્ન (શ્રેણી એક), શિડ્યુલ 'એ' જાહેર ક્ષેત્રની કંપની, તેનું પ્રારંભિક જાહેર ભરણું ("આઈપીઓ" અથવા "ઓફર") લાવી રહી છે, જે બુધવાર, ૨૦ જૂન ૨૦૧૮ના રોજ ખુલશે અને શુક્રવાર, ૨૨ જૂન ૨૦૧૮ના રોજ બંધ થશે, જેમાં કંપનીના રૂ.૧૦ની મૂળ કિંમતના પ્રતિ ઈક્વિટી શેર ("ઈક્વિટી શેર") પ્રાઈસ બેન્ડ રૂ. ૧૮૦-રૂ.૧૮૫ રહેશે. આ પ્રારંભિક જાહેર ભરણું ૨૫,૨૦૦,૦૦૦ ઈક્વિટી શેર્સ માટે છે જે દેશના રાષ્ટ્રપતિ મારફ્ત, જેઓ ભારત સરકારના રેલવે મંત્રાલય થકી કાર્ય કરી રહ્યા છે. નેટ ઓફર ૨૪,૦૦૦,૦૦૦ ઈક્વિટી શેર્સ માટેની છે અને કર્મચારી અનામત હિસ્સો ૧૨,૦૦,૦૦૦ ઈક્વિટી શેર્સનો છે.ઓફરના ઉદ્દેશ આ મુજબ છે (i) કંપનીના સેલિંગ શેરહોલ્ડર્સ દ્વારા ૨૪,૦૦૦,૦૦૦ ઈક્વિટી શેર્સનું ડિસઈન્વેસ્ટમેન્ટ, જે નેટ ઓફર પ્રમાણે કંપનીની ઈશ્યુડ, સબસ્ક્રાઈબ્ડ અને પેઈડ-અપ ઈક્વિટી શેર કેપિટલના ૧૨% સમકક્ષ છે, અને તેમાં ૧૨,૦૦,૦૦૦ ઈક્વિટી શેર્સ કર્મચારી અનામત હિસ્સાના રહેશે. અને (ii) કંપનીના શેર્સનું શેર બજારોમાં લિસ્ટિંગ થવાના લાભો મેળવવા માટે. વધુમાં કંપની એવી આશા રાખે છે કે તેના ઈક્વિટી શેર્સના લિસ્ટિંગથી તેની દ્રષ્ટિગોચરતા તથા બ્રાન્ડ ઈમેજ વધશે અને શેરહોલ્ડર્સને પ્રવાહિતા પ્રાપ્ત થશે. સિક્યોરિટીઝ કોન્ટ્રાક્ટ્સ (નિયમનો) નિયમો, ૧૯૫૭, સુધાર્યા પ્રમાણે. ("એસસીઆરઆર"), ના નિયમ ૧૯(૨) (બ) અંતર્ગત આ ઓફર અમારી કંપનીની ઈશ્યુ પછીની પેઈડ-અપ કેપિટલના કમ સે કમ ૧૦% માટે છે. સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (મૂડીભરણું અને સ્પષ્ટતાની જરૂરિયાતો) નિયમનો, ૨૦૦૯, સુધારા સહ (સેબી આઈસીડીઆર રેગ્યુલેશન્સ")ના કાયદા ૨૬(૧) જેને નિયમન ૪૩ સાથે વાંચવામાં આવે છે, મુજબ આ ઓફર બુક બિલ્ડિંગ પ્રક્રિયા હેઠળ કરવામાં આવી રહી છે, જેમાં નેટ ઓફરનો ૫૦%થી વધુ નહીં તેટલા હિસ્સો ક્વોલિફાઈડ ઈન્સ્ટિટ્યુશનલ બાયર્સ ("ક્યુઆઈબીઝ") ("ક્યુઆઈબી હિસ્સો")ને પ્રમાણસર ફાળવવા માટે અનામત રહેશે. ક્યુઆઈબી હિસ્સાના ૫% માત્ર મ્યુચ્યુઅલ ફંડ્સને પ્રમાણસર ફાળવવા માટે એ શરતે ઉપલબ્ધ રહેશે કે તેમની પાસેથી ઓફર કિંમતે કે તેથી વધુ કિંમતે માન્ય અરજીઓ પ્રાપ્ત થશે. જોકે મ્યુચ્યુઅલ ફંડ્સની સંયુક્ત માત્ર ક્યુઆઈબી હિસ્સાના પાંચ ટકાથી ઓછી રહેવાની સ્થિતિમાં, મ્યુચ્યુઅલ ફંડ્સ હિસ્સાના બાકી રહેલા ક્યુઆઈબી હિસ્સાના શેર્સ ક્યુઆઈબીઝને પ્રમાણસર ફાળવવા માટે ઉપલબ્ધ રહેશે.

## કલર્સના સિલસિલા બદલતે રિશ્તોં કા વડે અદિતિ શર્માનું બાળપણનું શમણું સાકાર થાય છે



આજે સબંધો અગાઉ કરતાં વધારે જટિલ બની ચૂકયાં છે અને આજ કાલના સમયમાં સબંધોની આવી જટિલતા પર પ્રકાશ પાડતાં, આજ કાલની પ્રેમ કહાણીઓ છે કલર્સની તાજેતરની ડ્રામા પ્રસ્તુતિ – સિલસિલા બદલતે રિશ્તોં કા. સાથે ફિકશન શો કેટેગરીમાં પોતાની સ્થિતિને વધુ મજબૂત બનાવવા સુસજજ છે. શો મૌલી(અદિતિ શર્મા) અને કુણાલ (શક્તિ અરોડા)ની મુસાફરીને અનુસરે છે જેઓ પરફેકટ સબંધ અને પરફેકટ જીવનવાળું પરફેકટ યુગલ હતું, કહ્યાગરી અને પ્રેમાળ નંદિની(દ્રષ્ટિ ધામીએ તેમની દુનિયામાં પગ મૂકયો અને આને સદૈવ માટે બદલી ન દીધું. કલાકે સિલસિલા બદલતે રિશ્તોં કા દર સોમવારથી શુક્રવાર રાત્રે ૧૦-૦૦ કલાકે કલર્સ પર પ્રસારિત થાય છે. દેખિતી રીતે, અદિતિ શર્મા શો નો ભાગ હોવા બાબતે અત્યંત ઉત્તેજીત છે ખાસ કરીને કારણ કે મૌલીના પાત્ર મારફત તેણીનું બાળપણનું શમણું સાકાર થવા જઈ રહેલ છે. તેણીએ એમ કહી છતું કરે છે, "હું મૌલીની ભૂમિકા ભજવવા બાબતે ખૂબ જ ઉત્તેજીત છું, કેમ કે મારા પિતા અને મારા ભાઈ–બહેનો પણ ડોકટર છે. એક બાળક તરીકે, હું અવારનવાર એમનો ડોકટરનો કોટ પહેરી લેતી. સિલસિલા બદલતે રિશ્તોં કા માં આ પાત્ર મને જાણે મારા બાળપણના શમણાંઓમાંનું એક પરીપૂર્ણ થઈ રહેલ હોવાની લાગણી કરાવનાર છે. તેણીના પાત્ર અંગે પૂછવા પર, તેણી વધુમાં એક મહી ઉમેરે છે, "મૌલી મસ્ત–આત્મા, સ્વચ્છંદ સ્ત્રી છે જે પોતાના પતિને ચાહે છે અને સંપૂર્ણપણે પોતાની સાથે લાગતી વળગતી છે કેમ કે હું ઘણું ખરું એના જેવી છું." દર સોમવારથી શુક્રવાર રાત્રે ૧૦-૦૦ કલાકે સિલસિલા બદલતે રિશ્તોં કા ઝડપી પાડો ફક્ત કલર્સ પર!

### ભારતમાં દર વર્ષે થાય છે ૧૨ લાખ યુનિટ રક્તની ઉણપ

અમદાવાદ

દેશમાં ૫૧.૨ કરોડ જેટલી જનસંખ્યા છે જે રક્તદાન કરી શકે છે, તેમ છતાં અહીં ૧૨ લાખ યુનિટથી પણ વધારે ઉણપ રહે છે."રક્તદાન શ્રેષ્ઠ કાર્યોમાંથી એક છે જે વ્યક્તિ સમાજની ભલાઈ માટે કરી શકે છે. જ્યારે તમારા રક્તદાનથી કોઈ અન્ય વ્યક્તિનો જીવ બચી જાય છે ત્યારે ખુશી અનુભવાય છે, પરંતુ ૨૧મી સદીમાં આવી ગયા પછી, આજે પણ કેટલાક લોકો રક્તદાન કરતા ગભરાય છે, અને કેટલાક લોકો એવા પણ છે જે સ્વાસ્થ્ય માટે સુરક્ષિત માનતા નથી. કેટલાક લોકો પહેલી વાર રક્તદાન કરતા ગભરાય છે, તેમને લાગે છે કે રક્તદાન કરવાથી અશક્તિ અથવા અસ્વસ્થ થવાનો અહેસાસ થશે. લોકોએ વિચારવું જોઈએકે દેશમાં હજારો એક્સીડેન્ટ થાય છે, કરોડો ટ્રોમા કેસ હોય છે અને તેમને સર્જરી અથવા ઓપરેશન ની જરૂર હોય છે તેમને રક્ત ચઢાવવાની જરૂર પડે છે, એટલું જ નહિ કેટલાક પ્રસુતિના કિસ્સાઓમાં કેટલાક યુનિટ રક્તની આવશ્યકતા હોય છે. અમારો ઉદ્દેશ્ય જરૂરિયાતવાળા દર્દીને સલામત અને સારી ગુણવત્તાનું રક્ત અને અન્ય રક્ત ઉત્પાદ પ્રદાન કરવાનો છે."

ભારતમાં લાઈસન્સ પ્રાપ્ત બ્લડ બેંકની સંખ્યા ૨૭૦૦થી વધુ છે, અને રક્તદાનને પ્રોત્સાહન આપવા માટે પણ તમામ પહેલ કરવામાં આવી છે. વધુ ને વધુ લોકોને રક્તદાન માટે પ્રોત્સાહિત કરવા તમામ અભિયાન ચલાવી રહ્યા છે

ગુજરાતની વસ્તી ૬૦ મિલિયન જેટલી છે અને ત્યાં ૧૩૬ લાઈસન્સ ધરાવતી બ્લડ બેંક છે, જે ૮ લાખ યુનિટથી વધારે રક્ત એકત્ર થાય છે. અમદાવાદમાં લગભગ ૮ લાઈસન્સ ધરાવતી બ્લડ બેંક છે.

## ખરાબ ફોર્મના કારણે ખુબ પરેશાનજોકોવિક વિમ્બલ્ડનમાં ન રમે તેવી શક્યતા




પેરિસમાં રોલેન્ડ ગેરોસ ખાતે વર્ષની બીજી ગ્રાન્ડસ્લેમ ફ્રેન્ચ ઓપન ટેનિસમાં ખરાબરીતે હારી ગયા બાદ નોવાક જોકોવિક ખુબ જ હતાશ થયેલો છે.

સર્બિયાનો આ ખેલાડી વિમ્બલ્ડન ટેનિસમાં રમશે કે કેમ તેને લઈને પણ અનિશ્ચિત બનેલું છે. જોકોવિકે પોતે કહેલું છે કે વર્ષની સૌથી મોટી ટેનિસ સ્પર્ધામાં રમવાને લઈને તે હતાશ થયેલો છે. તેની તૈયારી પુરતી નથી.

વિમ્બલ્ડનમાં રમવા માટે હજુ તેને ખુબ મહેનત કરવી પડશે. ફ્રેન્ચ ઓપનમાં તે આવ્યો ત્યારે એમ માનવામાં આવી રહ્યું હતું કે, તે પડકારરુપ બનશે પરંતુ તેનો ફલોપ શો રહ્યો છે. હાલમાં તે વર્લ્ડ રેંકિંગમાં ૨૨માં સ્થાને ફેંકાઈ ગયો છે.



## મહિલા એશિયા કપ : ભારતે થાઈલેન્ડને ૬૬ રને હરાવ્યું

ભારતીય મહિલા ટીમે સતત બીજી જીત મેળવી

હરમનપ્રિત કૌરે ૨૭ રન બનાવ્યા બાદ બોલિંગમાં પણ ૩ વિકેટ ઝડપતા મેન ઓફ ધ મેચ જાહેર કરાઈ

કેપ્ટન હરમનપ્રિત કૌરની શાનદાર ઈનિંગના આધારે ભારતીય મહિલા ટીમે ટી-૨૦ એશિયા કપમાં સોમવારે થાઈલેન્ડને ૬૬ રનથી હરાવી ટૂર્નામેન્ટમાં સતત બીજી જીત મેળવી હતી. ભારતે કુઆલાલમ્પુરમાં રમાયેલ આ મેચમાં ૪ વિકેટે ૧૩૨ રન બનાવ્યા હતા, જેના જવાબમાં થાઈલેન્ડની ટીમ ૨૦ ઓવરમાં ૮ વિકેટે માત્ર ૬૬ રન જ બનાવી શકી હતી.

આ અગાઉ ભારતીય ટીમે મલેશિયાને માત્ર ૨૭ રનના સ્કોરે ઓલઆઉટ કરી પોતાનો પ્રથમ મુકાબલો ૧૪૨ રનના મોટા અંતરેથી જીતી લીધો હતો. ભારત તરફથી મોના મેશ્રમે ૩૨, સ્મૃતિ મંધાનાએ ૨૯, અનુજા પાટીલે ૨૨ અને કેપ્ટન કૌરે ૨૭ રનની ઈનિંગ રમી ટીમને ૨૦ ઓવરમાં ૧૩૨ રનના સ્કોરે પહોંચાડી હતી. થાઈલેન્ડ તરફથી વોંગપકા લીંગપ્રેઝર્ટે ૨ વિકેટ ઝડપી હતી. જ્યારે રત્નાપોર્ન અને નતાયાએ ૧-૧ વિકેટ ઝડપી હતી. ભારતે આપેલ ૧૩૩ રનના લક્ષ્યાંકનો પીછો કરવા ઉતરેલ થાઈલેન્ડની ટીમ ભારતીય મહિલા બોલરોની સામે લાચાર જોવા મળી હતી અને તેમની સમગ્ર ટીમ ૨૦ ઓવરમાં ૮ વિકેટ ગુમાવી ૬૬ રન બનાવી શકી હતી. થાઈલેન્ડ તરફથી નતાયા બૂથાચમે ૨૧ અને ચાઈવાએ ૧૪ રનની ઈનિંગ રમી હતી.

આ સિવાયના તમામ બેટ્સમેન ભારતીય મહિલા બોલરો સામે ટકી શકી નહતી. ભારત તરફથી હરમનપ્રિત કૌરે બેટિંગ બાદ બોલિંગમાં પણ પોતાની શાનદાર રમત દાખવી ૩ ઓવરમાં ૧૧ રન આપી ૩ વિકેટ ઝડપી હતી. આ ઉપરાંત દિપ્તી શર્માએ ૨, પુનમ યાદવે ૧ અને પુજાએ ૧ વિકેટ ઝડપી હતી. પોતાના ઓલરાઉન્ડર પ્રદર્શનના કારણે હરમનપ્રિત કૌર મેન ઓફ ધ મેચ જાહેર કરાઈ હતી.

# રાફેલ નડાલ પુરૂષના વર્ગમાં ફરી વિજેતા : નવો રેકોર્ડ કર્યો

**ટીમ સ્પીરીટ**



પેરિસમાં રોલેન્ડ ગેરોસ ખાતે રમાયેલી વર્ષની બીજી ગ્રાન્ડ સ્લેમ ફ્રેન્ચ ઓપન ટેનિસ ચેમ્પિયનશીપ હવે પૂર્ણ થઈ છે. આ વખે પુરૂષોના વર્ગમાં સ્પેનના રાફેલ નડાલને સિગલ્સમાં તાજ જીત્યો છે. જ્યારે મહિલાઓના વર્ગમાં રોમાનિયાની સિમોના હાલેપે તાજ જીત્યો છે. નડાલે ફરી એકવાર સાબિતી આપી છે કે તે ક્લે કોર્ટના બાદશાહ તરીકે છે. તેનો ક્લે કોર્ટ પર કોઈ જવાબ નથી. ફાઈનલ મેચમાં રાફેલ નડાલે સીધા સેટામાં ઓસ્ટ્રિયાના ડોમિનિક થીમ પર ૬-૪, ૬-૩ અને ૬-૨થી જીત મેળવી હતી. તે ૧૧મી વખત વિજેતા બની ગયો છે. નડાલ ગયા વર્ષે પણ વિજેતા બન્યો હતો. વર્ષ ૨૦૦૫માં તે પ્રથમ વખત મેદાનમાં ઉતર્યો હતો. ૧૯ વર્ષની વયમાં તે સૌથી પહેલા અહીં ચેમ્પિયન બન્યો હતો. તે ૩૨ વર્ષની વયે પણ અહીં પ્રભુત્વ અકબંધ રહ્યુ છે. તે દુનિયામાં માત્ર બીજો એવો ખેલાડી બની ગયો છે જે કેરિયરમાં એક જ ગ્રાન્ડ સ્લેમ ૧૧ વખત જીતી ચુક્યો છે. આ મહિલા આ સિદ્ધી મહિલા સ્ટાર માર્ગારેટ કોર્ટે મેળવી હતી. તે ૧૯૭૪થી પૂર્વે ૧૧ વખત ચેમ્પિયન બની હતી. નડાલે હવે અનેક રેકોર્ડ પોતાના નામ પર કરી લીધા છે. નડાલે તે પહેલા બાર્સેલોના અને મોન્ટે કાર્લોમાં ૧૧-૧ વખત ટ્રોફી જીતી છે. જો કે ૨૪ વર્ષના થીમની ફાઈનલ સુધી આગેકુચ રોચક રહી હતી. આ વખતે ફ્રેન્ચ ઓપન ટેનિસ ચેમ્પિયનશીપમાં મહિલાઓની સિંગલ્સ ફાઈનલ પ્રમમ ક્રમાંકિત ખેલાડી હાલેપે સ્ટિફન ઉપર પ્રથમ સેટ ગુમાવ્યા બાદ ૬-૩, ૬-૪, ૬-૧થી જીતી લીધી હતી. આ મેચમાં હાલેપે ૧૮ વિનર્સ શોર્ટ ફટકાર્યા હતા. આખરે ગ્રાન્ડસ્લેમ જીતવાનું તેનું સ્વપ્ન પૂર્ણ થયું હતુ. હાલેપને આ ટ્રોફી સ્પેનિસ સ્ટાર આરાક્ષા સાંચેજવિકારિયોએ આપી હતી. આરાક્સા સાંચેજ વિકારિયોએ પણ રોલેન્ડ ગેરોસ ખાતે ત્રણ વખત ટ્રોફી જીતી હતી. આ વખતે ઈનામી રકમ ૩૯૧૯૭૦૦૦ રાખવામાં આવી હતી.

**નડાલે ૧૧ વખત ફ્રેન્ચ ઓપનનો તાજ જીત્યો: ફાઈનલ મેચમાં થીમ ઈપર સીધા સેટામાં વિજય મેળવ્યો**

## સ્પોર્ટ્સ ક્વીઝ

ડો.પી.ડી.શર્મા

**સવાલ :**

૧.હાલમાં જ પૂર્ણ થયેલ આઈપીએલ ૧૧ માં સૌથી વધુ વિકેટ લેનાર ખેલાડી કોણ ?

૨. અત્યાર સુધીમાં ત્રણ ત્રણ વાર આઈપીએલ ટ્રોફી જીતનાર બે ટીમો કઈ છે ?

૩. પ્રથમ આઈપીએલ ટ્રોફી જીતનાર ટીમ કઈ હતી ?

૪. હાલમાં જ પૂર્ણ થયેલ આઈપીએલ ૧૧ માં સૌથી વધુ ફોરએન્ડ સિકસ લગાવનાર કઈ ટીમ હતી ?

૫. હાલમાં જ પૂર્ણ થયેલ આઈપીએલ ૧૧ માં સર્વોચ્ચ ટીમ સ્કોર કરનાર ટીમ કઈ હતી ?

૬. હાલમાં જ કયા ભારતીય ડિસ્કસ થ્રોઅરે નિવૃત્તિની જાહેરાત કરી હતી ?

૭. અત્યાર સુધીમાં કોમનવેલ્થ ગેમ્સમાં ડિસ્કસ થ્રોમાં ગોલ્ડમેડલ જીતનારો સૌ પ્રથમ અને એક માત્ર ભારતીય ખેલાડી કોણ છે ?

૮. હાલમાં ક્રિકેટ પ્લેઈંગ કન્ડીશન અને ફેરફારોને નિર્ણય લેતી આઈસીસી ક્રિકેટ કમીટીના અધ્યક્ષ કોણ છે ?

૯. આ વર્ષે મેન્સ હોકીની એલીટ ટુર્નામેન્ટ 'ચેમ્પિયન્સ ટ્રોફી' નું આયોજન કયાં કરવામાં આવશે ?

૧૦.'ક્રિકેટમાં લાંચ રૂશ્વત રહેશે જ તેને દુર કરવા માટે સતત પ્રયત્નો કરવા પડશે' હાલમાં આ વિધાન કોણે કર્યું હતું ?

૧૧.હાલમાં ભારતીય મહિલા હોકી ટીમની કેપ્ટન કોણ છે ?

૧૨. આ વર્ષે મહિલાઓ માટે હોકી વર્લ્ડકપનું આયોજન કયાં કરવામાં આવશે ?

૧૩. ઈંગ્લેન્ડના ફુટબોલરોએ વર્લ્ડકપની તૈયારી માટે કઈ રમત અપનાવી હતી ?

જવાબ:

૧.હાલમાં જ પૂર્ણ થયેલ આઈપીએલ ૧૧ માં સૌથી વધુ વિકેટ લેનાર ખેલાડી એન્ડુ ટાઈ છે.

૨. અત્યાર સુધીમાં ત્રણ ત્રણ વાર આઈપીએલ ટ્રોફી જીતનાર બે ટીમો મુંબઈ ઈન્ડીયન્સ (૨૦૧૩, ૨૦૧૫ અને ૨૦૧૭) તથા ચેન્નાઈ સુપર કીંગ્સ (૨૦૧૦ ૨૦૧૧ અને ૨૦૧૨)

૩. પ્રથમ આઈપીએલ ટ્રોફી જીતનાર ટીમ ૨૦૦૮ માં રાજસ્થાન રોયલ્સ હતી.

૪. હાલમાં જ પૂર્ણ થયેલ આઈપીએલ ૧૧ માં સૌથી વધુ ફોરએન્ડ સિકસ લગાવનાર ચેન્નાઈ સુપર કીંગ્સ ૨૧૧ ફોર અને ૧૪૫ સિકસ ટીમ હતી.

૫. હાલમાં જ પૂર્ણ થયેલ આઈપીએલ ૧૧ માં સર્વોચ્ચ ટીમ સ્કોર કરનાર ટીમ કોલકત્તા નાઈટ રાઈડર્સ ૨૪૫ રન હતી.

૬. હાલમાં જ ભારતના દિગ્ગજ ડીસ્કસ થ્રોઅર વિકાસ ગૌવડા નામના ભારતીય ડિસ્કસ થ્રોઅરે નિવૃત્તિની જાહેરાત કરી હતી.

૭. અત્યાર સુધીમાં કોમનવેલ્થ ગેમ્સમાં ડિસ્કસ થ્રોમાં ગોલ્ડમેડલ જીતનારો સૌ પ્રથમ અને એક માત્ર ભારતીય ખેલાડી વિકાસ ગૌવડા છે.

૮. હાલમાં ક્રિકેટ પ્લેઈંગ કન્ડીશન અને ફેરફારોને નિર્ણય લેતી આઈસીસી ક્રિકેટ કમીટીના અધ્યક્ષ ભારતના અનિલ કુંબલે છે.

૯. આ વર્ષે મેન્સ હોકીની એલીટ ટુર્નામેન્ટ 'ચેમ્પિયન્સ ટ્રોફી' નું આયોજન ૨૩ મી જુનથી નેધરલેન્ડના બ્રેડ શહેરમાં કરવામાં આવશે.

૧૦.'ક્રિકેટમાં લાંચ રૂશ્વત રહેશે જ તેને દુર કરવા માટે સતત પ્રયત્નો કરવા પડશે' હાલમાં આ વિધાન આઈસીસીના સીઈઓ ડેવ રીચાર્ડસને કર્યું હતું.

૧૧.હાલમાં ભારતીય મહિલા હોકી ટીમની કેપ્ટન રાની રામપાલ છે.

૧૨. આ વર્ષે મહિલાઓ માટે હોકી વર્લ્ડકપનું આયોજન જુલાઈ માસમાં ઈંગ્લેન્ડમાં લંડન મુકામે કરવામાં આવશે.

૧૩. ઈંગ્લેન્ડના ફુટબોલરોએ વર્લ્ડકપની તૈયારી માટે ભારતની પરંપરાગત રમત 'કબડ્ડી' ને અપનાવી હતી.

-ડો.પી.ડી.શર્મા
(અમદાવાદ)

# ભારતની ભૂમિ પર બનેલ ત્રેવડી સદીનો રોમાંચ

**ખેલના મેદાનમાંથી**

કમલેશ કંસારા

ભારતમાં પ્રથમ શ્રેણી ક્રિકેટમાં ૫૦ ત્રેવડી સદી પૂર્ણ થયેલ છે. કર્ણાટકના મયંક અગ્રવાલે મહારાષ્ટ્ર વિરૂદ્ધ પુનામાં રમાયેલ રણજી ટ્રોફીની મેચમાં ૩૦૪ રન બનાવ્યા તે ભારતની ભૂમિ પરની ૫૦ મી ત્રેવડી સદી હતી.જેમાં ૪૩ ત્રેવડી સદી રણજી ટ્રોફીમાં બનેલ છે. ભારતમાં ૨૦૦૬-૦૭ બાદ ૨૮ ત્રેવડી સદી નોંધાઈ છે. જ્યારે એના પહેલા લગભગ ૧૦૦ વર્ષમાં માત્ર ૨૨ ત્રેવડી સદી જ નોંધાઈ હતી. જે સમયે ભારતને માટે જયારે ૨૮ત્રેવડી સદી લગાવામાં આવેલ તે સમયે ક્રીકેટ રમતા દેશો દ્વારા ૩૧ ત્રેવડી સદી લગાવવામાં આવી હતી. ભારતીય બેટસમેનોમાં લાંબી ઈનીંગ્સ રમવાની ક્ષમતા વધી છે.

૨૦૧૭ ના રણજી ટ્રોફીના ચાર માસમાં ત્રણ બેટસમેનોએ ૩૦૦ થી વધુ રન બનાવ્યા હતા. રણજી ટ્રોફીના પાછલા વર્ષમાં પણ પાંચ બેટસમેનોએ ૩૦૦ થી વધુ રન નોંધાવ્યા હતા.

વિજય હજારેને ભારતમાં પ્રથમ શ્રેણી ક્રીકેટમાં સૌ પ્રથમ ૩૦૦ રન બનાવવાનું ગૌરવ પ્રાપ્ત થયું હતું. એમણે ૧૯૩૯-૪૦ માં મહારાષ્ટ્ર તરફથી રમતા વડોદરા વિરૂદ્ધ પુનામાં અણનમ ૩૧૬ રન બનાવ્યા હતા. વિજય હજારે બે ત્રેવડી સદી નોંધાવનાર સૌ પ્રથમ બેટસમેન હતા. એમણે ધ રેસ્ટની તરફથી રમતા ધ હીંદુઝ વિરૂદ્ધ ૧૯૪૩-૪૪ માં મુંબઈ ખાતે ૩૦૯ રનની શાનદાર ઈનીંગ્સ રમી હતી.

ભારતની ધરતી પર અત્યાર સુધી સાત બેટસમેનોએ બે થી વધુ વાર ત્રેવડી સદી નોંધાવી છે. ભારતની ભૂમિ પર બે વાર ૩૦૦ થી વધુ રન બનાવનાર બીજો બેટસમેન હતા. રમણલાંબા-રમણલાંબાએ પ્રથમ ત્રણ વાર ત્રેવડી સદી ઉત્તર ક્ષેત્રને માટે રમતા પશ્ચિમ ક્ષેત્ર વિરૂદ્ધ ભીલાઈમાં દિલીપ ટ્રોફી મેચમાં ૧૯૮૭-૮૮ માં બનાવી હતી. બીજી ત્રેવડી સદી દિલ્હી તરફથી હિમાચલ પ્રદેશ વિરૂદ્ધ દિલ્હીમાં ૧૯૯૪-૯૫ ના સત્રમાં બનાવી હતી. રમણલાંબાએ પ્રથમ ૩૨૦ રન અને ત્યારબાદ ૩૧૨ રન નોંધાવ્યા હતા.

વી.વી.એસ.લક્ષ્મણે પણ ભારતની ભૂમિ પર બે વાર ૩૦૦ થી વધુ રન નોંધાવ્યા હતા. લક્ષ્મણે પ્રથમ ત્રેવડી સદી હૈદ્રાબાદ તરફથી રમતા બિહાર વિરૂદ્ધ જમશેદપુરમાં ૧૯૯૭-૯૮ માં ૩૦૧ રન બનાવીને અણનમ રહેલ. ત્યારબાદ ૧૯૯૯-૦૦ માં કર્ણાટક વિરૂદ્ધ બેંગલોરમાં ૩૫૩ રનની શાનદાર ઈનીંગ્સ રમી હતી.

વસીમ જાફરે પણ પ્રથમ શ્રેણી ક્રિકેટમાં બે વાર ૩૦૦ થી વધુ રન નોંધાવ્યા હતા. જાફરે ૧૯૯૬-૯૭ માં મુંબઈ તરફથી રમતા સૌરાષ્ટ્ર વિરૂદ્ધ રાજકોટ ખાતે પોતાની પ્રથમ ત્રેવડી સદી (૩૧૪ અણનમ) નોંધાવેલ. ત્યારબાદ ૨૦૦૮-૦૯ માં જાફરે બીજી ત્રેવડી સદી સૌરાષ્ટ્ર વિરૂદ્ધ જ બનાવેલી. ચેન્નઈ ખાતે રમાયેલ મેચમાં જાફરે ૩૦૧ રન બનાવવામાં સફળતા મેળવી હતી.

ભારતીય ભૂમિ પર ત્રણ વાર ૩૦૦ થી વધુ રન કરનાર સૌ પ્રથમ બેટસમેન રવિન્દ્ર જાડેજા હતો. જેણે રાજકોટમાં ૨ ડીસે.૨૦૧૨ ના રોજ રેલ્વે વિરૂદ્ધ ૩૩૧ રન કર્યા ત્યારે આ સિદ્ધિ મેળવી હતી. જાડેજાએ પોતાની પ્રથમ ત્રેવડી સદી ૨૦૧૧-૧૨ માં ઓરીસ્સા વિરૂદ્ધ કટક ખાતે સુરત ખાતે સૌરાષ્ટ્ર તરફથી રમતા ગુજરાત વિરૂદ્ધ ૪૦૦ બોલ રમીને ૩૭-૪ અને ૪-૬ ની મદદથી અણનમ ૩૦૩ રન બનાવ્યા હતા.

રવિન્દ્ર જાડેજા પછી ચેતેશ્વર પુજારા ત્રણ વાર ૩૦૦ થી રન બનાવનાર બીજો બેટસમેન બન્યો હતો. પુજારાએ ૨૦૦૮-૦૯ માં રાજકોટ ખાતે ઓરીસ્સા વિરૂદ્ધ ૩૦૨ રન કર્યા બાદ ૨૦૧૩-૧૪ માં કર્ણાટક વિરૂદ્ધ અણનમ ૩૫૨ રન બનાવ્યા હતા. પુજારાએ પોતાની ત્રીજી ત્રેવડી સદી ભારતીય ટીમ તરફથી રમતા વેસ્ટ ઈન્ડીઝ વિરૂદ્ધ નોંધાવી હતી. ૨૦૧૩-૧૪ માં હુબલી ખાતે રમાયેલ ટેસ્ટમાં ચેતેશ્વર પુજારાએ ૩૦૬ રન બનાવ્યા હતા.

કરૂણ નાયરે ૨૦૧૪-૧૫ માં રણજી ટ્રોફી ફાઈનલમાં કર્ણાટક તરફથી રમતાં તામીલનાડુ વિરૂદ્ધ મુંબઈ ખાતે અણનમ ૩૧૦ રન નોંધાવ્યા હતા. કરૂણ નાયર રણજી ફાઈનલમાં ત્રેવડી સદી નોંધાવનાર બીજો બેટસમેન છે. એના પહેલા માત્ર મુહમ્મદ ગુલે વડોદરા તરફથી રમતા હોલ્ડર વિરૂદ્ધ ૧૯૪૬-૪૭ માં ૩૧૯ રન કર્યા હતા. જમોડી બેટસમેન કરૂણ નાયરે ઈંગ્લેન્ડ વિરૂદ્ધ ચેન્નઈ ખાતે ૨૦૧૬-૧૭ ની ટેસ્ટમાં અણનમ ૩૦૩ રન નોંધાવ્યા હતા. કરૂણ નાયરની આ ટેસ્ટની સૌ પ્રથમ સદી હતી જે ત્રેવડી સદી હતી.

પ્રથમ શ્રેણી ક્રિકેટમાં ૪૦૦ થી વધુ રનોની ઈનીંગ્સ રમનાર એક માત્ર બેટસમેન ભારતના ભાઉસાહેબ નિબાલકર છે. જેમણે મહારાષ્ટ્ર કાઠીયાવાડ વિરૂદ્ધ પુના ખાતે ૧૯૪૮-૪૯ માં અણનમ ૪૪૩ રન નોંધાવ્યા હતા.

-કમલેશ કંસારા

**૫૦ ત્રેવડી સદી નોંધાઈ છે ભારતમાં પ્રથમ શ્રેણી ક્રિકેટમાં**
**૪૩ ત્રેવડી સદી રણજી ટ્રોફીમાં બનાવવામાં આવી છે**
**૮ ભારતીય બેટસમેનોએ બે કે તેથી વધુ ત્રેવડી સદી નોંધાવી છે**
**૨ બેટસમેનોએ ભારતમાં ૩-૩ વાર ત્રેવડી સદી નોંધાવી છે**

# રોમાંચના સૌદાગર ડિયેગો મારડોનાના દેખાવની યાદ

**ટર્નીંગ પોઈન્ટ**

**૧૯૮૬માં એકલા હાથ મારડોનાએ ટ્રોફી જીતાડી**

**ઝોપપટ્ટીથી નિકળેલા મારડોનાની અભૂતપૂર્વ લોકપ્રિયતા**

ફીફા વર્લ્ડ કપની શરૂઆત થવા આડે ગણતરીના દિવસો રહ્યા છે ત્યારે ફુટબોલ વર્લ્ડ કપ ૧૯૮૬ની વાત કરવામાં આવે તો આ વર્લ્ડ કપમાં રોમાંચના સૌદાગર ડિયેગો મારડોનાએ તમામને રોમાંચિત કર્યા હતા. ફુટબોલના બેતાજ બાદશાહ પેલે બાદ વ્યક્તિગત કુશળતા અને પગના જાદુથી કોઈ ખેલાડી જો છવાયો છે તો તે ડિયેગો મારડોના છે. પેલેની જેમ જ દસ નંરની જર્સી પહેરીને મેદાનમાં ઉતરનાર મારડોનાએ વર્ષ ૧૯૮૬માં પોતાની ટીમ આર્જેન્ટિનાને વર્લ્ડ કપ અપાવવામાં નિર્ણાયક ભૂમિકા અદા કરી હતી. આર્જેન્ટિનાના પાટનગર બ્યુનોસ એરના ઝોપડપટ્ટીમાંથી નિકળેલા મારડોનાએ ફુટબોલ જગતમાં અભૂતપૂર્વ લોકપ્રિયતા હાંસલ કરી હતી. તે ફુટબોલ દુનિયામાં શહેનશાહ બની ગયો હતો. વર્ષ ૧૯૯૪ના વર્લ્ડ કપમાં તેને નશીલી ચીજવસ્તુઓના ઉપયોગ કરવાને મામલે ટીમમાંથી બહાર કરી દેવામાં આવ્યો હતો. ઓછી ઉંચાઈ હોવા છતા તે વિપક્ષી ટીમ પર હુમલા કરવામાં ખુબ નિષ્ણાંત હતો. મારડોનાના કેટલાક નકારાત્મક પાસા પણ રહ્યા હતા. જેના કારણે તેની લોકપ્રિયતા અને રમત પર અસર થઈ હતી. તે નશીલી દવાના ઉપયોગ, પોતાની ક્લબના અધિકારીઓ સાથે ખરાબ વર્તન, પત્રકારો સાથે ખરાબ વર્તન જેવી ટેવના કારણે બદનામ થયો હતો. તેને પોતાના વર્તનના કારણે જેલની હવા પણ ખાવી પડી હતી. ત્યારબાદ આર્જેન્ટિનાના કોચ બનીને ફરી લોકપ્રિય થયો હતો. જાણકાર ફુટબોલ દિગ્ગજ માને છે કે તે મહાન ખેલાડી તરીકે રહ્યો છે. મારડોનાની રમત પર પોતાના સમયમાં ફુટબોલ પ્રેમી ફિદા હતા. તેની રમતને જોવા માટે ચાહકો ઉમટી પડતા હતા. કેટલીક ટેવ સારી રહી હોત તો તે વધારે લોકપ્રિય થયો હોત.

# મક્કમ ઈરાદા સાથે મેદાનમાં ઉતરવાની જરૂર છે : રોનાલ્ડો



પોર્ટુગલની રાષ્ટ્રીય ટીમના કેપ્ટન અને સ્ટાર સ્ટ્રાઈકર પૈકી એક ક્રિસ્ટિયાનો રોનાલ્ડોએ કહ્યુ છે કે સ્પેન, મોરક્કો અને ઈરાન સાથે એક ગ્રુપમાં રહેવાની બાબત પડકારરૂપ છે. ટીમની દાવેદારીને આ મજબુત ટીમો હોવાથી અત્યારથી જ કહી શકાય નહી. પરંતુ તેમ છતાં તેની ટીમના ખેલાડીઓને ઉંચા નૈતિક જુસ્સા સાથે મેદાનમાં ઉતરવાની ફરજ પડશે. રોનાલ્ડોએ સાફ શબ્દોમાં કહ્યુ છે કે તે ટીમ ખુબ મુશ્કેલ ગ્રુપમાં છે. તેનુ કહેવુ છે કે વર્લ્ડ કપ માટે દાવેદાર રહેલી ટીમોમાં તેમની ટીમ નથી પરંતુ મોટા ઉલટફેર કરી શકે છે. તેનુ કહેવુ છે કે કોઈ બાબત અશક્ય પણ નથી. પોર્ટુગલે બે વર્ષ પહેલા યુરોપિયન ચેમ્પિયનશીપ જીતી લીધી હતી.

બુધવારના દિવસે પોર્ટુગલના પ્રમુખ માર્સેલો રેબેલો દે સોઉસાને ટીમ સાથે લિસ્બનમાં મળ્યા બાદ રોનાલ્ડોએ ટીમના ખેલાડીઓનો જુસ્સો વધારી દેવાના પ્રયાસો શરૂ કરી દીધા છે. તેના ગ્રુપમાં સ્પેન જેવી સૌથી શક્તિશાળી ટીમો પૈકીની એક ટીમ છે. આવી સ્થિતીમાં સ્પેન સામેની મેચ તો તેમના માટે સૌથી પડકારરૂપ છે. સાથે સાથે મોરક્કોની ટીમ પણ ખુબ શક્તિશાળી ટીમ પૈકી એક ટીમ છે.આવી સ્થિતીમાં પોર્ટુગલ માટે રસ્તો ખુબ મુશ્કેલ છે. પાંચ વખત બાલોન ડી ઓર એવોર્ડ જીતી ચુકેલા રોનાલ્ડોએ કહ્યુ હતુ કે અમે ટ્રોફી જીતવા માટે દાવેદાર ટીમો પૈકી ચોક્કસપણે નથી. પરંતુ પોતાના સાથી ખેલાડીઓના મહત્વલકાંક્ષી સપનાની ગેરંટી આપી શકે છે. તમામ ખેલાડી હરિફ ટીમ સામે મોટી સમસ્યા ઉભી કરવા માટે તૈયાર છે. તેનુ કહેવુ છે કે ફુટબોલમાં કોઈ બાબત અશક્ય નથી. પોર્ટુગલની ટીમમાં કેટલાક ખેલાડી એવા છે જે વિશ્વ સ્તરના ખેલાડી છે અને જુદી જુદી ક્લબ તરફથી હાલમાં રમે છે.

**યુરોપિયન ચેમ્પિયનશીપ બે વર્ષ પહેલા જીત્યા બાદ ટીમ ઉંચા જુસ્સા સાથે મેદાનમાં ઉતરવા માટે તૈયાર : રોનાલ્ડો**

## ફિફા વર્લ્ડકપમાં મોરક્કોની ટીમ ૨૦ વર્ષ બાદ વાપસી કરશ

૨૦ વર્ષ બાદ કેપ્ટન મેધી બનેટિયાના નેતૃત્વમાં ૧૪ જૂનથી રશિયામાં શરૂ થઈ રહેલા વિશ્વકપમાં વાપસી કરવા માટે મોરક્કોની ફૂટબોલ ટીમ તૈયાર છે. મોરક્કોની ટીમે છેલ્લે ૧૯૯૮ના વિશ્વકપમાં ભાગ લીધો હતો, જ્યાં તે ૧૮મા નંબરે રહી હતી.

ફિફા વિશ્વકપમાં મોરક્કો ટીમનું અત્યાર સુધીનું સર્વશ્રેષ્ઠ પ્રદર્શન ૧૯૮૬માં રહ્યું હતું, જ્યારે ટીમે પહેલી વાર ટૂર્નામેન્ટના અંતિમ ૧૬માં સ્થાન મેળવ્યું હતું.

ફિફા રેક્િંગમાં ૪૨મા નંબરે પર રહેલી મોરક્કો એકમાત્ર એવી ટીમ છે, જેણે વિશ્વકપના પોતાના ક્વોલિફાઈગ અભિયાન દરમિયાન છ મેચમાંથી એક પણ ગોલ ખાધો નહોતો. ટીમે ગત વર્ષે ગેબનને ૩-૦થી માત આપીને ૨૦ વર્ષ બાદ વિશ્વકપ માટે ક્વોલિફાય કર્યું હતું.

વિશ્વકપમાં ટીમને આ વખતે પોર્ટુગલ, સ્પેન અને ઈરાન સાથે ગ્રૂપ-બીમાં સ્થાન મળ્યું છે, જે તેના માટે ગ્રૂપ ઓફ ડેથથી જરાય ઓછું નથી. ટૂર્નામેન્ટના નોકઆઉટ સુધી પહોંચવું ટીમ માટે સૌથી મોટો પડકાર રહેશે. મોરક્કો પોતાનો પહેલો મુકાબલો ૧૫ જૂને ઈરાન સામે રમશે.

## કોંગ્રેસે અડવાણીને...

**પાના નં.૧ ચાલુ**

રાજકારણીએ મને કહ્યું કે તેઓ છેલ્લાં ૫૦ વર્ષોથી કોંગ્રેસ વિરુદ્ધ લડતાં આવ્યા છે અને ૫૦ વર્ષો પછી તેમને સમજાયું છે કે આ દેશને કોઇ સલામત રાખી શકે તેમ છે તો તે કોંગ્રેસ પાર્ટી જ છે. તેમણે કહ્યું કે માત્ર કોંગ્રેસ જ છે જે બીજેપી અને આરએસએસની વિચારધારાને હરાવી શકે છે. એલ.કે. અડવાણી પીએમ મોદીજીના ગુરૂ છે, પરંતુ મેં ઘણી ઈવેન્ટ્સમાં જોયું છે કે પીએમ મોદી તેમના ગુરૂનું સહેજ પણ સન્માન કરતા નથી. આજે મને અડવાણીજી માટે ખૂબ ખરાબ લાગે છે. કોંગ્રેસ પાર્ટીએ તેમને મોદીજી કરતા વધુ સન્માન આપ્યું છે.

અમે લોકો વાજપેયીજી વિરુદ્ધ ચૂંટણીમાં લડ્યા છીએ, પરંતુ આજે જ્યારે તેઓ બીમાર છે ત્યારે હું તેમને તાત્કાલિક મળવા ગયો હતો કારણકે હું કોંગ્રેસનો સૈનિક છું. વાજપેયીજીએ આપણા દેશ માટે કામ કર્યું છે અને આ દેશના ભૂતપૂર્વ વડાપ્રધાન તરીકે અમે તેમનું સન્માન કરીએ છીએ. આ આપણી સંસ્કૃતિ છે.

## લડબી નદીના...

**પાના નં.૧ ચાલુ**

નગરપાલિકાએ ભૂગર્ભ ગટર યોજનાના બહાના હેઠળ સમગ્ર વહેણને ફેરવી નાખી અને આ કોટ બનાવવા માટે લડબી નદીના પટ ખુલ્લો કરી આપ્યો હતો. જોકે દીવાલ થઇ જતાં ગત વર્ષે સમગ્ર ચોમાસામાં વરસાદી પાણી અવરોધતા લોકોના ઘરમાં પાણી ઘૂસી ગયા હતા. ત્યારે હવે તંત્રએ માર્કિંગ તો કર્યું છે. પરંતુ હજુ પણ તંત્ર બચાવ કરી રહ્યું છે. યોગ્ય માર્કિંગ થવું જોઈએ અથવા તો પાલનપુર બેટમાં ફેરવાશે અને તેની સમગ્ર જવાબદારી તંત્રની રહેશે. સરકારને નુકસાન છે લોકોને નુકસાન છે. અને ભાજપ સરકારની આબરૂના ધજાગરા ઉડી રહ્યા છે. ત્યારે યોગ્ય માર્કિંગ કરી નડતરરૂપ દબાણો તોડવા જોઈએ વહેણને પુનઃ પ્રસ્થાપિત કરવું જોઈએ અને લોકોને સુખાકારી કરવી જોઈએ નહીં તો આવનારી લોકસભાની ચૂંટણીમાં ભાજપ સરકારને પાલનપુરમાંથી બહુ મોટું નુકસાન ભોગવવાનો વારો આવશે. જો ગરીબો પર બુલડોઝર ફેરવાશે અને બિલ્ડરો બચી જશે તો જનતા જન આંદોલન કરશે જેનો ભોગ ભાજપ સરકાર બનશે તેવા એંધાણ વર્તાઇ રહ્યા છે.

## ગઢ ફાયરીંગ...

**પાના નં.૧ ચાલુ**

રાજ્ય સરકારનો નિર્ણય આખરી હોવાનું અને હવે પછી તેને ફોલો કરવામાં આવનાર હોવાનું તેમજ સીઆઇડી દ્વારા સી ફોર્મ આપવાનું જણાવવામાં આવતાં પાટીદારોએ પારણા કર્યા હતા.

## થરાદના આસોદરમાં ...

**પાના નં.૧ ચાલુ**

ક્રિશ્નાબેનનો મૃતદેહ ફુલાઇ જવાના કારણે ભારે દુર્ગંધ પણ મારતો હતો.જેની જાણ તેના પરિવારના બદલે પિયરને થતાં બનાવ આત્મહત્યાકે હત્યાનો તેને લઇને પણ અનેક તર્કવિતર્કો ચર્ચાસ્પદ બનવા પામ્યા હતા.પોલીસે પીએમ રિપોર્ટના આધારે સાચી હકીકત સામે આવશે તેમ જણાવ્યું હતું.આ બનાવથી પંથકમાં ચકચાર સાથે અરેરાટી મચવા પામી હતી.

## રિલાયન્સ બિગ ટીવી ...

**પાના નં.૧ ચાલુ**

આપશે. જ્યારે પેઈન ચેનલો માટે એક વર્ષ સુધી કોઈપણ રકમ ચૂકવવાની નહીં રહે. આ સુવિધાનો લાભ મેળવવા માટે લોકોએ રિલાયન્સ બિગ ટીવી માટે પ્રિબુકિંગ કરાવવું પડશે. બુકિંગ કરાવનારા ગ્રાહકોને એચડી સેટટોપ બોક્સ અપાશે. જેમાં રેકોર્ડીંગ, યુએસબી પોર્ટ, એચડીએમઆઈ પોર્ટ સહિતના લેટેસ્ટ ફિચર્સ હશે. બિગ ટીવીની ઓફર માટે પોસ્ટ ઓફિસમાં ૪૯૯ રૂપિયા જમા કરાવવાના રહેશે. જ્યારે સેટટોપ બોક્સ ઈન્સ્ટોલેશન વખતે ૧૫૦૦ રૂપિયા ચૂકવવાના રહેશે. ત્યારબાદ બીજા વર્ષના બે વર્ષ માટે ૩૦૦ રૂપિયાનું રિચાર્જ કરાવ્યા બાદ ૨ હજાર રૂપિયાનું લોયલ્ટી બોનસ મળશે. એટલે કે શરૂઆતમાં ચૂકવેલી તમામ રકમ પરત મળી જશે.

## આંજણા યુવક...

**અનુસંધાન ૨ નુ ચાલુ..**

સમાજમાં એકતા પણ છે આ બધા ગુણો વચ્ચે યુવકમંડળે હાથ ધરેલાં સામાજીક દુષણો દુર કરી સો ટકા શિક્ષણ પ્રાપ્ત કરવાની સાથે જ સમાજનો સર્વાંગી વિકાસ કરવાની મંઝીલ તરફ સરળતાથી પહોંચી શકાશે તેમ યુવક મંડળના યુવકોએ જણાવ્યું હતું.

તાજેતરમાં જ જિલ્લાના યુવક મંડળનું ડેલિગેશન રાજ્યના મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીને પણ મળ્યું હતું.શુભેચ્છા મુલાકાતમાં સમાજમાં સારી એવી સફળતા મળતાં સંગઠનના સદસ્યોએ વ્યસનમુક્તિ સહિતના વિવિધ મુદ્દાઓ ઉપર ચર્ચાઓ કરી હતી.મુખ્ય મંત્રીએ યુવકમંડળની કામગીરી અને સફળતાઓને બિરદાવી આ ભગીરથ અભિયાનમાં સહયોગ આપવાની ખાત્રી આપી હોવાનું યુવકમંડળના અગ્રણીઓએ જણાવ્યું હતું.

## દક્ષિણ ગુજરાત...

**અનુસંધાન ૩ નુ ચાલુ..**

અમદાવાદમાં બપોરના ગાળામાં ભરચક રહેતા વિસ્તારો પણ સુમસામ દેખાતા હતા. લોકોએ બપોરના ગાળામાં બહાર નિકળવાનું ટાળ્યું હતું. બીજી બાજુ દિવસ દરમિયાન અમદાવાદમાં વાદળછાયું વાતાવરણ રહ્યું હતું. જેથી લોકોને આંશિક રાહત મળી હતી. આજે રાજ્યમાં સૌથી વધુ ગરમીનો અનુભવ ભાવનગરમાં થયો હતો જ્યાં પારો ૪૧.૮ ડિગ્રી રહ્યો હતો. પાણીજન્ય કેસની વાત કરવામાં આવે તો જૂન મહિનાના પ્રથમ નવ દિવસના ગાળામાં જ ઝાડા ઉલ્ટીના ૩૭૪ કેસ સપાટી ઉપર આવ્યા છે જ્યારે કમળાના નવ દિવસના ગાળામાં ૧૩૯ અને ટાઇફોઇડના ૧૩૬ કેસ સપાટી ઉપર આવ્યા છે. બીજી બાજુ મચ્છરજન્ય કેસોની વાત કરવામાં આવે તો સાદા મેલેરિયાના નવ દિવસના ગાળામાં ૧૪૭ કેસ નોંધાયા છે. વર્ષ ૨૦૧૭માં જૂન મહિનામાં સાદા મેલેરિયાના ૧૦૪૬ કેસ નોંધાયા હતા.

## કોલસા આધારિત...

**અનુસંધાન ૩ નુ ચાલુ..**

પર ઉપયોગ કરવાની સ્થાનિક ઉદ્યોગોને છૂટ આપવા અંગે યોગ્ય નિર્ણય લેવા પણ જીપીસીબીને હુકમ કર્યો હતો. મોરબી-વાંકાનેર પંથકમાં સિરામિક ઈન્ડસ્ટ્રીઝમાં કોલસા આધારિત ગેસીફાયરના ઉપયોગના કારણે ફેલાતા પ્રદૂષણને લઇ હાઇકોર્ટ સમક્ષ થયેલી રિટ અરજીમાં એ મતલબની રજૂઆત કરાઇ હતી કે, અગાઉ આ જ મામલે હાઇકોર્ટમાં જાહેરહિતની રિટ અરજી થઇ હતી, જેમાં હાઇકોર્ટે જીપીસીબીને ઘણા મહત્વના નિર્દેશો કર્યા હતા. એટલું જ નહી, નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલે પણ મોરબી પંથકની સિરામિક ઈન્ડસ્ટ્રીઝમાં કોલસા આધારિત ગેસીફાયરના વપરાશને લઇ તા.૧૪-૧૧-૨૦૧૭ના રોજ મહત્વનો ચુકાદો જાહેર કરી જીપીસીબીને આવા ગેસીફાયરનો ઉપયોગ કરતાં સિરામિક ઉદ્યોગ અને એકમોને બંધ કરી દેવા આદેશ કર્યો હતો. પરંતુ તેમછતાં સિરામિક ઈન્ડસ્ટ્રીઝમાં કોલસા આધારિત ગેસીફાયરનો ઉપયોગ હજુ ચાલુ જ રહ્યો છે અને જીપીસીબી સત્તાવાળાઓ દ્વારા કોઇ જ પરિણામલક્ષી પગલાં લેવાયા નથી. દરમ્યાન સરકારપક્ષ અને જીપીસીબી સત્તાવાળાઓ તરફથી સોગંદનામું રજૂ કરી જણાવાયું હતું કે, જીપીસીબીએ એનજીટીના હુકમના પાલન અનુસંધાનમાં કસૂરવાર ઔદ્યોગિક એકમોને નોટિસો ફટકારી કાર્યવાહી કરી છે. મોરબી પંથકમાં કુલ ૭૨૯ એકમો છે, તેમાંથી ૪૩૦ એકમો કોલસા આધારિત ગેસીફાયરનો વપરાશ કરતા હોવાનું માલૂમ પડયું છે. તેના કારણે હવા અને જળનું પ્રદૂષણ ફેલાય છે.

જીપીસીબીએ આ મામલે કડક કાર્યવાહી કરીને તાજેતરમાં ૧૦૦ એકમો બંધ કરાવ્યા હતા અને હવે ૨૬૪ એકમો જ ચાલુ છે. તમામ પક્ષકારોને સાંભળ્યા બાદ હાઇકોર્ટે જણાવ્યું હતું કે, કોલસા આધારિત ગેસીફાયરનો ઉપયોગ કરી ધમધમતા સિરામિક ઈન્ડસ્ટ્રીઝના એકમોને લઇ ગંભીર અને જોખમી પ્રદૂષણ ફેલાઇ રહ્યું છે, જે ખતરનાક અને ભરપાઇ થઇ શકે તેવું નથી અને તેથી જ જીપીસીબી સત્તાવાળાઓએ આવા એકમો મારફતે હવે વધુ પ્રદૂષણ ફેલાય નહી અને સ્થાનિક વાતાવરણને નુકસાન થાય તે નહી માટે જરૂરી કાર્યવાહી કરવાની રહેશે.

## સરકારી વિભાગો...

**અનુસંધાન ૩ નુ ચાલુ..**

આ ડેશ બોર્ડ સરકારનું ત્રીજુ નેત્ર બનીને પારદર્શિતાથી ટેકનોલોજીના ઉપયોગથી ગુડ ગર્વનન્સનો નવીન પ્રયોગ બન્યો છે તેમ તેમણે ઉમેર્યું હતું. મુખ્યમંત્રીએ જણાવ્યું કે, સર્વેલન્સ સીસ્ટેમથી રીયલ ટાઈમ મોનિટરીંગથી રાજ્યમાં ક્યાં સ્થળે કઈ સ્થિતિ છે તે પણ મુખ્યમંત્રી સ્તરે જાણી શકાય છે.

તેમણે કેન્દ્ર પુરસ્કૃત યોજનાઓમાં રાજ્યની સિધ્ધિ અને સ્થિતિ પણ આના દ્વારા જાણી શકાશે કહીને ઉમેર્યું કે નેશનલ પેરામીટર્સમાં પણ મોનીટરીંગ કરીને ગુજરાતએમાં આગળ રહી સ્પર્ધા કરી શકે તે માટે પણ સજ્જ થઈ શકાશે. વિજય રૂપાણીએ કહ્યું કે, મોટા પ્રોજેક્ટના અમલીકરણ ફોલોઅપ સમાયાવધિ વિશે પણ આ ડેશ બોર્ડ ઉપયુક્ત બનશે. મુખ્યમંત્રી સ્પષ્ટપણે જણાવ્યું કે, સીએમ ડેશ બોર્ડ માર્ગદર્શન બનશે તે અનુસાર વિભાગો જિલ્લાઓ કામગીરી કરશે.

## બાળકોને પ્રવેશ...

**અનુસંધાન ૩ નુ ચાલુ..**

જાતિના સક્રિય આગેવાનોને વિચરતી-વિમુક્ત જાતિ વિકાસ નિગમના અધ્યક્ષ દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત કન્યાઓમાં કેળવણીનું પ્રમાણ વધે તે માટે વધુમાં વધુ કન્યાઓને પ્રવેશ અપાવવા પ્રયત્ન કરવા જરૂરી છે. આ અંગે કરેલ કામગીરીની માહિતી નિગમને મોકલી આપવી જેને ધ્યાને લઈ નિગમ તરફથી આગેવાનોનું યોગ્ય સન્માન કરવામાં આવશે.

## ડીસામાં છેતરપીંડી...

**અનુસંધાન ૩ નુ ચાલુ..**

બહારથી ડીસામાં આવીને વેપાર રોજગાર કરનાર મોહનલાલ જૈન અત્યારે ડીસાના વેપારીઓ સાથે કરોડો રૂપિયાની છેતરપીડી આચરીને ફરાર થઇ ગયો છે. ત્યારે પરપ્રાંતથી ડીસા આવેલા આ વેપારીની શાખ પૂરનાર લોકો સામે જો કાર્યવાહી કરવામાં આવે તો ફરાર મોહનલાલ જૈનનો પત્તો લાગી શકે તેમ છે અને ડીસાના વેપારીઓના કરોડો રૂપિયા પરત મળી શકે છે.

## રાધનપુરમાં લાખો...

**પાના નં.૮ ચાલુ**

લગાવવામાં આવશે,જયારે ગટરની કામગીરી શરુ કરવામાં આવી હોવાથી સબજેલ આજુબાજુના વિસ્તારોમાંથી કચરાપેટીઓ ઉખાડી લેવાઈ છે, જે ગટર તૈયાર થતા ફરીથી લગાવી દેવાશે, એક કચરાપેટી લગભગ પાંચ હજાર રૂપિયાની કિંમતની છે.

## પાલનપુરમાં ડીગ્રીઓની...

**પાના નં.૮ ચાલુ**

ગુજરાત વ્યાયામ હિત રક્ષક સમિતિ હેઠળ સમગ્ર રાજયમાં ધરણાં અને વિરોધ પ્રદર્શનો કર્યા બાદ નાયબ મુખ્યમંત્રી નિતિન પટેલે આચાર સંહિતા પહેલા ૧૭૩૯ વ્યાયામ શિક્ષકો અને ૧૭૩૯ ચિત્રના શિક્ષકો મળી કુલ ૩૪૭૭ જગ્યા માટે ભરતી કરવામાં આવશે તેમ જણાવ્યું હતુ. જોકે, આ ભરતીની જાહેરાત પ્રવાસી શિક્ષક તરીકે આપવામાં આવી છે. હાઈકોર્ટ દ્વારા પ્રવાસી તરીકે ભરતી પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. જે ભારત સરકારના નિયમથી પણ વિરૂધ્ધ છે. ત્યારે માનદ વેતનથી પ્રવાસી શિક્ષક તરીકે વ્યાયામ અને ચિત્ર શિક્ષકોની નિમણુંક કરવાનો જે આદેશ કરવામાં આવ્યો છે. તેમાં સુધારો કરી અંશકાલિન તરીકેનો ઠરાવ કરી ફરીથી નિયમ મુજબનો આદેશ કરવામાં આવે તેવી માંગ છે. અમારી માંગણી જો દસ દિવસમાં સંતોષવામાં નહી આવે તો બનાસકાંઠાના વ્યાયામ અને કલાસંઘના તમામ તાલીમાર્થીઓ પાલનપુર ખાતે તેમની ડિગ્રીની જાહેરમાં હોળી કરી અર્ધનગ્ન હાલતમાં ધરણા કરશે.

## દાંતા તાલુકામાં...

**પાના નં.૮ ચાલુ**

ભેગા મળીને આજરોજ દાંતા મામલતદાર ખાતે તેમજ દાંતા પ્રાંત ઓફિસ ખાતે લેખિતમાં આવેદનપત્ર આપવામાં આવેલ છે અને ટૂંક સમયે આ ઈંટવાડા બંધ કરી સીલ કરાઈ સરકાર હસ્તક કરવામાં નહિ આવેતો આગામી દિવસોમાં બનાસકાંઠા કલેકટર કચેરીએ અનશન પર ઊતરવા મા આવશે તેમજ ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી સચિવાલય ખાતે પણ અનશન પર ઊતરવામાં આવશે તેવુ અરજદારોએ તેમજ સમર્થકએ જણાવેલ છે. અરજદારો અને સમર્થકો એ જણાવયા મૂજબ લડબી નદી બચાવો અભિયાનમાં જેમ જીલ્લા કલેકટરે આક્રમક કાર્યવાહી હાથ ધરેલ છે તેવી રીતે જીલ્લા કલેકટરશ્રી દ્વારાર્‌દાંતા તાલુકામાં ચાલતા ગેરકાયદેસર ઈંટવાડા બંધ કરાવવા તેમજ તાલૂકાને પ્રદૂષણ મૂકત કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવે તેવી દાંતાના જાગૃત નાગરિકો તેમજ યુવાનોની માંગ ઊઠવા પામી છે.

## થરાદમાં ખેતર...

**પાના નં.૮ ચાલુ**

હતા.આથી ખેતર માલિકે તેને બકરાં બહાર કાઢવાનુ કહેતાં તે ઉશ્કેરાઇ ગયો હતો.અને અચાનક કુહાડી તથા લાકડી વડે હુમલો કરી ભુરાભાઇને માથાના ભાગે કુહાડી મારવા જતાં બચાવા જતાં માથાના જમણા ભાગે લાગી હતી. આથી તેમનો કાન તુટવા પામ્યો હતો.ઈજાગ્રસ્તને લોહીનિતરતી હાલતમાં શહેરની સરકારી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાયો હતો. જ્યાં તુટેલા કાનને દશ જેટલા ટાંકા પણ લેવા પડ્યા હતા.આ બનાવ અંગે બે માલધારીઓ સામે પોલીસ ફરીયાદ નોંધાવવામાં આવી હતી.

## પાલનપુરના સામઢી...

**પાના નં.૮ ચાલુ**

મંગળવારે રાત્રે ઓચિંતો છાપો માર્યો હતો. જ્યાં હારજીતનો ગંજીપાનાથી જુગાર રમતા આઠ શખ્સોને ઝડપી લેવાયા હતા. જેમની પાસેથી રોકડ રકમ સહિત રૂપિયા ૨૧૨૮૦નો મુદ્દામાલ કબ્જે લેવામાં આવ્યો હતો. તમામની સામે ગઢ પોલીસ મથકે જુગારધારાની કલમ મુજબ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

સામઢી રાણાજીવાસ ગામે જુગાર રમતા ઝડપાયેલા શખ્સોમાં પથુજી જવાનજી સોલંકી, મોડણજી સ્વરૂપજી ચંડીસરા, વિક્રમસિંહ ઉર્ફે ટીનુંસિંહ, ઓપસિંહ સોલંકી (ત્રણેય રહે. રાણાજી વાસ સામઢી), ગોવુભા વખતસિંહ સોલંકી, ભમરસિંહ કરણસિંહ કલસાણી, તાજુભાઈ ઉમરભાઈ મીર, કંચળસિંહ મફાજી સોલંકી, અરજણસિંહ ઉર્ફે બચુસિંહ સોમાજી સોલંકી (તમામ રહે. સામઢી મોટાવાસ)નો સમાવેશ થાય છે.

## ધાનેરા નેનાવા...

**પાના નં.૮ ચાલુ**

પણ કેદ થઈ ગઈ છે. ધાનેરા ખાતે નેનાવા રોડ પર કોટડા ગામ નજીક બનેલા પેટ્રોલ પંપ પાસે આજે સવારે ધાખા ગામના જેતાભાઈ દેવાભાઈ ચૌધરી પોતાના મોટર સાઈકલ પર થાવર તરફથી આવી એકાએક પેટ્રોલપંપ તરફ વળી ગયા હતા.એ દરમિયાન નેનાવા તરફથી પુરઝડપે ધસી આવેલ જીપ ડાલાના ચાલકે બાઈકને હડફેટમાં લેતા બાઈક ચાલક હવામાં ફંગોળાઈ જમીન પર પટકાયો હતો.આ ઘટનાની જાણ થતાં આસપાસના લોકોએ ઈજાગ્રસ્ત બાઈક ચાલકને ધાનેરાની સરકારી હોસ્પિટલે સારવાર માટે ખસેડયો હતો.જોકે તેની હાલત ગંભીર જણાતાં તેને વધુ સારવાર અર્થે મહેસાણા ખસેડવાની ફરજ પડી છે. આ આખી ઘટના પેટ્રોલ પંપ પર લાગેલા સીસીટીવી કેમેરામાં કેદ થઈ ગઈ છે. હાલ મોટર સાઈકલ ચાલક જીવન મરણ વચ્ચે ઝોલા ખાઈ રહ્યો હોવાનું જાણવા મળ્યું છે.

## ભાભરમાંથી વધુ...

**પાના નં.૮ ચાલુ**

મોસાળ જેવી મહેમાનગતિ માણી રહ્યા છે. અને ભાભરમાં વાહનચોરી તથા ઘરફોડ ચોરીઓની ઘટનાઓ વધી રહી છે.જેથી ભાભરના લોકો ભયભીત બની ગયા છે.આવી સ્થિતિમાં ગઇ રાતે ફરી ભાભરની અંબિકા સોસાયટીમાં રહેતા ઈશ્વરભાઈ માળીના ઘરે મહેમાનગતિએ આવેલ ગોલગામના શિવરામભાઈ નાગજીભાઈ માળીની માલિકીના G J-24 P 7883 નંબરના બાઈકની ઉઠાંતરી થઇ ગઇ હતી.આ ઘટનાથી મુશ્કેલીમાં મુકાઈ ગયેલા બાઈકના માલિકે ભાભર પોલીસ સ્ટેશનમાં જાણ કરતા પોલીસે ઔપચારિક તપાસ હાથ ધરી છે.ભાભરમાં એક મહિનાથી વાહનચોરીનો શીલસિલો ચાલી રહ્યો હોવા છતાં પોલીસ તંત્ર વાહન ચોર ટોળકીને પકડવામાં નિષ્ફળ રહેતા નગરજનોમાં રોષની લાગણી ફેલાઈ ગઇ છે.

## ડીસાની ઉન્નતિ...

**પાના નં.૮ ચાલુ**

આવ્યા હતા અને ડીસા ઉત્તર પોલીસને જાણ કરતા ઉત્તર પોલીસ પણ ઘટના સ્થળે દોડી આવી હતી સેવાભાવિ મનુભાઈ આસનાનીને જાણ કરતા તે પણ ઘણા સ્થળે દોડી આવ્યા હતા સેધાજી ચમનજી ઠાકોરના મૃતદેહને ડીસાની સરકારી હોસ્પિટલ પીએમ અર્થે ખસેડાયો હતો ઉત્તર પોલીસને પૂછતાં તેમને જણાવ્યું હતું કે સેધાજી ચમનજી ઠાકોરનું મોત કુદરતી રીતે તેમનું મોત થયું છે.

# સ્થાનિક બજાર ભાવ

**ચોકસી બજાર**(કીલોના)
**ચાંદી ચોરસા ૪૦૦૦૦-૪૦૫૦૦**
રૂપુ કાચું ૪૦૦૦૦-૪૦૫૦૦
સોનુ તોલો ૩૧૪૦૦-૩૧૮૦૦
**તેલ બજાર**
**રાધે પામોલીન ૧૨૧૦**
પામોલીન ૧૨૦૦
સોયા રીફાઈન ૧૪૧૦
રાયડાતેલ ૧૫કી.૧૧૨૦-૧૨૪૦
**સીંગતેલ૧૫ કી. ૧૪૭૦-૧૫૦૦**
સીંગતેલ ૧૫ લી.૧૩૮૦
**સીગતેલ ૫ લી. ૪૫૦-૪૫૫**
તિરૂપતી કપા. ૧૩૫૦
૫ લીટર ૪૩૨
વનસ્પતિ ઘી ૧૦૪૦-૧૨૦૦
કોપરેલ ૧૫ કિલો ૩૩૦૦
૫ કે. કોપરેલ૧૧૫૦
૫લી. અંકુર સીંગતેલ ૪૬૫
**૧૫ લીટર સનફ્લાય ૧૩૧૦**
ટાયગર રાયડા તેલ ૧૫ કી. ૧૩૦૦
૫ લી. ૪૦૫
૨ લી. ૧૬૭
**ચોખા-દાળ બજાર**
(૧૦૦ કીલોના ભાવ)
કીચન ચેમ્પીયન કલાસીક ૮૫૦૦
કીચન ચેમ્પીયન સુપર ૭૭૦૦
કીચન ચેમ્પીયન તીબાર ૭૨૦૦
કીચન ચેમ્પીયન દુબાર ૬૯૦૦
કીચન ચેમ્પીયન રોજાના ૬૫૦૦
કીચન ચેમ્પીયનમીની દુબાર ૫૮૦૦
કીચન ચેમ્પીયન મોગર ૪૮૦૦
કીચન ચેમ્પીયન મીની મોગરા ૪૪૦૦
કીચન ચેમ્પીયન મીની મોગરા ૩૯૦૦
કીચન ચેમ્પીયન બ્રોકન ૩૦૦૦
દાવત ૧૧૨૧ કલાસીક ૯૫૦૦
દાવત ૧૧૨૧ કલાસીક ૯૫૦૦
દાવત સ્પેસીયલ ૭૮૦૦
દાવત ૭૭૦૦
દાવત તીબાર ૭૭૦૦
દાવત દિલખુશ ૭૮૦૦
દાવત રોજાના ૬૮૦૦
દાવત મોગરા ૪૮૦૦
દાવત મીની મોગરા ૪૦૦૦
ઈ.ગેટ કલાસીક ૨૫ કી.૧૪૦૦૦
ઈ.ગેટ કલાસીક ૧૦ કી.૧૪૨૦૦
ઈ.ગેટ કલાસીક ૫ કી.૧૪૨૦૦
ઈ.ગેટ કલાસીક ૧ કી.૧૪૪૦૦
ઈ.ગેટ સુપર ૨૫+૫ કી.૧૧૨૦૦
ઈ.ગેટ સુપર ૧૦ કી.૧૧૨૦૦
ઈ.ગેટ સુપર ૫ કી.૧૧૬૦૦
ઈ.ગેટ સુપર ૧ કી.૧૦૭૦૦
ઈ.ગેટતીબાર ૨૫ કી.૮૦૦૦
ઈ.ગેટ તી બાર ૧૦ કી.૮૧૦૦
ઈ.ગેટતીબાર ૫ કી.૮૫૦૦
ઈ.ગેટતીબાર ૧ કી.૮૫૦૦
ઈ.ગેટ દુબાર ૨૫ કી.૭૫૦૦
ઈ.ગેટ દુબાર ૧૦ કી.૮૦૦૦
ઈ.ગેટ દુબાર ૫ કી.૮૦૦૦
ઈ.ગેટ દુબાર ૧ કી.૮૦૦૦
દુન પ્રીમીયમ ૯૦૦૦
દુન તીબાર ૨૫ કી.૭૭૦૦
દુન તીબાર ૧૦ કી.૭૨૦૦
નર્મદા મગ પોલીસ ૫૯૫૦
મગદાળ નર્મદા સુપર ૬૦૦૦
નર્મદા મગ મોગર ૬૬૦૦
મગમોગરનર્મદાપ્રીમી ૬૯૦૦
નર્મદા અડદદાળ ૬૦૦૦
ઈન્ડિયા ગેટ મીની જુના ૪૫૦૦
ઈન્ડિયા ગેટ મોગરો ૪૪૦૦
ઈન્ડિયા ગેટ કણકી ૨૮૦૦
ઈન્ડિયા ગેટ ગોલ્ડન સેલા ૬૮૦૦
તુવરદાળ કૃષ્ણા ૭૦૦૦
તુવરદાળ રેંટીયો કિ.૫ ૯૦૦૦
તુવરદાળ ખીડીયાર ૬૧૦૦
લાલ કીલ્લો મેજીસ્ટીક ૯૦૦૦
લાલ કીલ્લો પ્રીમીયમ ૮૦૦૦
લાલ કીલ્લો તીબાર ૭૦૦૦
લાલ કિલ્લો દુબાર ૫૫૦૦
લાલ કિલ્લો મોગરો ૪૫૦૦
હેરીટેઝ એક્ષએક્ષએલ ૯૦૦૦
હેરીટેજ તીબાર ૮૦૦૦
હેરીટેજ દુબાર ૬૨૦૦
હેરીટેજ મીની દુબા ૫૦૦૦
કાયનાત પોપુલર ૬૪૦૦
કાયનાત સુપર ૮૧૦૦
કાયનાત ૬૮૦૦
કાયનાત પ્રીમીયમ ૮૮૦૦
રાજા બાસમતી ૪૦૦૦
કુરૂક્ષેત્ર ૫૮૦૦
પરી નં.૧ ૯૨૦૦
પરી નં. ૭ તીબાર ૮૨૦૦
પરી સુપર દુબાર ૭૪૦૦
કાયનાત ખેનીટાઈમ ૭૨૦૦
એપ્પલ પ્રીમીય ૪૮૦૦
ઓરેન્જ ૬૦૦૦
દાવત અપ્સરા ૫૦૦૦
જીરાસર ચંદન ૩૮૦૦
ચણાદાળ ૪૪૪ ૭૧૦૦
મગદાળ સમરદીપ ૭૨૦૦
મગમોગર રીયલ ૮૦૦૦
અડદદાળ અક્ષર ૮૩૦૦૦
મગ ૫૭૦૦
અંગુર તુવેરદાળ ૭૪૦૦
અંગુરતુવેરદાળઆયાતી ૬૪૦૦
ગાય છાપ તુવેરદાળ ૬૦૦૦
કિસાન તુવેરદાળ ૬૨૦૦
પરખ ગોલ્ડ પ્રીમીયમ ૬૦૦૦
પરખ સ્પેશીયલ ૫૨૦૦
લાલપરી તીબાર જુના ૪૨૦૦
લાલપરી દુબાર જુના ૩૮૦૦
લાલપરી સ્પેશી.નવા ૪૪૦૦
લાલપરી દુબાર નવા ૩૯૦૦
રોયલ ટેસ્ટ બાસમતી ૪૦૦૦
લાલમંદિર બાસમતી ૩૬૦૦
**ખાંડ બજાર**
(બોરીના ભાવ)
**ખાંડ એસ. ૩૪૫૦-૩૫૦૦**
**ખાંડ એમ. ૩૫૫૦**
ખાંડએલ. ૩૬૦૦
**ચા-બજાર**
સુરજ છાપ ચા ૩૦૦
હરણ છાપ ચા ૨૨૦
**આખા મરચાં-હળદર**
હળદર આખી રાજાપુરી ૭૦-૧૨૦
હળદર આખી રાજાપુરી ગટ્ટા ૧૦૦-૧૪૦
હળદર આખી સેલમ ૯૦
હળદર તળેલી સાંગલી ૮૦
મરચા વન્ડર હાટ ૨૦૫૦
મરચા વન્ડર મીડીયમ ૧૭૦૦
મરચા તેજા ૧૮૦૦
મરચું ગંતુર મીડીયમ ૧૯૦૦-૨૦૦૦
મરચા ટોમેટો ૨૨૦૦
મરચા ટોમેટો મીડીયમ ૧૯૦૦
કાશ્મીરી ૯૦
કાશ્મીરી મમરી ૯૦
સુપર પટની ૧૦૫
સુપર રજવાડી ૧૯૦
મરચા ડેડીકટ ૧૨૫
મરચાં ૫૮૦૦
**ગોળ બજાર**
વડેચા ગોલ્ડ ૧૦ કે ૪૪૦૦
વડેચા રજી ૧૦ કે. ૪૬૦૦
વડેચા ૫ કી. ૪૮૦૦
વડેચા ૧ કી. ૫૦૦૦
વડેચા ૨૫૦ ગ્રામ ૫૦૦૦
સાંગલી ૧૦ કે. ૪૩૦૦
**ખોળ બજાર ૯૫૦-૧૦૦૦**
દાણ ૭૦ કી.ગ્રા.૯૫૦-૧૦૦૦
મોરબી ખોળ ૧૦૫૦-૧૧૦૦
જીરાળુ ૧૪૨૦
ચૂની કોરમુ ૭૦ કિ.ગ્રા. ૯૨૦-૧૫૪૦
મકાઈ ૩૫ કી.ગ્રા. ૫૧૦
જવ ભરડો ૩૫ કી.ગ્રા. ૫૭૦
**પરચુરણ**
સોજી ૮૦૦
મેંદો ૭૮૦
શ્રીફળ એમ. ૧૪૨૫
નિરમા સાબ ૫૨૫
મેદી ૬૦-૧૦૦
અજમો ૧૪૦-૧૭૦
સાકરીયા ૩૨૦૦
ખાંડ બુરૂ ૩૫૦૦
કોકમ ફુલ ૧૫૦
એલચી ૯૦૦-૧૦૦૦
મોરૈયો ૬૫-૮૦
તલ ૯૦-૧૦૦
ખસ-ખસ ૩૫૦-૫૮૦
સીંગદાણા ૬૫-૮૦
**શાકભાજી(૨૦ કિલોના ભાવ)**
દુધી ૧૦૦-૧૪૦
સુકી ડુંગળી ૧૮૦-૨૦૦
લસણ ૫૦૦-૬૦૦
ધાણા ૫૦૦-૮૦૦
મરચાં ૫૦૦-૬૦૦
લીંબુ ૭૦૦-૧૦૦૦
અડવી પત્તા ૨૦૦-૩૦૦
આદુ ૮૫-૯૦
રીંગણ ૩૦૦-૪૦૦
ટામેટા ૩૪૦-૪૦૦
**ભીંડા ૨૮૦-૩૦૦**
કોબી ૧૪૦-૧૬૦
વટાણા ૯૦૦-૧૦૦૦
ટીંડસા ૫૦૦-૮૦૦
ગવાર ૬૦૦-૯૦૦
બાદશાહ બટાકા ૩૪૦-૪૦૦
**સાંગા બટાકા ૨૦૦- ૨૪૦**

## આઈસીસી ટેસ્ટ રેક્નિંગ: કોહલી બીજા નંબરે યથાવત, બોલર્સમાં રબાડા પ્રથમ નંબરે

આઈસીસી દ્વારા જાહેર કરાયેલી તાજેતરની ટેસ્ટ રેક્નિંગમાં બેટ્સમેન્સમાં ભારતીય કપ્તાન વિરાટ કોહલી બીજા સ્થાને યથાવત છે, જ્યારે ઑસ્ટ્રેલિયાનો પ્રતિબંધિત પૂર્વ કપ્તાન સ્ટીવ સ્મિથ પ્રથમ સ્થાને પર છે. ઈંગ્લેન્ડનો કપ્તાન જો રૂટ ત્રીજા સ્થાને છે. તાજેતરમાં હેડિંગ્લે ટેસ્ટમાં શાનદર પ્રદર્શન કરવા પર ઈંગ્લેન્ડનાં ઝડપી બોલર ક્રિસ વૉક્સ અને સ્ટુઅર્ટ બૉર્ડને ટેસ્ટ રેક્નિંગમાં ફાયદો થયો છે.

બોલરોનાં ટેસ્ટ રેક્નિંગમાં બ્રોડને બે સ્થાનનો ફાયદો થયો છે જ્યારે વૉક્સને એક સ્થાનનો ફાયદો થયો છે. બ્રોડ હવે ૧૨માં સ્થાને છે અને વૉક્સ ૩૪માં સ્થાને. જેમ્સ એન્ડરસન બીજા નંબરે અને દક્ષિણ આફ્રિકાનો કાગિસો રબાડો પ્રથમ સ્થાને છે. પાકિસ્તાનનાં બોલરોને પણ રેક્નિંગમાં ફાયદો થયો છે. શાદાબ ખાન ૯૩માં નંબરે, મોહમ્મદ આમિર ૨૦માં અને મોહમ્મદ અબ્બાસ ૩૨માં નંબર પર છે.

બેટ્સમેન્સમાં જોશ બટલરને ૧૯ સ્થાનનો ફાયદો થયો છે અને તે હવે ૬૩માં સ્થાને આવી ગયો છે. એલિસ્ટર કુક ૧૩માં સ્થાને પહોંચ્યો છે.

## અર્જુન તેન્ડુલકરની અન્ડર-૧૯ ટીમમાં પસંદગીથી ઈંગ્લેન્ડની મહિલા ક્રિકેટર ખુશ થઈ

સચિનના પુત્ર અર્જુન તેન્ડુલકરની પસંદગી શ્રીલંકાના પ્રવાસ માટેની અન્ડર-૧૯ ટીમમાં કરવામાં આવી ત્યારથી તેને સતત શુભેચ્છાઓ આપવામાં આવી રહી છે. આ યાદીમાં ઈંગ્લેન્ડની મહિલા ક્રિકેટર ડેનિયલ વેટનું ઓફિશ્યલ ટ્વીટર એકાઉન્ટમાં શેર કરેલા ફોટોમાં તેણે પ્રતિક્રિયા આપી છે. ઈંગ્લેન્ડની ટીમની ૨૭ વર્ષની બેટ્સવુમને લખ્યુ હતું, યશ અર્જુન.

ઈંગ્લેન્ડની આ મહિલા ખેલાડીએ ૨૦૧૪માં વિરાટ પ્રત્યેના પ્રેમનો એકરાર કર્યો હતો જેને કારણે તે ઘણી જાણીતી થઈ હતી. અર્જુન તેન્ડુલકર ઘણા સમયથી ઈંગ્લેન્ડમાં ટ્રેનીંગ માટે જાય છે જ્યાં તેની ડેનીયલ વેટ સાથે મુલાકાત થઈ હતી. આ બંને સારા મિત્રો છે. વેટે આ અગાઉ અર્જુન સાથેના ફોટો પણ સોશ્યલ મીડિયામાં શેર કર્યા છે.રશિયામાં ગુરૂવારથી ફુટબોલ મહાકુંભનો આરંભ, મેસી-રોનાલ્ડોની એન્ટ્રી

## ટીમ પાસેથી વધારે મોટી આશા ન રાખો : રોનાલ્ડો

દુનિયાના ફુટબોલમાં વર્લ્ડ ચેમ્પિયન તરીકેનો તાજ જીતવાની આશા સાથે વિશ્વભરના સુપરસ્ટાર્સ ખેલાડીઓ લાયોનેલ મેસી અને ક્રિસ્ટીયાનો રોનાલ્ડો પણ પોતપોતાની રાષ્ટ્રીય ટીમો સાથે રશિયા આવી પહોંચ્યા છે. મેસી સહિત આર્જેન્ટીનાની ફુટબોલ ટીમ મોસ્કો એરપોર્ટ પર ઉતરી ત્યારે તેઓ તેમની ઓળખ સમી લાઈટ બ્લૂ અને વ્હાઈટ પટ્ટાવાળી ચેમ્પિયન તરીકે વર્લ્ડ કપ રમવા પહોંચેલી ક્રિસ્ટીયાનો રોનાલ્ડોની પોર્ટુગીઝ ટીમ પણ મોસ્કોમાં ઉતરી હતી અને ત્યાંથી કડક સુરક્ષાવ્યવસ્થા વચ્ચે ટીમની હોટલ પર પહોંચી હતી.

ફુટબોલ જગતમાં સુપરસ્ટાપ તરીકેની ઓળખ ધરાવતા મેસીના શાનદાર પ્રદર્શનના આધારે આર્જેન્ટિના વર્લ્ડ કપ જીતવા ઈચ્છી રહ્યું છે. જ્યારે પોર્ટુગલને યુરોપીયન ચેમ્પિયન બનાવ્યા બાદ સ્વભાવિક રીતે ચાહકો રોનાલ્ડોની આગેવાની બેઠળની ટીમને વર્લ્ડ ચેમ્પિયન તરીકે જોવા ઈચ્છી રહ્યાં છે.

દુનિયાના ટોચના ખેલાડી તરીકે રિયલ મેડ્રીડ તરફથી શાનદાર દેખાવ કરતાં અને ચેમ્પિયન તરીકે ટ્રોફી ઉચકતો રોનાલ્ડો વર્લ્ડ ચેમ્પિયન બનવાની સિદ્ધિ પણ મેળવે તેવી આશા ચાહકો રાખી રહ્યાં છે. જોકે, રોનાલ્ડોએ ચાહકોને અપીલ કરી છે કે, તેઓ ટીમ પાસેથી રિયાલીસ્ટીક એટલે કે વાસ્તવિકતાની નજીક હોય તેવી અપેક્ષા રાખે.

<u>૩ વિકેટ ઝડપનાર રાશિદ મેન ઓફ ધ મેચ</u>

## રાશિદની ફિરકીમાં ફસાયું બાંગ્લાદેશ, ૪૫ રનથી અફઘાન વિજયી

આઈપીએલ ૨૦૧૮માં સનરાઈઝ હૈદરાબાદ તરફથી બોલિંગ કરી તમામને પ્રભાવિત કરનાર અફઘાનિસ્તાનના સ્પીનર રાશિદ ખાને બાંગ્લાદેશ સામેની ટી-૨૦ મેચમાં ૩ વિકેટ ઝડપી પોતાની ટીમને ભવ્ય જીત અપાવી હતી. અફઘાનિસ્તાન અને બાંગ્લાદેશ વચ્ચે ઉત્તરાખંડના દહેરાદુનના રાજીવગાંધી ઈન્ટરનેશનલ ક્રિકેટ સ્ટેડિયમમાં રમાયેલ પ્રથમ ટી-૨૦ મેચમાં બાંગ્લાદેશે ટોસ જીતી અફઘાનિસ્તાનને બેટિંગ માટે આમંત્રણ આપ્યુ હતું, આ નિર્ણય તેને ખૂબ ભારે પડયો હતો અને અફઘાનિસ્તાને પોતાની બોલિંગના દમ પર બાંગ્લાદેશને ૪૫ રને હરાવી પ્રથમ ટી-૨૦ પોતાને નામે કરી લીધી હતી.

અફઘાનિસ્તાને વિકેટકિપર બેટ્સમેન શહઝાદની ૪૦ રનની ઈનિંગ ઉપરાંત શેનવરીના ૩૬ તેમજ ઉસ્માન ઘનીના ૨૬, કેપ્ટન સ્ટેનકઝાઈના ૨૫ રનની મદદથી ૨૦ ઓવરમાં ૮ વિકેટ ગુમાવી ૧૬૭ રન બનાવ્યા હતા.બાંગ્લાદેશ તરફથી અબુલ હસન અને મહમુદુલ્લાહે ૨-૨ વિકેટ ઝડપી હતી. જ્યારે અબુ જાયદ, રુબૈલ હુસૈન અને શાકિબે ૧-૧ વિકેટ ઝડપી હતી. બેટિંગમાં શાનદાર પ્રદર્શન કર્યા બાદ અફઘાનના બોલરોએ પણ પોતાની ટીમ માટે શાનદાર બોલિંગ કરી હતી. ૧૬૮ રનના લક્ષ્યાંકનો પીછો કરવા ઉતરેલ બાંગ્લાદેશની ટીમ તરફથી એક માત્ર દાસે ૩૦ રનની ઈનિંગ રમી હતી. આ ઉપરાંત મહમદુલ્લાહ ૨૯ અને મુસફીકુર રહીમે ૨૦ રન બનાવ્યા હતા. અફઘાનિસ્તાન તરફથી સ્પિનર રાશિદ ખાને ફરી પોતાની બોલિંગની મદદથી ૩ ઓવરમાં ૧૩ રન આપી ૩ વિકેટ ઝડપી હતી. જેથી તેને મેન ઓફ ધ મેચ જાહેર કરાયો હતો. જ્યારે ઝરદાને પણ ૩ વિકેટ ઝડપી હતી

રખેવાળ ના માધ્યમથી તમારા લાડલાને અથવા સ્નેહીને જન્મદિન શુભેચ્છાઓ.....

**'જન્મદિન મુબારક' માં ભાગ લેવા આટલું કરો**

★ તમારા સ્નેહીને વિનામુલ્યે જન્મદિન-મુબારક પાઠવવાનો નીચેની કુપનમાં જણાવેલ વિગત જન્મદિવસ તારીખ અગાઉ એક સપ્તાહ પહેલાં મળી જાય તે રીતે મોકલી આપવું.
★'રખેવાળ' માં પ્રસિદ્ધ થયેલ કૂપન સિવાય અન્ય કાગળોમાં મોકલેલ વિગતો ધ્યાને લેવાશે નહીં.
કૂપન સાથે જન્મ તારીખના દાખલાની ઝેરીક્ષ અવશ્ય મોકલવી.
★ જન્મદિન મુબારકમાં જો આપ ફોટો છપાવવા ઈચ્છતા હોવ તો તે માટે ટીકીટ સાઈઝ ફોટા માટે રૂા. ૧૦૦/- તથા ૪ સે.મી. સાઈઝ ફોટો માટે રૂા. ૨૫૦/- ચાર્જ એડવાન્સ મોકલી આપવાના રહેશે.

**જન્મદિન મુબારક**

નામ :........................ પતિ/પિતા :........................
માતા : ........................જ.તા. .................ઉ.વ.
પરિચય: ........................................................
સરનામુ : ......................................................
મોકલનારની સહી : ............................................

## મહિસાગર નદીમાં ડુબી ગયેલા પાંચ લોકોની અંતિમ વિધિઃ માલપુર સ્વયંભૂ બંધ

માલપુર

અરવલ્લીના માલપુર ખાતે મહીસાગર નદીમાં ડુબી જવાથી મૃત્યુ પામેલા પાંચ યુવાનોની અંતિમ વિધિ યોજાઈ છે. ત્યારે માલપુરાના લોકોએ સ્વયંભૂ બંધ પાળ્યો છે. અને સમગ્ર ગામમાં ગમગીનીનો માહોલ જોવા મળી રહ્યો છે.

માલપુરના વેપારીઓએ સ્વયંભૂ બંધ પાળીને મૃતકોને શ્રદ્ધાંજલિ અર્પણ કરી છે. મહીસાગર નદીમાં નહાવા ગયેલા પાંચ યુવાનો ડુબ્યા હતા. જેમાં ચાર યુવાનોના ગઈ કાલે જ મૃતદેહ મળ્યા હતા. જોકે એક મૃતદેહ ન મળતા એનડીઆરએફની મદદ લેવી પડી હતી. અને પાંચમા યુવાનનો આજ સવારે મૃતદેહ મળી આવ્યો હતો.

## પાટણમાં સિંધી ઉત્તર પંચાયત દ્વારા સ્નેહમિલન કાર્યક્રમ યોજાયો

પાટણ

પાટણ ખાતે સિંધી ઉત્તર પંચાયત દ્વારા ચતુર્થ સરસ્વતિ સ્નેહ મિલન અને બાળકોના શિક્ષણ પ્રત્યે ઉત્સાહ વધારવા ચારે એક સમારોહ યોજાયો હતો, આ કાર્યક્રમમાં બાળકોને ઈનામ વિતરણ કરાયું હતું.પ્રથમ ઈનામના દાતા ખેમચંદદાસ આસનદાસ પોહાણી તથા બીજા અને ત્રીજા ઈનામના દાતા વિજયભાઈ રામચંદાની હતા. તેમજ સમગ્ર બાળકોને આશ્વાસન ઈનામ સિંધી મંડળ દ્વારા આપવામાં આવ્યા હતા.આ પ્રસંગે સિંધી સમાજના ભાઈ-બહેનો ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં પ્રમુખ હરેશભાઈ જામનદાસ નારવાણી અને ગુલાબભાઈ સોઢમલ રામચંદાની વિગેરે મંડળના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

## ટુંડાવમાંથી સગીરાને ભગાડી જતાં ફરિયાદ

ઊંઝા

ઊંઝા તાલકુાના ટુંડાવ ગામે ખેતરમાં ગયેલી સગીરાને ઠાકોર યુવક લલચાવી ભગાડી જતાં ચકચાર મચી ગઈ છે. ટુંડાવ ખાતે ગત શુક્રવારે સવારે અગિયાર વાગે બે બહેનો ખેતરમાં ગઈ હતી. ત્યારે એક ૧૭ વર્ષીય યુવતીને ગામનો ઠાકોર પ્રવિણજી નરેશજી લલચાવીને ભગાડી જતાં સગીરાના માતાપિતાને જાણ થતાં પોલીસમાં ફરિયાદ નોંધાવામાં આવી હતી. આ અંગે વધુ તપાસ જિલ્લા એસટી- એસસીસેલ નાયબ અધિક્ષક ચલાવી રહ્યા છે.

## શાળા પ્રવેશોત્સવ-૨૦૧૮ મંત્રી પંચાસર અને શંખેશ્વર ખાતે બાળકોને શાળા પ્રવેશ કરાવશે

પાટણ

કન્યા કેળવણી અને શાળા પ્રવેશોત્સવ-૨૦૧૮ તારીખ ૧૪ અને ૧૫ જૂન દરમિયાન યોજાનાર છે. પાટણ જિલ્લામાં ચાલુ વર્ષે ૮૮૯૫ કુમારો અને ૮૫૩૩ કન્યાઓ મળી કુલ-૧૭૪૨૮ બાળકો શાળા પ્રવેશ કરનાર છે. શહેરી કક્ષાએ તારીખ ૨૨ અને ૨૩ જૂન ના રોજ યોજાનાર છે. પાટણ જિલ્લામાં કુલ ૮૯ રૂટનું આયોજન કરાયું છે.

શાળા પ્રવેશોત્સવ દરમિયાન શ્રમ અને રોજગાર મંત્રી દિલીપકુમાર ઠાકોર વિવેકાનંદ વિદ્યાલય, પંચાસર અને પી.સી.પ્રજાપતિ હાઈસ્કૂલ, શંખેશ્વર ખાતે ઉપસ્થિત રહી બાળકોને શાળા પ્રવેશ કરાવશે. તારીખ ૧૫ જૂન ના રોજ મંત્રીશ્રી દુનાવાડા અને જમણપુર ખાતે શાળા પ્રવેશોત્સવમાં હાજર રહેશે. જી.આઈ.ડી.સી.ના ચેરમેનશ્રી બળવંતસિંહ રાજપુત તારીખ ૧૪ જૂન ના રોજ આર.ડી.દેસાઈ વિદ્યાલય, વાગડોદ અને સામાન્ય વિદ્યાલય કોઈટા ખાતે પ્રવેશોત્સવમાં હાજરી આપશે. ૧૫ તારીખે તેઓશ્રી ગાગલાસણ અને ગણેશપુરા ખાતે હાજરી આપશે.

કન્યા કેળવણી અને શાળા પ્રવેશોત્સવ દરમ્યાન ઉચ્ચ કક્ષાના સચિવો, અધિકારીઓ, પદાધિકારીઓ વગેરે હાજર રહી બાળકોને માંગલીક શાળા પ્રવેશોત્સવ કરાવશે.

## વિવિધ બજાર ભાવ

| | | | | |
|---|---|---|---|---|
| | **ડીસા** | | અસાળીયો | ૮૧૨ |
| ઘઉં | ૩૨૨-૩૬૯ | | ચીકુડી | ૧૩૫૦-૧૫૨૫ |
| બાજરી | ૨૩૬-૨૫૩ | | ર.બાજરી | ૪૦૬-૪૧૭ |
| રાજગરો | ૧૦૭૦-૧૧૧૫ | | | **થરા** |
| મગફળી | ૭૨૧-૮૩૨ | | જીરૂ | ૨૩૦૦-૩૨૭૫ |
| એરંડા | ૭૫૦-૭૫૮ | | એરંડા | ૭૫૨-૭૭૦ |
| રાયડો | ૭૧૦-૭૨૦ | | રાયડો | ૭૧૦-૭૩૦ |
| | **ભીલડી** | | ઘઉં | ૩૧૯-૩૪૫ |
| એરંડા | ૭૪૦-૭૫૫ | | બાજરી | ૨૩૭-૨૭૯ |
| રાયડો | ૭૦૦-૭૦૫ | | જુવાર | ૫૦૫-૬૯૦ |
| બાજરી | ૨૩૦-૨૫૦ | | રજકો | ૧૭૨૫-૨૪૫૧ |
| ઘઉં | ૩૨૫-૩૩૦ | | | **સિધ્ધપુર** |
| મગફળી | ૭૨૧-૭૭૦ | | રાયડો | ૬૯૦-૭૧૧ |
| | **પાંથાવાડા** | | એરંડા | ૭૨૦-૭૬૨ |
| ઘઉં - | ૨૮૧/- | ૩૦૧/- | મેથી | ૫૦૨ |
| બાજરી - | ૨૨૮/- | ૨૩૫/- | ઘઉં | ૩૦૦-૪૧૯ |
| એરંડા- | ૭૪૦/- | ૭૫૭/- | જુવાર | ૫૦૦-૮૫૨ |
| રાયડો - | ૭૧૮/- | ૭૨૦/- | બાજરી | ૨૧૦-૨૫૦ |
| મગફળી - | ૭૪૦/- | ૮૨૩/- | જવ | ૩૦૧ |
| | **ધાનેરા** | | | **પાટણ** |
| ઘઉં | ૩૧૦-૩૩૯ | | જીરૂ | ૨૨૦૦-૨૯૬૬ |
| બાજરી | ૨૩૬-૨૬૩ | | વરીયાળી | ૧૧૨૫-૧૩૩૮ |
| ગવાર | ૬૪૦-૬૮૧ | | મેથી | ૩૬૧-૪૮૦ |
| મગફળી | ૭૫૧ | | સુવા | ૬૦૦-૯૧૮ |
| રાયડો | ૬૬૦-૭૨૭ | | રાયડો | ૬૬૦-૭૫૬ |
| એરંડા | ૭૪૦-૭૬૩ | | એરંડા | ૭૩૦-૭૬૫ |
| રજકો | ૧૯૦૧-૨૧૯૯ | | અજમો | ૩૦૦-૪૪૪ |
| સુવા | ૯૧૦-૯૫૬ | | ઘઉં | ૩૧૮-૩૮૮ |
| વરી. | ૧૧૯૫-૧૩૪૯ | | બાજરી | ૨૨૦-૨૫૭ |
| ઈસ. | ૧૦૦૦-૧૪૯૬ | | ગવાર | ૬૨૧-૬૮૫ |
| તલ | ૧૩૩૦ | | જુવાર | ૫૦૦-૬૯૧ |
| જીરૂ | ૨૪૮૦-૨૯૨૬ | | જવ | ૩૦૦-૩૦૩ |
| મેથી | ૬૫૦ | | બંટી | ૩૪૧-૩૫૦ |
| અન્ય | ૧૩૫૦-૧૫૨૧ | | રજકાબાજરી | ૩૬૦-૪૩૨ |
| રાજગરો | ૮૫૮-૮૭૦ | | રજકો | ૧૫૦૦-૨૨૯૦ |
| અજમો | ૧૩૫૦-૧૭૦૧ | | ચીકુડી | ૯૦૦-૧૪૭૦ |

**આજથી શાળા પ્રવેશોત્સવ-૨૦૧૮નો રાજ્યવ્યાપી પ્રારંભ**

## મુખ્યમંત્રી સાબરકાંઠા જિલ્લાના અંતરિયાળ લાંબડીયા ગામની શાળામાં બાળકોનું શાળા નામાંકન કરાવશે

હિંમતનગર

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના નેતૃત્વમાં આવતીકાલથી બે દિવસ માટે રાજયવ્યાપી કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવની ૧૬મી કડીનો ગ્રામીણ ક્ષેત્રોમાં આરંભ થશે. વિજયભાઈ રૂપાણી સાબરકાંઠા જિલ્લાના પોશીના તાલુકાની લાંબડીયા ગામની શાળાથી આ પ્રવેશોત્સવનો પ્રારંભ કરાવવાના છે. મુખ્યમંત્રીઆ ગામમાં ૧૯૦ બાળકોને ધોરણ-૯માં અને ૬૮ને ધોરણ-૧૧માં તેમજ પ્રાથમિક શાળામાં ૧૮૯ બાળકો અને આંગણવાડીમાં ૫૦ ભૂલકાંઓને પ્રવેશ અપાવશે. નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલ મહેસાણા જિલ્લાના ગામોમાં આ શિક્ષણ સેવા અભિયાનનું નેતૃત્વ કરશે.આ વર્ષનો પ્રવેશોત્સવ ૩૨૭૮૦ પ્રાથમિક, ૧૧૨૩ સરકારી માધ્યમિક અને ૫૧૫૭ ગ્રાન્ટ ઈન એઈડ માધ્યમિક શાળાઓમાં યોજાશે. રાજયના મંત્રીઓ તેમજ બોર્ડ નિગમના પદાધિકારીઓ સહિત ૫૮ પદાધિકારીઓ, આઈ. એ.એસ., આઈ. પી. એસ., આઈ.એફ. એસ. અધિકારીઓ તેમજ ખાતાના વડાઓ અને સચિવાલયના ઉચ્ચ અધિકારીઓ મળી ૫૩૮ સેવા કર્મીઓ આ શિક્ષણ સંસ્કાર યજ્ઞમાં જોડાશે. અત્રે એ નિર્દેશ કરવો જરૂરી છે કે, રાજ્ય સરકારે આ શાળા પ્રવેશોત્સવ અભિયાનમાં એક નવતર અભિગમ અપનાવી પ્રાથમિક શાળામાં નામાંકન સાથે ધોરણ ૮ પાસ કરીને ધોરણ ૯ માં માધ્યમિક શાળામાં પ્રવેશોત્સુક વિદ્યાર્થીઓનો પ્રવેશોત્સવ પણ હાથ ધર્યો છે. ગુજરાતમાં વર્ષ ૨૦૦૨-૨૦૦૩થી શરૂ થયેલા આ શાળા પ્રવેશોત્સવ અભિયાનની સફળતાને પગલે રાજયની પ્રાથમિક શાળાઓમાં ૯૯.૧૫ ટકા જેટલું નામાંકન થયું છે.

## પ્રવેશોત્સવ, ગુણોત્સવ પાછળ ધૂમ ખર્ચો છતા સરકારી શાળામાં ઓરડા-પાણીનો અભાવ..!!

(જી.એન.એસ) મહેસાણા

રાજય સરકાર શાળા પ્રવેશોત્સવ, ગુણોત્સવ વગેરે પાછળ ધૂમ ખર્ચો કરી શિક્ષણ પાછળ ખૂબ ચિંતિત હોવાનો દેખાડો કરી રહી છે. હકીકતમાં પ્રાથમિક શિક્ષણ અધોગતિ તરફ ધકેલાઈ રહ્યું હોવાનું ચિત્ર ઉપસી રહ્યું છે. આજે પણ એવી સરકારી પ્રાથમિક શાળાઓ છે કે જયાં વિદ્યાર્થીઓને બેસવા પૂરતા ઓરડા નથી. એવી પણ શાળાઓ છે કે, તંત્રએ ઓરડા ભયજનક હોઈ તેનો ઉપયોગ કરવો નહીં તેવું સર્ટિ આપી ઓરડા ઉતારી લેવા આદેશ આપી છે, પરંતુ નવા ઓરડા બાંધવા ગ્રાન્ટ નહીં ફાળવવાના કારણે આજે પણ આવા જર્જરિત ઓરડામાં બાળકોને જાનના જોખમે ભણાવાઈ રહ્યા છે. કેટલીક જગ્યાએ આ સ્થિતિમાં શાળા બે પાળીમાં ચલાવાય છે, કાંતો બાળકોને ઝાડ નીચે બેસીને ભણાવાય છે. શિક્ષકોની પણ ઘટ વર્તાય છે. એવી પણ શાળાઓ છે કે જયાં ૧થી ૮ ધોરણ ચાલતું હોય પણ શિક્ષક માત્ર ૩ કે ૪ હોય. આવી અનેક અસુવિધાઓ વચ્ચે સોમવારથી નવા શૈક્ષણિક સત્રનો આરંભ થશે. જૂની સમસ્યાઓ સાથે. પોશીના તાલુકાની વીંછી ડોલરીયા પ્રાથમિક શાળાના સીન્ટેક્સના ખંડેર બની ગયેલા એક રૂમમાં ધો.૧થી ૫ના અંદાજે ૬૫ બાળકો અભ્યાસ કરે છે. શાળામાં બાળકો માટે શૌચાલય કે પીવાના પાણીની વ્યવસ્થા નથી. એક જ રૂમમાં શાળાનું કાર્યાલય અને તેમાં જ મધ્યાહન ભોજનનો સામાન રહે. ત્રણ શિક્ષકો, ૬૫ બાળકો, શાળાનું રાચરચીલું બધું જ "એડજસ્ટ" કરવું પડે છે. રાજ્ય કક્ષાના અધિકારી-પદાધિકારીઓ આવી શાળાઓમાં પ્રવેશોત્સવ કરાવવા નહીં જાય ત્યાં સુધી સરકારી શાળાઓની સુવિધાઓમાં કોઈ સુધાર નહીં થાય.

## રાધનપુર નગરપાલિકા દ્વારા વરસાદી પાણીના નિકાલ માટે ગટરો-નાળા સાફ કરવાની કામગીરી




રાધનપુર

રાધનપુરમાં વરસાદી પાણીના નિકાલ માટે નગરપાલિકા દવારા ગટરો અને નાળા સાફ કરવાની કામગીરીનો શુભારંભ કરવામાં આવ્યો છે.શહરેના પચ્ચીસ નાળા અને ૧૫ મોટી ગટરો સાફ કરવા માટે ટેન્ડરથી ૩.૨૧ લાખ રૂપિયાના ખર્ચે સફાઈ અભિયાન હાથ ધરવામાં આવ્યું છે.છેલ્લા કેટલાક વર્ષોથી શહેરની ગટરો અને નાળા સાફ કરવા માટે ટેન્ડર પદ્ધતિથી કામગીરી આપવામાં આવે છે,પરંતુ જેને આ કામગીરી સોંપવામાં આવે છે તેઓ પાલિકાના સત્તાધીશો સાથે ભાગબટાઈ કરીને પચાસ ટકા કામગીરી પણ કરતા નથી તેવી લોકોમાં ચર્ચાઓ ચાલી રહી છે,ત્યારે બાવીસ વર્ષ બાદ સત્તા ઉપર આવેલી કોંગ્રેસના શાસનમાં સાચા અર્થમાં કામગીરી થાય છે કે નહિ તે જોવાનું રહ્યું.

સેનીટેશન વિભાગના ચેરમેન હરદાસભાઈ આહીરના જણાવ્યા મુજબ ગટરો અને નાળા સાફ કરવા માટે મજુર કામદાર મંડળીને કામગીરી સોંપવામાં આવી છે,અને વરસાદ શરુ થાય તે પહેલા તમામ નાળા અને ગટરો સાફ કરી નાખવામાં આવશે.જ્યાં જરૂર પડે ત્યાં જે.સી.બી લગાવીને પણ કામગીરી કરીને ઝડપથી કામગીરી પૂર્ણ કરવામાં આવશે.

## વડાલી તાલુકા પંચાયતના પ્રમુખ ઉપપ્રમુખની ચૂંટણીનું કાઉન્ટ ડાઉન શરૂ

**કેટલાક સદસ્યોને સહેલગાહે લઈ જવાયા હોવાની ચર્ચા**

પ્રતિનિધિ વડાલી

વડાલી તાલુકા પંચાયતના પ્રમુખ તેમજ ઉપપ્રમુખની ચૂંટણી તા. ૨૦/૬/૨૦૧૮ ના રોજ યોજાવાની છે. ત્યારે પ્રમુખની દાવેદારી માટે લોબીંગ શરૂ થઈ ગયુ છે. પ્રમુખના મુખ્ય દાવેદારોમાં પટેલ રોહિતભાઈ, પટેલ વિજયભાઈ માધાભાઈ વચ્ચે હરીફાઈ જામી છે. ત્યારે પક્ષ દ્વારા કોની પસંદગી કરવામાં આવે છે તે જોવાનું રહ્યું. પક્ષના ઉચ્ચ હોદ્દેદારો દ્વારા તાલુકા પંચાયતના ચૂંટાયેલા સભ્યો (સદસ્યો) દ્વારા પ્રમુખ બનાવવામાં આવે છે.

આધારભુત સુત્રોના જણાવેલ કે એક દાવેદાર દ્વારા સભ્યોને સહેલગાવ (ફરવા) માટે લઈ જવામાં આવ્યા છે. પક્ષને પોતાના જ સદસ્યો પર વિશ્વાસ રહ્યો નથી. અમુક સદસ્યો ભાજપના સદસ્યોના સંપર્કમાં હોવાનું જાણવા મળેલ છે. ભાજપના ટેકાથી પ્રમુખ ઉપપ્રમુખ બની શકે તેવું હાલમાં લાગી રહ્યું છે. જયારે કોંગ્રેસના સદસ્યો બે ભાગમાં વહેંચાયેલા છે.

એક તરફ ઠાકોર પક્ષ છે. અને બીજી બાજુ પાટીદાર પક્ષના ઉમેદવરો વચ્ચે પ્રમુખ બનવાની દોડ જામી છે. સદસ્યો વચ્ચે મનમેળ નથી. ત્યારે તાલુકાના સદસ્યોને પક્ષના ઉચ્ચ હોદ્દેદારો દ્વારા મનાવા માટે મથામણોનો દોર ચાલી રહ્યો છે. ત્યારે ૨૦ તારીખે જાણવા મળશે કે કોણ બાજી મારે છે. અત્યારે તાલુકામાં પ્રમુખ કોણ બનશે તે બાબતે ચર્ચાએ જોર પકડ્યું છે.

કોંગ્રેસ પક્ષના ટેકાથી પ્રમુખ બને છે કે બહુમતી કોંગ્રેસની હોવા છતાં ભાજપના ટેકાથી પ્રમુખ બને છે તે જોવાનું રહ્યું.

## પાટણ સિવિલ બચાવો ઝુંબેશ ઉમટી :૧૫૦ સોમવાર પુરા

પાટણ

જિલ્લા મથક પાટણ ખાતેની સિવિલ હોસ્પિટલની છિનવાયેલી સેવાઓ પાછી આપી સિવિલને અગાઉની જેમ સર્જન ડાંકટરો તેમજ ઓપરેશન સહિતની સાધનો-મશીનરી સાથે આરોગ્ય સેવાઓથી પુનઃ ધમધમતી કરવાની માંગણી સાથે પાટણ શહેર કોંગ્રેસ દ્વારા ચલાવાઈ રહેલ 'સિવિલ બચાવો અભિયાનની સોમવારી સહી ઝુંબેશ ગત સોમવારે ૧૫૦ સોમવાર પુરા કર્યા હતા.આ પ્રસંગે શહેર કોંગ્રેસ પ્રમુખ લાલેશ ઠક્કર સહિત કોર્પોરેટરો અને કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા. આ આંદોલનના પ્રણેતા લાલેશ ઠક્કરે જણાવેલ કે ગરીબ અને સામાન્ય પ્રજાને અગાઉની જેમ આરોગ્ય સેવાઓ પાટણ ખાતે મળી રહે તે ઉદેશથી સિવિલ બચાવો ઝુંબેશ ચલાવવામાં આવી છે.

## "બાળ સાથે છોડ"ના અભિયાન સાથે સાબરકાંઠા જિલ્લામાં આજથી શાળા પ્રવેશોત્સવનો પ્રારંભ

**જિલ્લાની ૧૫૩૯ શાળાઓમાં ૧૮૪૫૧ બાળકોનું નામાકંન કરાશે.**

હિંમતનગર

સમગ્ર રાજય વ્યાપી આરંભ થનાર શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવનો આજથી પ્રારંભ થનાર છે. જે અંતર્ગત સાબરકાંઠા જિલ્લાની નવી પેઢી પર્યાવરણનું મહત્વ સમજી શકે અને જિલ્લાને હરીયાળો બનાવી શકાય તેવા શુભ આશય સાથે બાળ સાથે છોડના અભિયાન સાથે શાળા પ્રવશોત્સવનો પ્રારંભ થશે.

જિલ્લામાં ૧૪ અને ૧૫ જૂનના રોજ યોજાનાર શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ અંતર્ગત જિલ્લાની ૧૨૨૩ સરકારી પ્રાથમિક શાળા, ૧૯૯ માધ્યમિક શાળા૪ ૬૧ સરકારી ગ્રાન્ટેડ૪ ૫૦ આશ્રમ શાળાઓ૪ રાષ્ટ્રીય કમધ્યમિક શિક્ષણ અભિયાનની પાંચ અને કસ્તૂરબા ગાંધી વિધાલયની એક મળી કુલ ૧૫૩૯ શાળાઓના ૯૧૮૯ કુમાર અને ૯૨૬૨ કન્યાઓ મળી કુલ ૧૮૪૫૧ બાળકોનું નામાકંન કરવામાં આવશે.

જિલ્લામાં શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમમાં ખેડબ્રહ્મા તાલુકાની પ્રાથમિક શાળામાં મહેસૂલ મંત્રી શ્રી કૌશિકભાઈ પટેલ૪ આદિજાતિ વિકાસ નિગમ ચેરમેન શ્રીમતી રમીલાબેન બારા તેમજ રાજય હાથશાળા અને હસતકલા વિકાસ નિગમના ચેરમેન શ્રી શંકરભાઈ દલવાડી બાળકોનું નામાકંન કરાવશે.

## પાટણમાં વિશ્વ બાળશ્રમયોગી વિરોધી દિનની ઉજવણી

પાટણ

જિલ્લા બાળ સુરક્ષા એકમ, પાટણ દ્વારા "વિશ્વ બાળ શ્રમયોગી વિરોધી દિન" અંતર્ગત પાટણ જિલ્લામાં બાળ મજુરી અટકાયતના ભાગરૂપે વિવિધ પ્રકારની દુકાનો, હોટેલો , જેવી જગ્યાએ ફરી બાળ મજુરી ન કરાવવા અંગે બાંહેધરી પત્રકો ભરાવી બાંહેધરી મેળવવામાં આવ્યા હતા. સાથે સાથે બાળ સુરક્ષા અંતર્ગત વિવિધ પ્રકારની યોજનાઓ તથા અધિકારોના રક્ષણ માટે વિવિધ પ્રકારની પત્રિકાઓ તથા સ્ટીકરો જાહેર જગ્યાઓ ઉપર લગાવવામાં આવેલ. જિલ્લા સેવા સદન તથા જિલ્લા પંચાયતની વિવિધ કચેરીઓમાં બાળ મજુરી, ભિક્ષાવૃત્તિ, બાળ લગ્ન જેવા કાળજી અને રક્ષણની જરૂરિયાતવાળા બાળકોના રક્ષણ માટે નિયત પત્રકમાં વિવિધ અધિકારી/ કર્મચારીઓ પાસેથી પ્રતિજ્ઞા લેવડાવેલ. આ ઉપરાંત ચાઈલ્ડ લાઈન-૧૦૯૮ સાથે સંકલન કરી બાળકોની સુરક્ષા અંતર્ગત ચાઈલ્ડ લાઈનને ઉપયોગ કરવા જાહેર જનતાને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. કાયદાકીય જોગવાઈ બાળ મજુરી પ્રતિબંધ અધિનિયમ-૧૯૮૬ અન્વયે ૧૪ વર્ષથી નીચેના બાળકોને બાળ મજૂરીએ રાખવો એ દંડનીય અપરાધ છે. બાળકને મજૂરીએ રાખનારને રૂ.૨૦,૦૦૦/- થી રૂ.૫૦,૦૦૦/- સુધીનો દંડ અથવા છ મહિનાથી ૨ વર્ષ સુધી કેદ અથવા બંને સજાની જોગવાઈ છે.

કિશોર ન્યાય અધિનિયમ-૨૦૧૫ અન્વયે ૧૮ વર્ષથી નીચેના બાળકને બંધવા મજુર તરીકે રાખે, તેની આવક અટકાવે અથવા પોતાના હેતુ માટે વાપરે તેને ૫ વર્ષ સુધીની કેદ તથા ૧ લાખ રૂપિયા દંડની જોગવાઈ છે. (કલમ-૭૯) તેમ કેતન એ પ્રજાપતિ–જિલ્લા બાળ સુરક્ષા અધિકારીશ્રી પાટણ દ્વારા આપવામાં આવે છે. તેમ એક અખબારી યાદીમાં જણાવાયું છે.

## પાટણ ખાતે કલેકટરની અધ્યક્ષતામાં પ્રી-મોનસુનની મીટીંગમાં સમીક્ષા કરાઈ



પાટણ

જૂન માસના આરંભ સાથે પાટણ જિલ્લામાં ચોમાસાનો વરસાદ ખુબ નજીક ઉભો છે. ત્યારે આગામી ચોમાસા દરમિયાન ભારે વરસાદ અને અતિવૃષ્ટીની સ્થિતિમાં લોકોના જાન-માલનું રક્ષણ કરી શકાય તે માટે પાટણ જિલ્લાના વહીવટીતંત્રને તમામ આગોતરી વ્યવસ્થાઓ અને પ્રબંધન ગોઠવવા જિલ્લા કલેકટરશ્રી આનંદ પટેલે જિલ્લાના સંબધિત અધિકારીઓને અનુરોધ કર્યો હતો. ગઈ સાલે બનાસ નદીમાં આવેલા ભારે પુર દરમિયાન જિલ્લાના વહીવટીતંત્ર દ્વારા બચાવ અને રાહતની ખુબ સુંદર કામગીરી કરી અસરગ્રસ્તોને પુરતી સહાય આપી સલામતિ આપવામાં આવી હતી. ચોમાસામાં વરસાદી સ્થિતિ વચ્ચે ખાદ્ય પુરવઠો, પીવાના પાણીનું નિયમન સંચારી રોગોની અટકાયત, રસ્તાઓ અને ગ્રામીણ માર્ગોનું ત્વરીત સમારકામ, વીજ પુરવઠો, મચ્છર નિયંત્રણ, વરસાદમાં ૧૦૮ ની સેવાઓનું યોગ્ય નિયમન વગેરે બાબતો ઉપરાંત કલેકટરશ્રીએ જરૂરી સુચનો આપ્યા હતા. શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં સંભવિત અરસગ્રસ્ત વિસ્તારો માટે ખાસ તકેદારી રાખવા તેમજ શહેરી વિસ્તારોમાં પાણીના ભરાવા અને જોખમી બિલ્ડીંગો દુર કરવા બાબતે કલેકટરશ્રીએ સૂચના આપી હતી. વરસાદ દરમિયાન સંદેશા વયવહારનું યોગ્ય નિયમન હોસ્પિટલો અને આપત્તિ વ્યવસ્થાપન જેવી બાબતો અંગે યોગ્ય સંકલન ગોઠવવા પણ સુચનાઓ આપી હતી.

જિલ્લામાં નદીઓના પુરથી સંભવિત અસરથી અસરગ્રસ્ત થતા ગામો માટે માસ્ટર પ્લાન તૈયાર રાખવા, પુરની સ્થિતિ વચ્ચે કેસડોલ્શ, કોમ્યુનિકેશન પ્લાન, કંટ્રોલરૂમ, બોટ અને તરવૈયાઓની તૈયારી રાખવાની બાબત પર પણ અગ્રીમતા આપવા પણ જણાવ્યું હતું.

આ બેઠકમાં અધિક નિવાસી કલેકટર ફસર જસવંત જેગોડા, ડી.પી.ટાંક, એસ.ડી. ગીલવા, ડીઝાસ્ટર મામલતદાર આરતી વ્યાસ, નાયબ ડી.ડી. ઓ. એમ. એમ.ચૌહાણ સહિત મામલતદારો, ચીફ ઓફિસરો ઉપસ્થિત રહ્યા હતા.

## રાધનપુરમાં નિવૃત્ત મામલતદારનો વિદાય સમારોહ યોજાયો




રાધનપુર

રાધનપુરમાં નિવૃત્ત મામલતદાર ચંદ્રકાન્તભાઈ જીવરાણીનો વિદાય સમારોહ યોજવામાં આવ્યો હતો,પ્રાંત અધિકારી એસ.ડી.ગિલ્વાના અધ્યક્ષ સ્થાને યોજાયેલ સમારોહમાં નાયબ પોલીસ અધિક્ષક આર.પી. ઝાલા, રાધનપુર અને સાંતલપુરના મામલતદારો,પોલીસ ઈન્સ્પેક્ટર ડી.એચ. ઝાલા, તાલુકાના તમામ મહેસુલી કર્મચારીઓ, વિવિધ ખાતાઓના અધિકારીઓ -કર્મચારીઓએ ઉપસ્થિત રહીને ચંદ્રકાન્તભાઈ જીવરાણીની સેવાઓ,કોઠાસૂઝ અને વતન પ્રત્યેની લાગણીઓને બિરદાવી હતી.અને શાલ ઓઢાડી મોમેન્ટો આપીને દબદબાભેર સન્માન કર્યું હતું.

ચંદ્રકાન્તભાઈ જીવરાણીએ સન્માનથી ભાવવિભોર બનીને તમામનો આભાર માન્યો હતો.સમગ્ર કાર્યક્રમનું સંચાલન અશોકભાઈ પરમાર અને વિક્રમભાઈ ભોજકે કર્યું હતું.

## ઊંઝા ગ્રામ્ય વિસ્તારમાં અઢી મહિને વિજ બિલો ન મળતાં ગ્રાહકો મુશ્કેલીમાં

ઊંઝા

ઊંઝા ગ્રામ્ય વિસ્તારમાં વીજળી બીલો અઢી મહિને પણ ન બનવાના કારણે યુનિટ વધી જતાં ઓવર રાઈટ બીલોને કારણે ગ્રાહકોને વગર વાંકે દંડાવું પડી રહ્યું છે.

વિજ કંપનીની અનિયમિતતા અને તેની બેદરકારી ઉડીને આંખે વળગી રહેતાં આ બાબતે ઊંઝા ધારાસભ્યએ વીજ કંપનીને રજુઆત કરી ખુલાસો માંગતા મામલો ગરમાયો છે.

ઊંઝા ગ્રામ્ય પંથકમાં મોટેભાગે બે મહિને બીલો બને છે. પરંતુ આ વખતે અઢી માસ થયા છતાં વીજ બીલો નહિં બનતા યુનીટ વધી જતાં વીજદરોના સ્લેબ બદલવાને કારણે ઓછા બિલીંગની ભીતિથી વીજ ગ્રાહકોને દંડાવું પડે છે. આ બાબતે ઊંઝા ગ્રામ્ય કક્ષાએ વિરોધ થતાં કચેરીમાં તપાસ કરતાં સ્ટેશનરીના અભાવે વીજબીલો તૈયાર કરવામાં વિલંબ થયો છે.